બાળકના સર્વાંગી વિકાસને સમર્પિત શૈક્ષણિક સામયિક
ISSN: 2584-1777

# બાળવિશ્વ


વર્ષ-૧૩, અંક-૦૬, ઓગસ્ટ, ૨૦૨૫, કિંમત : ₹ ૫૦/-
પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮




તંત્રીઃ ડૉ. નીલેશ પંડ્યા | સંપાદકઃ ડૉ. કૃણાલ પંચાલ

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

### પ્રિ-નેટલ કેર વિભાગ દ્વારા રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં 'ધન્યોગૃહસ્થાશ્રમ' કાર્યક્રમ



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'ધન્યોગૃહસ્થાશ્રમ' કાર્યક્રમમાં ઉપસ્થિત દંપતિઓને બાળક ભવિષ્યમાં સમાજ, રાષ્ટ્ર અને માનવતાના કલ્યાણનો આધાર બની શકે છે, તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા, ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાંબેન પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, ગાંધીનગર(ઉત્તર)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. ટી.એસ. જોશી, ગૌ વિશ્વ વિદ્યાપીઠમના કુલગુરુ શ્રી ડૉ. હિતેશ જાની અને શહેરના પ્રતિષ્ઠિત નાગરિકો, શિક્ષકો અને યુવા દંપતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનો પાંચમો દીક્ષાંત સમારોહ યોજાયો



યુનિવર્સિટીના પાંચમાં દીક્ષાંત સમારોહ પ્રસંગે રાજ્યપાલશ્રીએ સૌ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી અને દેશ નિર્માણના કાર્યમાં પૂર્ણ સમર્પણ ભાવથી સહભાગી થવા અપીલ કરી હતી. આ પ્રસંગે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ, યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. નીલેશ પંડ્યા, યુનિવર્સિટીની વિવિધ કાઉન્સિલ્સના સભ્યો સહિત મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનો ૧૬મો સ્થાપના દિન ઉજવાયો



યુનિવર્સિટીના સોળમા સ્થાપના દિનની ઉજવણી ગાંધીનગર ટાઉનહૉલ ખાતે થઈ. જેમાં 'યજ્ઞ' વ્યાખ્યાન શ્રેણીનું ત્રીજુ વ્યાખ્યાન ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ દ્વારા રાષ્ટ્રીય 'શિક્ષણનીતિ-૨૦૨૦ : બદલાતાં પરિદૃશ્યો' વિષયક આપવામાં આવ્યું. જેમાં પુસ્તક વિમોચન, વાર્ષિક અહેવાલ, અધ્યાપક સન્માન કરવામાં આવ્યું હતું.

# બાળવિશ્વ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
વર્ષ : ૧૩, અંક : ૦૭
ઓગસ્ટ, ૨૦૨૫

તંત્રી
**ડૉ. નીલેશ પંડ્યા**
નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક
**ડૉ. કૃણાલ પંચાલ**
એસ્ટાબ્લિશમેન્ટ બ્રાંચ હેડ,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક મંડળ
**ડૉ. નીતિન પેથાણી**
**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**
**ડૉ. ટી. એસ. જોશી**
**ડૉ. નીલેશ પંડ્યા**

ડિઝાઇન અને ટાઇપ સેટિંગ
**દિગ્વિજયસિંહ વાઘેલા**

**Printed & Published by :**
Dr. Nilesh Pandya on behalf of
Children's Research University,
Subhashchandra Bose Shikshan Sankul,
Sector - 20, Gandhinagar

પત્રવ્યવહારનું સરનામું
**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,
સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨ ૦૨૧
ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯
ઈ-મેલ : balvishva@cugujarat.ac.in
વેબસાઈટ : www.cugujarat.ac.in
@crugandhinagar

## આ અંકમાં વાંચીશું...



## સર્જનાત્મકતા
### બાળકને મળેલી ઈશ્વરીય ભેટ

સંપાદકીય – ડૉ. કૃણાલ પંચાલ — ૦૨
સર્જનશીલ બાળકની ઓળખ અને સર્જનાત્મકતાની કેળવણી – ડૉ. મનહર ઠાકર — ૦૩
સૌંદર્યની કેળવણીનો કીમિયો – ડૉ. મહેન્દ્ર ચોટલિયા — ૦૫
સર્જનાત્મક બાળકોના વિકાસમાં કલ્પનાશીલ રમતો – ડૉ. મગનલાલ મોલિયા — ૦૯
ચાલો, શિક્ષણ દ્વારા બાળકને સર્જનશીલ બનાવીએ – ડૉ. જિજ્ઞાસા ચાવડા — ૧૩
પ્રશિક્ષણાર્થીઓની અધ્યાપનમાં સર્જનાત્મકતાનો અભ્યાસ – ડૉ. નીરજ રાજ્યગુરુ — ૧૫
વર્ગખંડમાં સર્જનશીલ બાળક અને તેનું શિક્ષણ – ડૉ. જયશ્રી કે. દવે — ૧૯
શિક્ષક એક સર્જનશીલ વ્યક્તિત્વ અને તેનું વર્તન – ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી — ૨૨
બાળકોની સર્જનાત્મકતા આધારિત સંશોધનોના નિષ્કર્ષોની ઝાંખી – પારસ વાઘેલા — ૨૫
સર્જનાત્મક ભારતીય વ્યક્તિઓ : જીવન અને પ્રદાન – ડૉ. વૈશાલી શાહ — ૨૮
સર્જનશીલ બાળક માટેની અધ્યાપન પદ્ધતિઓ – ડૉ. ઈલા એન. જાજલ — ૩૨
સર્જનાત્મકતાના વિકાસમાં માતા-પિતાની ભૂમિકા – પ્રો. ડૉ. અશ્વિન જનસારી — ૩૪
પંડની પેટીમાં પારસ છે પડ્યો – અખિલકુમાર દવે — ૩૬
વર્ગખંડમાં સર્જનશીલ બાળક અને શિક્ષકની ભૂમિકા – અરવિંદ કે. પટેલ — ૩૮
NEP 2020માં સર્જનશીલતા – બહાદુરસિંહ વી. વાળા — ૪૦
વિશિષ્ટ બાળકના સંદર્ભે સર્જનાત્મકતા અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ – ડૉ. મનીષા લાખાણી — ૪૨
પ્રકૃતિમાંથી પ્રગટે છે સર્જનાત્મકતા – ડૉ. ખુશ્બૂ ગરાળા — ૪૪
બાળકોમાં સર્જનાત્મકતા : વિશિષ્ટ અર્થ અને તેનું સ્વરૂપ – ડૉ. અલ્પેશભાઈ ચૌહાણ — ૪૭
સર્જનાત્મકતા: બાળકને મળેલી ઈશ્વરીય ભેટ – સાગર એ. ગાંધી — ૪૯
વિદ્યાર્થી અને શિક્ષકની સર્જનાત્મકતા – પરેશકુમાર વિ. ત્રિવેદી — ૫૨
સર્જનાત્મકતાની પાંખો – શમીમ મર્ચન્ટ — ૫૪
બાળકની સર્જનાત્મકતા વિકસિત કરવામાં શિક્ષકની ભૂમિકા – ડૉ. ફાલ્ગુની રાઠોડ — ૫૭
બાળક અને સર્જનાત્મકતા – નયનકુમાર સી. પરમાર, – રાજેન્દ્રકુમાર પરમાર — ૫૯
"સર્જનાત્મક બાળમન: 21મી સદીના આત્મનિર્ભર ભારત માટેની ચાવી" – ડૉ. તેજસ એ. ઠક્કર — ૬૨
'બાળવિશ્વ' વિશે — ૬૪

બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦/-
ઑનલાઇન ભરવા માટે QR Code સ્કેન કરો.

સંપાદકીય

# સર્જનાત્મકતા બાળકને મળેલી ઈશ્વરીય ભેટ



- ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

પ્રત્યેક બાળકમાં અસીમ સંભાવનાઓ અને સર્જન ક્ષમતાઓ હોય છે. માતાપિતા અને શિક્ષક તરીકે આપણે બાળકની સર્જનાત્મકતાના પોષક બનીએ એ જરૂરી છે. બાળક માર્કશીટમાં ઉત્તમ પર્ફોર્મન્સ આપે તેની સાથે જે પ્રવૃત્તિમાં તેને આનંદ છે, જે કામ કરવામાં તે વધારે ખંત દાખવી શકે છે, જે કામ એ સૌથી વધારે સારી રીતે કરી શકે છે તેમાં તેની સર્જનાત્મકતા રહેલી છે. આ સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે પ્રસ્તુત અંકમાં વિવિધ વિષયોની છણાવટ કરવામાં આવી છે.

**'સર્જનાત્મકતા : બાળકને મળેલી ઈશ્વરીય ભેટ.'** આ વિષય પસંદ કરવા પાછળનું કારણ સ્પષ્ટ છે કે આજના ઝડપી અને ટૅક્નોલૉજીના વિશ્વમાં બાળકોની સર્જનાત્મકતા જેવી અમૂલ્ય ભેટને સમજવી અને તેને પોષવી અત્યંત જરૂરી છે. ઈશ્વરે દરેક બાળકને આ ભેટ આપી છે પરંતુ તેને ખીલવવા માટે વાતાવરણ આપવું એ આપણા સૌની જવાબદારી છે. સર્જનાત્મકતા એ કોઈ કૌશલ્ય કે હુનર નથી જેને શીખી શકાય; તે તો બાળપણમાં જ જન્મજાત રીતે મળેલી દિવ્ય શક્તિ છે. એક નાનું બાળક રમતાં રમતાં કેવી અદ્ભુત વસ્તુઓનું સર્જન કરે છે ! તેના મનમાં વિચારોની અનંતધારા વહે છે. તેમાં કોઈ પૂર્વગ્રહ કે મર્યાદા નથી હોતી. પ્રાચીન ભારતીય શાસ્ત્રોમાં પણ આને ઈશ્વરીય અનુગ્રહ તરીકે વર્ણવાયો છે. જેમકે, ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાઓમાં સર્જનાત્મકતાનું અદ્ભુત પ્રતીક જોવા મળે છે. તેમની તોફાની રમતોમાંથી જ વિશ્વનું સર્જન અને રક્ષણનું તત્ત્વ ઝળકે છે. મનોવૈજ્ઞાનિક જીન પિયાજે કહે છે કે, ''બાળકોનું મન સ્વાભાવિક રીતે સર્જનાત્મક હોય છે, જે વાતાવરણથી પ્રભાવિત થાય છે.'' પરંતુ આજના સમયમાં આ ઈશ્વરીય ભેટને જોખમ છે. ગોખણપટ્ટી પર વધુ ભાર, સ્ક્રીનની આદત અને સ્પર્ધાત્મક વાતાવરણમાં બાળકોની કલ્પનાશક્તિ દબાઈ જાય છે. આ વિશેષાંકમાં સર્જનાત્મકતાને વિવિધ દૃષ્ટિકોણ અને આયામોથી તપાસીએ છીએ.

વિશેષજ્ઞોના લેખોમાં બાળમનોવિજ્ઞાનની ચર્ચા છે. બાળકોની સર્જનાત્મકતાનાં પ્રેરણાદાયી ઉદાહરણો છે અને સર્જકોના જીવનમાં તેના વિકાસનાં ઉદાહરણ પણ જોવા મળે છે. આપણા દેશના મહાન સર્જકોમાં રવીન્દ્રનાથ ટાગોરે બાળપણની સર્જનાત્મકતાને 'ઈશ્વરની કૃપા' તરીકે વર્ણવી છે, જે તેમની કૃતિઓમાં પ્રતિબિંબિત થાય છે. આ વિશેષાંક વાચકો, માતા-પિતા, શિક્ષકોને બાળકોની આ ભેટને ઓળખીને તેને પોષણ આપવામાં ઉપયોગી બનશે. ઘર અને શાળામાં એવું વાતાવરણ બનાવીએ કે જ્યાં દરેક બાળકની સર્જનાત્મકતા ખીલી ઊઠે અને વિશ્વને વધુ સુંદર બનાવે. આ વિશેષાંક વાંચીને તમારા વિચારો અમને જરૂર જણાવજો. પ્રતીક્ષા કરીશું.

**બાલદેવો ભવ**

# સર્જનશીલ બાળકની ઓળખ અને સર્જનાત્મકતાની કેળવણી



- ડૉ. મનહર ઠાકર
પૂર્વ પ્રિન્સિપાલ, સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર
મો. ૯૪૨૬૮૫૧૨૯૦

બાળકની મૌલિકતા, અનુકૂળતા અને કુતૂહલતા દ્વારા વિશેષરૂપે પ્રગટ થતી શક્તિ તેની સર્જનશીલતા ગણાય છે. સર્જનાત્મક વ્યવહાર અને મૂળ વ્યવહાર વચ્ચે ભેદ ઊભો કરવો એ તેવા બાળકનું લક્ષણ છે, જે પોતાને લાભદાયક સમજાય છે. સર્જનાત્મક બાળક પોતે એવું સમજનાર હોય છે કે મૂળ વ્યવહાર તે છે જે અપેક્ષિત રૂપમાં ઓછો જણાય અને પ્રાપ્ત પરિસ્થિતિમાં જે તે દશામાં પ્રાસંગિક કે યોગ્ય હોય. આ પ્રકારની મૌલિકતા અપનાવનાર બાળક સર્જનશીલ છે.

**પ્રતિભાશાળી અને સર્જનશીલ બાળક :**

પ્રતિભાશાળી અને સર્જનશીલ બાળક, આ બન્ને શબ્દો બાળક માટે ઊંચા પ્રકારના ખ્યાલ સાથે ઉપયોગમાં લેવાય છે. કારણ કે બન્નેમાં ઉચ્ચ બુદ્ધિ પ્રતિભાના દર્શન થાય છે. આ કોઈ આશ્ચર્યજનક વાત નથી કે સર્જનશીલ બાળક અને ઉચ્ચ બુદ્ધિમાન બાળક બન્ને સમાન યોગ્યતાવાળા ગણાય. પરંતુ વિકલ્પોના પરિણામે સામાન્ય રીતે સર્જનશીલ બાળકની સમજશક્તિ બુદ્ધિમાન બાળકની સરેરાશથી ઉપર હોય છે. તે એવી અધિક માત્રામાં હોય છે કે તદ્દન સરળતાથી તેનો ભેદ પારખી શકાય નહીં. ઉચ્ચ બુદ્ધિઆંક ધરાવતાં બાળકો સામાન્ય રીતે સરેરાશ બાળકો કરતાં પ્રવૃત્તિઓમાં વધુ પસંદ કરવામાં આવે છે અને ઉચ્ચ સર્જનાત્મક બાળકો ઓછાં પસંદ કરવામાં આવે છે. જેના માટે ખરેખર તો સર્જનશીલતા કે સર્જનશીલતા પરીક્ષણો દ્વારા માપન કરવું જોઈએ. છતાં સર્જનશીલતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે તે બુદ્ધિપૂર્વકનું હોવું જરૂરી છે.

**સર્જનશીલતા એક સમજદારી છે :**

સર્જનશીલતા એક સમજદારી છે. સર્જનશીલતા અને જ્ઞાનોપાસના વચ્ચે સંબંધ છે. તેની નજીકના સંબંધો સાથે જોડાવા માટે કેટલીક યોગ્યતાઓ જરૂરી હોય છે. જે ઉચ્ચ પ્રતિભાશાળી બાળકો તેવી યોગ્યતાઓને મૂલ્યવાન સમજે છે અને યોગ્યતા પ્રાપ્ત કરવા સમજદારીપૂર્વક સખત પ્રયત્નો કરે છે. તે સમજે છે કે સફળતાની તરફ પોતે જવાનું છે. પાયો. તે મને યાદ છે કે ઉચ્ચ સર્જનશીલ બાળકો ખૂબ જ ઉચ્ચ સફળતાની તરફ સમજદારી સાથે આગળ વધે છે. તે માટે પોતે પ્રાપ્ત કરવાની લાયકાતનો સમન્વય સાધે છે. ઉચ્ચ સર્જનશીલ બાળકો મૂલ્યવાન બાબતને સમજે છે અને યોગ્યતાઓ પરત્વે વિશ્વાસ કરે છે. એમ પોતે સફળતા પ્રાપ્ત કરે છે. એટલે સર્જનશીલ બાળકોને વધુ સફળતા મળે છે તેમ તેની ઉત્સુકતા વધે છે. સર્જનશીલ બાળક પોતે સ્વયંની ઓળખ કરી શકે તો શિક્ષણની તરફ તે વિશેષ ધ્યાન આપી શકે છે.આ પ્રકારે સ્વની ઓળખ તેના વિકાસમાં મદદરૂપ બની શકે છે.

**સર્જનશીલ બાળકની ઓળખ :**

સર્જનશીલ બાળકોની ઓળખ બે બાબતે બહુ કઠિન છે. એક તો સર્જનશીલ બાળક પોતાની માન્યતામાં મુશ્કેલી પેદા કરે છે. બીજું કારણ તેની ઓળખ બાબતે સમાજની પ્રતિક્રિયા છે. છતાં સર્જનશીલ બાળકમાં પ્રાજ્ઞ-સર્જનાત્મક વિચારો માટે કેટલાક પારસ્પરિક જ્ઞાનાત્મક સિદ્ધાંતો જરૂરી છે. તેમાં યાદ રાખવાની યોગ્યતા સામેલ છે. તેનામાં સંવેદનશીલતા, મૌલિકતા, સુશીલતા તથા માર્મિકતાની યોગ્યતા જરૂરી છે. સર્જનાત્મક બાળકમાં એ પણ યોગ્યતા હોવી જોઈએ જે સમસ્યાને ત્વરિત સમજી શકે. વળી, સમસ્યા ઉદ્ભવવામાં જે ગરબડ હોય તે પોતે જાણી શકે તેવી બુદ્ધિ પ્રતિભા પણ હોવી જોઈએ.

સર્જનશીલ બાળકમાં અભિપ્રેરણાત્મક રુચિ હોવાને લીધે તેને કુતૂહલ થયા કરે છે. તે સંબંધી વિચારોને પોતે કામે લગાડે છે. માત્ર એક ઉચ્ચ ઉપલબ્ધિ પ્રાપ્ત કરવાની તેની જરૂરિયાત રહે છે જે તેને લગાતાર લક્ષ્ય

તરફ જોડી રાખે છે. તે પડકારોને શોધે છે. તે જટિલતાઓને વધુ મહત્ત્વ આપે છે અને અનિશ્ચિતતાને સ્વીકારે છે. પોતે સર્જનાત્મક કાર્ય ભણી પૂર્ણપણે જોડાયેલો રહે છે.

**સર્જનશીલ બાળકની પ્રતિભાનો વિકાસ :**

કેટલાંક સર્જનશીલ બાળકોમાં ગાયન વિદ્યાની પ્રતિભા ત્રણ વર્ષની ઉંમરે, ચાર વર્ષની ઉંમરે ગીતો સ્વરબદ્ધ કરવા અને છ વર્ષની ઉંમરે પ્રવાસ પર્યટન કરવા, આઠ વર્ષની ઉંમરે જનતા સામે ગાયન પ્રદર્શન કરવું, હિન્દી ભાષાના અભ્યાસનો પ્રારંભ ત્રણ વર્ષની ઉંમરે અને આઠ વર્ષની ઉંમરે પુસ્તકોનું વાંચન, બાળવયે ગણિતના કોયડાનો ઉકેલ, નાની ઉંમરે ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ અને યુનિવર્સિટીમાં ડૉક્ટરેટની ઉપાધિ 18 વર્ષે પ્રાપ્ત કરી હોય તેવાં ઉદાહરણો મળ્યાં છે.

**બાળકો માટે સર્જનાત્મકતાની કેળવણી :**

નીચલા ધોરણના બાળકને સર્જનશીલતા પ્રદર્શિત કરવાની તક આપવી. પછીના ધોરણનાં બાળકોને સર્જનાત્મક કાર્યો માટે સતત પ્રેરિત કરતાં રહેવું. એ દરમિયાન સફળતા મેળવનાર બાળકો પોતાના વિચારોને ઉચ્ચ મૂલ્ય આપતાં થાય તેવું શીખવવું. લેખિત અભિવ્યક્તિમાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ મૌલિક લેખન કરતાં થાય તેવી પ્રેરણા સમજ આપતાં રહેવું. આ બાળકોના પ્રશ્નોમાં અભિપ્રાયપૂર્ણ ભાવ રાખવો. બાળકના કલ્પનાત્મક અને અસાધારણ વિચારો પ્રત્યે આદર દેખાડવો. બાળકોને બતાવો કે તેમના વિચારો મૂલ્યવાન હોય છે. બાળકોને અભ્યાસ અથવા અભ્યાસ માટે મૂલ્યાંકન કર્યા વિના સમસ્યા ઉકેલની તક આપવી. તેમને સ્વયં શીખવા માટે પ્રોત્સાહિત કરવાં અને મૂલ્યાંકન કરવું. એવા પ્રકારનું મૂલ્યાંકન કરવું કે બાળકને કારણ અને પરિણામ જોવાની યોગ્યતા પ્રાપ્ત થાય. સમસ્યા હલ કરવાની કલ્પના સર્જનાત્મકતા વિકાસ માટે મહત્ત્વની છે, તે સૂક્ષ્મ યોગ્યતાઓના વિકાસ માટે પણ યોગ્ય છે. બાળકની અભિવ્યક્તિનું પ્રદર્શન, ચિત્રમય, મૌખિક અથવા શારીરિક સ્વરૂપથી થવા દેવું, જે નવા આકાર અથવા વિચારોના ઉત્પાદન માટે જરૂરી છે. બાળકના સર્જનાત્મક પ્રયાસોની સફળતા ઉચ્ચ સ્તરીય સર્જનાત્મકતા સાથે સંબંધ ધરાવે છે. અસાધારણ પ્રકારે ચિંતન તથા વ્યવહાર કરવાની સાથે વર્તમાન પરિસ્થિતિને માન્ય રાખવી તે સર્જનશીલતા માટે અનિવાર્ય છે.

**બાળકની સર્જનશીલતા વધારવા માટે આટલું કરીએ :**

બાળકને શિક્ષણનાં અનેક પાસાંઓ માટે ઉત્તેજન આપીએ. જેવાં કે ભાષા, વાણી, ગતિ, સંગીત, ચિત્ર, રમત-ગમત વગેરે. કલા-સભામાં બાળકોની મૌલિક અભિવ્યક્તિ માટે તક આપવી. કથનમાં પ્રવાહિતા, મૌલિકતા, વિચાર ઉત્પાદન યોગ્યતાઓ, વિચારો અને આકારોના ઉત્પાદન માટે યોગ્યતાના વિકાસ માટેની તક ઊભી કરવી. પ્રારંભમાં આ બાળકોની રમત, ગાયન, આંગળી દ્વારા ચિત્ર બનાવવાની પ્રેરણા આપવી. આવા સ્તરની ટૅક્નિકલ કુશળતા, તેના ઉત્પાદનના ઉચ્ચ સ્તરનું કોઈ મૂલ્ય છે. જેમ બાળક મોટો થતો જશે તેમ વધુ કુશળતા અને ઉચ્ચ સ્તર પ્રગટ થતાં જશે. જે તક થકી બાળક આગળ જતાં કોઈ સ્તરે નિર્માણ અને કૌશલ્ય પ્રાપ્ત કરશે. બાળકની સર્જનશીલતાના વિકાસ માટે સમય આપવાની પણ જરૂર છે.

**બાળકની સર્જનાત્મકતાને પોષક શાળા ભાવાવરણ :**

શાળામાં એવું ભાવાવરણ હોવું જરૂરી છે કે બાળક પરંપરાગત રીતે રૂઢિઓનું પાલન ન કરે, બીજા દ્વારા પસંદ કરેલા વ્યવહારનો આધાર ન બને, દરેક વાતમાં ગણતરીપૂર્વક પણ તે અન્યને ખુશ ન કરે તો તેની પાસે એ બધાંના પાલનનો હઠાગ્રહ રાખવો ન જોઈએ. કારણકે તે પોતે સર્જનશીલતાનું લક્ષણ ધરાવે છે. એટલે કેટલીક બાબતે પોતે જુદો તરી આવે છે. તેને ઓળખીને સમજવાની જરૂર હોય છે. તેને શબ્દો દ્વારા ઉપદેશ આપવાને બદલે તેને જ સાંભળીએ અને સમજીએ, જો શાળામાં આ પ્રકારનું ભાવાવરણ બનશે તો બાળકની સર્જનાત્મકતાનો વિકાસ થતો જશે. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપીએ. બાળકના સર્જનાત્મક પ્રયત્નોને પુરસ્કૃત કરીએ. તેના સર્જનાત્મક વ્યક્તિત્વને પ્રોત્સાહન આપીએ.

# સૌંદર્યની કેળવણીનો કીમિયો



- ડૉ. મહેન્દ્ર ચોટલિયા
પૂર્વ અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર ભવન,
એસ.પી. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
મો. ૯૮૭૯૫૨૮૧૨૯

બહુ વાંચ્યું, અબ કુછ કરતે હૈ...

બે ઊંડા શ્વાસ લો. હમમ, સૌંદર્યના સ્વિમિંગ પુલમાં ધુબાકો મારવા તૈયાર... રેડી, સેટ, ગો...

આ ચિત્રને ધ્યાનપૂર્વક જુઓ. માત્ર જુઓ- સમગ્રને અને નાની નાની વિગતોને પણ નિહાળો.

ઓકે. હવે આંખ બંધ કરીને હલનચલન કર્યા વગર 10 સેકન્ડ તદ્દન શાંત બેઠા રહો. ચિત્રને તમારી અંદર ફેલાવા દો....!

...કેવું લાગે છે? ભીતર કયા હો રહા થા? એ બધું તમે તમને જ વ્હાલથી કહો.

યાદ આવે છે અત્યાર સુધીના તમારા જીવનમાં બનેલો એવો પ્રસંગ, ઘટના, જગ્યા, દૃશ્ય, કે વાર્તા-કવિતા-વિચાર જેના સંપર્કથી તમે બે ઘડી સુન્ન થઈ ગયા હતા. મન-મગજનાં બધાં વાજિંત્ર બંધ થઈ ગયેલાં. બસ, તમે હતા ને એ વિષય હતો. ત્યારે એવું તો શું થયેલું કે થોડીવાર સુધી તમને કંઈ જ ખબર ન રહીઃ ન કોઈ વિચાર, ન કોઈ શબ્દનો મનમાં થતો મૂંગો ગણગણાટ. બસ, એ ભાવાવસ્થા થોડો સમય રહી. એમાંથી મુક્ત થયા પછી જ તમે તમને કે આજુબાજુના કોઈને કહ્યું હોય કે 'મજા આવી ગઈ, આનંદ થયો, અદ્ભુત હતો એ અનુભવ.' હળવાશ આવી જાય, બધું સરસ સરસ લાગવા માંડે. ..આવું ફરીથી અનુભવવાની ઇચ્છા થઈ આવે ને તમે તમારા મિત્રો કે પ્રિયજનોને મળો ત્યારે એ અનુભૂતિની વાતો કર્યા જ કરો અને એની મજા પણ લો.

જો આવું તમને એક વાર કે બે-ચાર વાર થયું હોય તો એનો અર્થ એવો થાય કે તમારી પાસે ત્રણ પુરાવા

છેઃ (1) તમે સૌંદર્યને માણી શકો છો. (2) આનંદની પ્રાપ્તિ થઈ શકે છે. (3) આવું વારંવાર બની શકે છે. તો હવે આનંદમાં લીન કરી મૂકનાર સૌંદર્યાનુભૂતિના વિદ્યુત ચમકારાને સ્લો મોશનમાં જોઈ લઈએ. ને

સૌન્દર્ય શિખરની ટોચ પર પહોંચાડતાં પગથિયાં ચડવાનો સૈદ્ધાંતિક પરિશ્રમ પણ કરી લઈએ.

સૌંદર્ય અનુભવતી વખતે આપણી અંદર થતી ક્રિયાઓને આ ક્રમમાં મૂકી શકાયઃ

(1) સંવેદનશીલ ઇન્દ્રિયો દ્વારા સભાનતાથી પદાર્થ, ઘટના કે વિષયની સન્મુખ થવું.

(2) તે વિષયના સમગ્ર તેમ જ સૂક્ષ્મ અંશોનું સંયોજિત ગ્રહણ/આકલન કરવું

(3) મન-મગજમાં પડેલાં સંસ્કારો, જ્ઞાન, ટેવરૂપ પ્રતિક્રિયાઓ અને તેમાંથી ઊઠતા વિચારો તથા અર્થઘટનોનો નિગ્રહ કરવો/ 'ચૂપ બેસો' કહેવું

(4) વિચાર- તર્કથી મુક્ત થયેલા મગજમાં વિસ્મય, આશ્ચર્ય કે સ્તબ્ધતાના ભાવનો બોધ થવો, 'અહાહા. ..અહોહો..!'

(5) એ ભાવમાં રસાયેલું દર્શન ટકાવી તેને અસ્તિત્વમાં અવરોધ વગર પ્રસરવા દેવું.

(6) આંખ મીંચીને બહારથી આવતાં અન્ય ડેટા /દશ્યોને અટકાવી સૌંદર્ય-અનુભૂતિ જનિત આનંદની અવસ્થા માણવી.

(7) સમયના ભાન વગરની એ શુદ્ધ-આનંદ દશા કોઈ વિચાર કે બાહ્ય કારણથી સમાપ્ત થાય પછી હળવાશ, ઊર્જા, અને અકારણ પ્રેમનો અનુભવ થવો.

“અરેરે, આવી આનંદ સપ્તપદી આપણા નસીબમાં તો નથી લાગતી!” એવો નિઃસાસો ના નાખશો. તમને થશે કે સૌંદર્યને માણતાં કે આનંદાવસ્થાને પામવાનું શીખી/શીખવી શકાય ? જવાબ છેઃ હા, શીખવી શકાય. બચપણથી કે મોટપણે પણ આ બ્રહ્માનંદ સહોદર કહેવાતા

સૌંદર્યબોધ કે aesthetic senseની કેળવણી થઈ શકે છે.

માવતરો, વડીલો, મિત્રો ને શિક્ષકો સૌંદર્યબોધ માટે બાળકો અને સમવયસ્કોને પણ તૈયાર કરવાનું કામ કરી શકે છે. તે માટે કેટલીક સમજ અને સજ્જતાઓ વિકસાવવાની રહે છે.

**(1) બોધાત્મક સજ્જતા** : સમજો અને સમજાવો કે બધું જ સુંદર છે. જગતમાં કશું જ અસુંદર નથી. વસ્તુ, વ્યક્તિઓ, વિચારો, દશ્યો સ્વયં સુંદર કે અસુંદર નથી હોતાં. આપણા પોતાની જરૂરિયાત કે માનવ-પ્રાણી તરીકે જ વિચારવાની રીતના કારણે આપણને કેટલુંક ખરાબ કે ભૂંડું અને કેટલુંક સારું અને સુંદર લાગે છે. જંગલમાંથી કોઈ દીપડો ગામમાં આવીને બાળકને ફાડી ખાય તો તે આપણને ખરાબ લાગે. પણ જો આપણે તે દીપડાના ભાઈબહેન કે માવતર હોઈએ તો આપણા પ્રિય દીપુડાએ કરેલા સાહસ અને શૌર્યને બિરદાવીએ. માણસ હોવાથી આપણે આપણી પ્રજાતિના જીવો તરફ પક્ષપાત રાખીને માનવભક્ષી પ્રાણીઓને ખતરનાક ગણીએ છીએ. આ પ્રાકૃતિક જગતમાં સર્જન-વિસર્જનની ઘટનાઓ બનતી જ રહે છે. આવી સમજના કારણે.

યોગ્ય-અયોગ્ય જેવાં નૈતિક મૂલ્યાંકન અને ગમા-અણગમાના વિક્ષેપથી આપણા અનુભવો વણસી જતા નથી.

**(2) ઉત્ક્રાંતિ વિજ્ઞાન પરથી સમજાતા મુદ્દાઓ** : એવા જ જીવો લાંબું જીવે કે જે સ્વસ્થ ને મજબૂત હોય અને/અથવા નવાં કૌશલ્ય શીખવા જેટલી અક્કલ ધરાવતા હોય. માદાઓ એવા જ નરને પસંદ કરે કે જે સૌષ્ઠવ ધરાવે અને સશક્ત હોય. આવા નર વધુ સારી સંતતિ અને રક્ષણની ખાતરી આપે છે. આ રીતે પેઢી દર પેઢી દેખાવ, શક્તિ અને આવડતોમાં બહેતર જીવો પેદા થતા ગયા. મતલબ કે આજે આપણે જે કંઈ જોઈએ છીએ તે અમુક સો, હજાર કે લાખ વર્ષ પહેલાંના પૂર્વજો કરતાં વધારે સુંદર છે - શારીરિક અને/અથવા માનસિક રીતે. આ સેક્સ્યુઅલ સિલેક્શન એન્ડ બ્યુટી એન્હાન્સમેન્ટનો નૈસર્ગિક સિદ્ધાંત છે. જો તમારી પાસે ચિત્રો કે ફોટા હોય તો સરખાવી જુઓ તમારી ત્રણ-ચાર પેઢી પહેલાંના વડીલોના ચહેરા અને તમારા ને તમારાં બાળકોના ચહેરા.

**(3) ક્રિયાત્મક સજ્જતા** : અવલોકન કરવાની ધીરજ અને આવડત : આપણી ઇન્દ્રિયો બાહ્ય જગતને ડેટા કે માહિતી તરીકે આપણી અંદર લાવે છે. ઇન્દ્રિયોની સંવેદનશીલતા જેટલી વધારે તેટલો ડેટાપ્રવાહ વધારે. ત્વચા, કાન, આંખ, જીભ અને નાક જેટલાં સતેજ હોય તેટલી વધારે ને સ્પષ્ટ માહિતી મળે. જીવનના પ્રથમ પાંચ-સાત વર્ષમાં આ સજ્જતા પ્રાપ્ત કરી/ કરાવી લેવી પડે. પછીનાં વર્ષોમાં ટેવ,સંસ્કારો, સામાજિકીકરણ અને ભણતરને કારણે મનનું સર્જન થવા માંડે છે. મન જૂના અનુભવોને આધારે સરખામણી અને મૂલ્યાંકન યાંત્રિક રીતે કરે છે. જેથી મગજમાં નવા જ્ઞાનમાર્ગો તેયાર થઈ શકતા નથી. પ્રારંભિક વર્ષોમાં જો થોડીઘણી ઇન્દ્રિય-સંવેદનશીલતા બની ગઈ હોય અને પછીનાં વર્ષોમાં વિવિધ અનુભવોનો લેવાનો સમય અને તક મળતાં રહે તો મોટપણે પણ સૌંદર્યબોધ જળવાઈ રહે છે.

**(4) ભાવાત્મક સજ્જતા** : આ કંઈ ‘‘પ્રાપ્ત કરવાની’’ કે કશુંક ‘‘કરીને’’ મેળવવાની કળા નથી. આપણે પ્રત્યેક ક્ષણે કોઈને કોઈ ભાવસ્થિતિમાં તો હોઈએ જ છીએ; પરંતુ મન, ચિત્ત અને બુદ્ધિના આપોઆપ ને સતત ચાલતા ટ્રાફિક તેમજ આપણા વ્યવહારુ કામકાજને લગતા વિચારોને કારણે ભાવદશા વણસી જાય છે. આપણું મન સુખ-દુઃખ, ગમો-અણગમો, ખુશી-ગમ, ગુસ્સો-જુસ્સો પ્રેમ-ધિક્કાર જેવા આવેગો અને લાગણીઓ ઊભાં કરે છે. (બાળકમાં હજુ મન સર્જાયું ન હોવાથી તેને બધું જ સુંદર અને આનંદદાતા લાગે છે.) આ રીતે ભાવદશાને બગાડીને વિચારોનો વંટોળિયો ચડાવતા મન પાસે જ રિવર્સ ગિયરમાં જવાની અને પોતાને જ ના પાડવાની, મૌનમાં રહેવાની અને વિચાર-પ્રવાહોને પોતાનાથી અળગા થઈને જોવાની ક્ષમતા પણ છે. મન જો ચિત્તને શાંત કરી દે તો આપણને પજવતાં પડઘમ બંધ થઈ જાય છે અને શુદ્ધ ભાવદશા સર્જાય છે.

એવું પણ થાય કે આપણી સામે કોઈ ઘટના, દશ્ય કે

સ્મરણ આવે જે એટલું તીવ્ર હોય કે તે આપણા વિચારોને અટકાવીને આપણને ભાવસ્થિતિમાં લઈ જાય. ભલે આવી સ્થિતિ બે-ચાર સેકન્ડ કે એક મિનિટ ચાલે. પરંતુ એટલી વારમાં તો આનંદ અથવા રસનો અનુભવ થઈ જાય છે. સૌંદર્યની કે આનંદની અનુભૂતિ ઘણી બધી મિનિટો કે કલાકો સુધી ન ચાલે. એ તો આપણને વિભોરતા (એક્સ્ટસી)માં રમમાણ કરી દે. તે સ્થિતિમાં મન અને વિચાર ન હોવાથી સમયનું અસ્તિત્વ સમા થઈ જાય છે. "સમય તો થંભી ગયો હતો" જેવી અભિવ્યક્તિ એ ભાવદશા પૂરી થયા બાદ જ થઈ શકે છે. આપણે ક્યારેય એવું નથી કહી શકતા કે "અત્યારે સમય થંભી ગયો છે." કેમ કે વિચાર કરતાંની સાથે જ સમય પેદા થઈ જાય છે, અસ્તિત્વમાં આવે છે.

**(5) નવા નવા અનુભવો અને ઘટનામાં પ્રવેશવાનું સાહસિક વલણ** : જેમાં નાવીન્ય છે તેમાં સૌંદર્ય છે. અભૂતપૂર્વ સ્થિતિમાં આપણને અચંબો, વિસ્મય કે સ્તબ્ધતા થઈ આવે છે. આ પ્રકારની ભાવસ્થિતિઓમાં સૌંદર્ય અને આનંદનો પ્રાદુર્ભાવ થાય છે. જો તમે પરિચિત જગ્યા, પરિચિત સ્વાદ કે પરિચિત ગીત ફરીથી માણો તો તમને તેની સૌથી પહેલી વખતે થયેલી 'અનુભૂતિની સ્મૃતિ' ઘેરી વળે છે. તે સ્મૃતિમાં ગરકાવ થવાથી જૂની મજા જાગૃત થાય છે. પરિચિત જગ્યા, સ્વાદ, ગીત કે વિચારને ફરીથી અનુભવો ત્યારે "આમાંથી કંઈક નવું મળી આવે છે" એવું તમને થતું હોય તો એ આનંદ સૌંદર્યનો છે. જે ચિત્ર, કવિતા,ગીત, દૃશ્ય કે વ્યક્તિ એટલી વિશાળ હોય કે તેમાં તમે ઊતરી શકો અને કશુંક નવું પામી શકો ત્યારે આપણે સૌંદર્યનો અનુભવ કરીએ છીએ. આપણે સાંકડા જગતમાંથી વિશાળ જગતમાં પહોંચીને ભૂમા (અસીમતા)ને પામીએ છીએ. તે આપણને આનંદ આપે છે. વળી જ્યારે કોઈ ભવ્ય, વિશાળ, નવીન દૃશ્ય આપણી સામે આવી જાય ત્યારે આપણને 'હું આ બધું જોઈ રહ્યો છું' તેવું સાનભાન રહેતું નથી. આપણે પોતે પોતાના સાંકડા વિશ્વમાંથી નીકળીને અસીમના વિશ્વમાં ફેલાઈ જઈએ છીએ. આપણું સીમિત વ્યક્તિપણું રસમય બનીને વ્યાપક થઈ જાય છે ને ભૂમા વૈ સુખમ્: 'વિશાળતા એ જ આનંદ' એ સૂત્ર સિદ્ધ થાય છે.

સાવધાન! એવું ન માની લેશો કે ઉપરની સજ્જતા વિશેના મુદ્દા પાકેપાયે સમજાઈ ગયા એટલે આનંદલોકની ચાવી મળી ગઈ! સૌંદર્યની કેળવણી (અરે કોઈ પણ બાબતની કેળવણી પરિશીલન ઉર્ફે practice to do something માંગે છે.) પંચેન્દ્રિયની સક્રિય સંવેદનશીલતાના અનુભવજન્ય સંવર્ધનની પ્રક્રિયા છે.

**સૌંદર્યની કેળવણીને પોષક પ્રવૃત્તિઓ :**

સૌંદર્ય થકી અનુભવાતા આનંદને, રસને, માણવા માટે, માંહી પડ્યા તે મહાસુખ માણે, -નો અનુભવ કરાવવા માટે બાળકોને(મોટેરાઓને પણ) કેવી રીતે કેળવાય?

**(1) દૃષ્ટિ સૌંદર્યની કેળવણી** : પ્રારંભિક સ્તરે સૌને સામાન્ય રીતે સુંદર લાગતાં હોય તેવાં દૃશ્યો બતાવવાં. આંખ દ્વારા સૌથી વધારે માહિતી આપણી અંદર જાય છે. તે સ્મૃતિમાં ઘણી જગ્યા રોકે છે એટલે વધુ લાંબો સમય તેના પર પ્રક્રિયા થઈ શકે છે. બાળકોને પ્રાકૃતિક જગ્યા ઉપર ફરવા લઈ જાઓ. હેતુવિહીન રખડ્યા,રમ્યા બાદ ત્યાંના વૃક્ષ, ટેકરી,જમીન,પાણી,ઇત્યાદિનું નિરીક્ષણ, આકાશદર્શન ને પક્ષીદર્શન પણ કરાવો. પ્રકાશ, છાંયો, રંગ, આકારો વગેરે બતાવો, આંખોથી ઝીલવાનું કહો. સૂર્યાસ્ત, સૂર્યોદય, વરસાદ, ચાંદની વખતે દેખાતાં ખેતરો અને વૃક્ષો બતાવો. આથી આગળના તબક્કામાં વધુ સૂક્ષ્મ નિરીક્ષણમાં લઈ જાઓ. પાંદડા પરની ડિઝાઈન, પથ્થરોના આકાર,પથ્થરોની અંદરની ડિઝાઈન, પંખીના રંગ, પતંગિયાં, ઘાસની ડિટેઇલ જોવાનું, બતાવવાનું ને વર્ણન કરવાનું કહો. બાળકને સરખામણી કરવા ન દો. આ બધું જોઈને "કેટલું સરસ છે," "વાહ, સુંદર !" 'મજા આવી ગઈ' જેવું તમે પણ ન બોલો અને તેને બોલવાનું પણ ના કહો.

(આવાં વિધાનો 'આ સિવાયનું સુંદર નથી' એવું

મૂલ્યાંકન રજૂ કરે છે. ઉપરાંત આવું બોલવું તે સ્વાભાવિક ઉદ્‌ગાર નથી પરંતુ 'સારું લગાડવા' માટે ઊભો કરેલો પ્રતિભાવ છે, કૃત્રિમ છે.) બાળકોને કહો કે ઘરે જઈને મિત્રોને, મમ્મી-પપ્પાને વાત કરે કે ત્યાં શું શું જોયું હતું.

ઘરમાં ચિત્રો, અવનવી વસ્તુઓ બતાવો. ચિત્ર પ્રદર્શન, ઢીંગલીઘર, માછલીઘર, મેળાઓની મુલાકાત કરાવો. બાળકને ચિત્ર કરવા, રંગોળી કરવા માટે અને રંગ આપો, પણ "આવું ચિત્ર દોર, આવા રંગો પૂર", જેવી કોઈ સૂચના ન આપો. એ સાંભળીને બાળક તમારી પસંદગીનું ચિત્ર બનાવવાનો પ્રયાસ કરશે, પોતાની મૌલિકતા નહીં લાવી શકે. તેને જાતભાતની વસ્તુઓ, પથ્થરો, પાન, અજાયબ લાગતી કામની કે નકામી ચીજો ભેગી કરવા દો.

**(2) સ્પર્શ સૌંદર્યની કેળવણી** : કુદરતી અને માનવસર્જિત વસ્તુઓને બાળક અડકે, તેના પર હાથ ફેરવે, આંખ મીંચીને સ્પર્શની અનુભૂતિ કરે. કદ, આકાર, લીસાપણું કે વજન અનુસાર વસ્તુઓને જુદી પાડે, તેનું વર્ણન કરે, ને આવું કરવાનું મહાવરો કરે. ચીકણી, કાંટાવાળી, ધૂળવાળી એમ અલગ અલગ વસ્તુઓ અડકીને એને ઓળખવાનું અને કેવી લાગે છે તે વર્ણવવા કહો. "મને તો આ ગમે છે પેલી નથી ગમતી, તને કઈ ગમે છે?" એવા ભેદભાવમાં પડવા ન દો.

**(3) સ્વાદ સૌંદર્યની કેળવણી** : બાળકને કહો કે ખાદ્ય સામગ્રીને બરાબર ચાવીને, મોઢામાં ફેરવીને તેનો રસ લે. મોઢામાં ફેરવે, ક્યાં અડકે છે ત્યારે કેવો સ્વાદ આવે છે તે કહે. શરૂઆતમાં ગંદી, કડવી ફ્લેવરવાળી વસ્તુ ન ખવડાવો. જે સામગ્રીમાં ગંધ ઓછી અને સ્વાદ કે રસ વધારે હોય તેવી ચીજોથી પ્રારંભ કરો. "મને ભાવે છે, તને ભાવે છે કે નથી ભાવતું?" જેવા પ્રશ્નો પૂછીને મૂલ્યાંકન ન કરાવો. આગળ જતાં બધા જ સ્વાદવાળી વસ્તુઓ ખાવાની અને તેને અનુભવવાની પ્રૅક્ટિસ કરાવો.

**(4) ઘ્રાણ સૌંદર્યની કેળવણી** : વસ્તુઓને સૂંઘીને તેનો સ્વીકાર-અસ્વીકાર કરવાની પ્રાણીસહજ આવડત આપણામાં છે. પ્રાણીઓ અને બાળકો સૂંઘીને નક્કી કરે છે કે તે વસ્તુ પેટમાં જવા દેવા યોગ્ય છે કે કેમ. આ પ્રોગ્રામ માણસમાં જન્મથી જ પાકેપાયે ગોઠવાયેલો નથી હોતો. જે ગંધ વાસ્તવિક રીતે આરોગ્યપ્રદ ના હોય તેની ખબર પડી જાય છે. પરંતુ શાકાહારી, માંસાહારી કુટુંબમાં ગંધની સ્વીકૃતિ વાતાવરણ અને ટેવને કારણે પાકી થાય છે અને પછીથી બદલાતી પણ હોય છે. ફૂલ, પાન, કાચાં-પાકાં ફળ, લાકડું, કપડું, જેવી વસ્તુઓની ગંધ કે સુગંધ લેવાનો મહાવરો કરાવતા રહો.

**(5) સાદ સૌંદર્યની કેળવણી** : ધ્વનિ સૌથી સૂક્ષ્મ અને અમૂર્ત માહિતી કે ડેટા ગણાય છે. એટલે એનું સૌંદર્ય પામવાનું વધુ મુશ્કેલ બને છે. અલબત્ત બાળક ગર્ભમાં હોય ત્યારથી જ કેટલાક ધ્વનિ અને અવાજો સાંભળવા માંડે છે ને એમ વારંવાર સાંભળેલ પરિચિત ધ્વનિથી શાંત પણ થઈ જાય છે. ભય ઉપજાવનારા અવાજ પારખવાની શક્તિ પણ જન્મજાત હોય છે. કશું એકદમ ફાટે, ધડાકો થાય, ચીસ સંભળાય તો બધા બાળકો ભય અનુભવતા હોય છે. સ્વરની કેળવણી માટે હાલરડાં, ગીતો, કવિતાઓ સંભળાવતા રહો. પશુ-પક્ષી, નદી-સમુદ્ર, પવન-પાંદડાંના ધ્વનિને ધ્યાનથી સાંભળતાં શીખવો. વાદ્યસંગીત પણ એના ધ્યાન પર લાવો. બાળક અલગ-અલગ પ્રકારના અવાજ ઓળખે, અવાજ કાઢે. નાનો-મોટો મધ્યમ અવાજ પારખેઃ લાકડાનો, પ્લાસ્ટિકનો, કાગળનો, લોખંડનો. એમ જાણીતા અવાજો આંખ મીંચીને કે બહારથી આવતા અવાજોને પારખવાનો મહાવરો કરાવવો. ભયંકર અવાજ, મીઠો અવાજ, કર્કશ અવાજ, જેવાં વિશેષણો આપીને બાળકમાં લાગણીઓ ઊભી ન કરો. ગમા-અણગમા જેટલા ઓછા તેટલું વધુ સારું. એમ કરવાથી એને બધું જ સરસ, ગ્રાહ્ય અને અનુભવવા યોગ્ય લાગશે. પછીથી અનેક રાગનાં, ફિલ્મોનાં, સુગમ સંગીતનાં, ગીતો સંભળાવો; સાથે બેસીને સાંભળો. વાર્તાઓ, લલિત નિબંધો, નાટકો પણ સંભળાવો.

# સર્જનાત્મક બાળકોના વિકાસમાં કલ્પનાશીલ રમતો



- ડૉ. મગનલાલ એસ. મોલિયા
પ્રોફેસર, શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
મો. ૯૬૮૭૬૯૩૨૪૧

માનવ વિકાસ, સર્જનાત્મકતા, સમસ્યાનું નિરાકરણ અને વ્યક્તિગત વિકાસ માટે કલ્પનાશક્તિ મહત્ત્વપૂર્ણ છે. તે નવીન વિચારો માટે માનસિક કેનવાસ તરીકે કામ કરે છે, જે આપણને પરંપરાગત મર્યાદાઓથી આગળ ધપાવે છે. સારમાં, તે આપણા જ્ઞાનાત્મક ટૂલકિટનો અભિન્ન ભાગ છે, જે પડકારો, વ્યક્તિગત લક્ષ્યો અને વિશ્વની આપણી સમજણ પ્રત્યેના આપણા અભિગમને આકાર આપે છે. કલ્પનાશક્તિનું મહત્ત્વ સર્જનાત્મકતાને ઉત્તેજિત કરવાની, વ્યક્તિગત ઉત્ક્રાંતિને આગળ ધપાવવાની અને વધુ સહાનુભૂતિશીલ અને નવીન સમાજને વિકસાવવાની તેની શક્તિમાં રહેલું છે. કલ્પનાશક્તિ બાળપણનું એક આવશ્યક પાસું છે. ભલે તેઓ બોક્સને કિલ્લામાં ફેરવે કે જૂના જેકેટને સુપરહીરો કેપમાં ફેરવે, બાળકો તેમની કલ્પનાશક્તિનો ઉપયોગ તેમની આસપાસની દુનિયાને પરિવર્તિત કરવા માટે કરે છે.

કાલ્પનિક રમતનો અર્થ બાળકો દ્વારા નિર્ધારિત નિયમો અથવા માળખા વિના રમવાનો થાય છે. તેને નાટકીય રમત, ઢોંગ અથવા કાલ્પનિક રમત પણ કહેવામાં આવે છે. રમતની આ પદ્ધતિ બાળકોને અન્ય લોકોની ક્રિયાપ્રતિક્રિયાની રીતને પ્રતિબિંબિત કરીને તેમની સામાજિક કુશળતાનો અભ્યાસ કરવાની મંજૂરી આપે છે, જેનાથી સામાજિક ધોરણોની વધુ સારી સમજણ મળે છે. ઢોંગ રમવું એ બાળ વિકાસનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે કારણ કે તે બાળકોને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાની, જ્ઞાનાત્મક અને સામાજિક કુશળતા વિકસાવવામાં મદદ કરે છે. બાળકો ચોક્કસ પ્રોપ્સ અથવા રમકડાં વિના પણ કલ્પનાશીલ રમતમાં જોડાઈ શકે છે. કેટલીકવાર, સૌથી વધુ મજા મફત અથવા પુનઃઉપયોગી વસ્તુઓ સાથે આવી શકે છે. બાળકો ચાદર અને ખુરશીઓને ધાબળાના કિલ્લામાં ફેરવવાનો આનંદ માણી શકે છે. બીજી બાજુ, તેઓ એક વિશાળ કાર્ડબોર્ડ બોક્સમાંથી ઘર, ચાંચિયા જહાજ અથવા રોકેટ બનાવી શકે છે.

કારણ કે કલ્પનાશીલ રમત ખુલ્લી અને અસંગઠિત હોય છે, આ પ્રકારની રમત ફક્ત કલ્પના દ્વારા મર્યાદિત હોય છે. બાળકો કોણ છે અને શું થાય છે તેના પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે. તેઓ જે ઇચ્છે તે બની શકે છે - ફાઇવ-સ્ટાર રસોઇયા, અવકાશયાત્રી, ડૉક્ટર, નૃત્યનર્તિકા, પ્રાણી, પૌરાણિક પ્રાણી અથવા તેમની વચ્ચે કંઈ પણ. બાળકો વિશ્વને બચાવતા અને આકાશમાં ઊડતા સુપરહીરો બની શકે છે. તેઓ રોજિંદી પરિસ્થિતિઓનું પુનરાવર્તન કરી શકે છે અને તેમના જીવનમાં માતાપિતા, શિક્ષકો અને અન્ય પુખ્ત વયના લોકોની નકલ કરી શકે છે.

બાળકો કલ્પનાશીલ રમતનો ઉપયોગ ગમે તે રીતે કરે, તે તેમને પોતાને વ્યક્ત કરવામાં મદદ કરે છે અને સ્વસ્થ વિકાસને સરળ બનાવે છે.

**કલ્પનાશીલ રમતનું મહત્ત્વ** : તમારી કલ્પનાનો ઉપયોગ બાળપણનો એક સરળ ભાગ લાગે છે, પરંતુ તેનું મહત્ત્વ બાળકો માટે ફક્ત મજા માણવાથી આગળ વધે છે. તે બાળકોને મહત્ત્વપૂર્ણ જીવનકૌશલ્યો વિકસાવવામાં પણ મદદ કરે છે, જેમ કેઃ

**સર્જનાત્મકતા** : કલ્પનાશીલ રમતના મૂળભૂત ઘટકોમાંનું એક સર્જનાત્મકતા છે. કોઈ પણ મર્યાદા વિના, બાળકો શક્ય હોય ત્યાં સુધી તેમની કલ્પનાઓને પડકાર આપી શકે છે અને વિસ્તૃત કરી શકે છે. નવી વાર્તાઓ, પાત્રો અને વિચારો બનાવવાથી સર્જનાત્મક સંવેદનાઓ ઉત્તેજિત થાય છે. જેમ જેમ તેઓ મોટા થાય છે, સર્જનાત્મકતાનો ઉપયોગ ઉત્તેજના અને ઉત્સાહ પ્રેરિત કરે

છે.

**સ્વતંત્રતા** : નિર્ધારિત નિયમોનું પાલન કરવાને બદલે, બાળકોને કલ્પનાશીલ રમત દરમિયાન પોતાની રમતો બનાવવાની તક મળે છે. આ તેમને રમતના મેદાન પર સ્વતંત્રતાની ભાવના આપે છે.

**સમસ્યાનું નિરાકરણ** : બાળકો કલ્પનાશીલ રમત દરમિયાન સમસ્યાનું નિરાકરણ લાવવાનાં ઘણાં સ્વરૂપોનો ઉપયોગ કરે છે. નવા વિચાર માટે સામગ્રી પસંદ કરવી હોય કે સામાન્ય ઘરગથ્થુ સામગ્રીમાંથી કંઈક બનાવવું હોય, કલ્પનાશીલ રમત બાળકોને સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે પ્રેરિત કરે છે. આ કુશળતા રમત દરમિયાન ઊભી થતી સમસ્યાઓ દરમિયાન પણ વિકસે છે, જેમ કે જો બે રમતના સાથીઓ એક જ પાત્ર તરીકે રમવા માંગે છે અથવા દૃશ્ય અલગ રીતે જોવા માંગે છે. સમસ્યાનું નિરાકરણ એ એક મહત્ત્વપૂર્ણ સાધન છે જેનો ઉપયોગ બાળકો તેમના જીવનભર કરતાં રહેશે. કલ્પનાશીલ રમત દરમિયાન, બાળકોને સુરક્ષિત અને નિયંત્રિત વાતાવરણમાં આ કૌશલ્ય વિકસાવવાની તક મળે છે.

**બાળ વિકાસ પર કલ્પનાશીલ રમતની અસરો** : બાળકોને નવી કુશળતા શીખવામાં મદદ કરવા ઉપરાંત, કલ્પનાશીલ રમત વિકાસનાં ઘણાં સ્વરૂપો માટે મહત્ત્વપૂર્ણ છે. સામાજિક કુશળતાથી લઈને શારીરિક વિકાસ સુધી, કલ્પના તંદુરસ્ત પુખ્તાવસ્થા માટે જરૂરી ઘણાં મહત્ત્વપૂર્ણ વિકાસલક્ષી ક્ષેત્રોમાં મદદ કરે છે. સૌથી સારી વાત એ છે કે, બાળકો કલ્પનાશીલ રમત દરમિયાન એટલી મજા કરશે કે તેઓ વિકાસલક્ષી પાઠ પર ધ્યાન આપશે નહીં. કલ્પનાશીલ રમત ચોક્કસ વિકાસલક્ષી ક્ષેત્રોમાં કેવી રીતે મદદ કરે છે તેના પર નજીકથી નજર નાખો :

**સામાજિક અને ભાવનાત્મક વિકાસ** : કલ્પનાશીલ રમતનાં ઘણાં સ્વરૂપોમાં અન્ય પાત્રો તરીકે ભૂમિકા ભજવવાનો સમાવેશ થાય છે. બાળકો રસોઇયા, કલાકાર, અવકાશયાત્રી અથવા વચ્ચે કંઈ પણ બનવાનો પ્રયાસ કરવા માંગતા હોય, ભૂમિકા ભજવવાથી તેઓ બીજા કોઈના સ્થાને પગ મૂકી શકે છે. જેમ જેમ તેઓ કોઈ અલગ વ્યક્તિ બનવાનો અનુભવ કરે છે, તેમ તેમ તેઓ સહાનુભૂતિ વિકસાવવાનું શરૂ કરે છે. તેઓ અન્ય લોકોના દૈનિક જીવન અને સંભવિત સંઘર્ષોનો અનુભવ કરે છે. બદલામાં, તેઓ અન્ય લોકોની લાગણીઓની સમજણ વિકસાવે છે. ઢોંગ રમવાથી આત્મસન્માનમાં પણ મદદ મળે છે. જેમ જેમ બાળકો તેમનાં આદર્શ પાત્રો પસંદ કરે છે, તેમ તેમ તેઓ જે ઇચ્છે છે તે કરવા માટે આત્મવિશ્વાસ વિકસાવે છે. રમતના સમય પછી પણ, તેઓ યાદ રાખે છે કે તેમની પાસે તેઓ જે કરવાનું વિચારે છે તે કરવાની ક્ષમતા છે. કાલ્પનિક રમત બાળકોને નવી સામાજિક ઓળખ અને ક્રિયાપ્રતિક્રિયાઓને સુરક્ષિત રીતે ચકાસવાની તક પણ આપે છે. કાલ્પનિક રમત મહત્ત્વપૂર્ણ સામાજિક કુશળતામાં પણ મદદ કરે છે. જ્યારે બાળકો અન્ય લોકોને તેમની વાર્તાઓમાં આમંત્રિત કરે છે, ત્યારે તેઓ સહકારનું મૂલ્ય સમજવાનું શરૂ કરે છે. રમતો ચાલુ રાખવા માટે, બાળકોએ સહયોગ અને શેર કરવું જોઈએ. તેઓ આવેગ નિયંત્રણ અને મિત્રતા બનાવવાની ક્ષમતા જેવી કુશળતા વિકસાવી શકે છે.

**કલાત્મક વિકાસ** : કાલ્પનિક રમત કલાત્મક ક્ષમતાઓને પણ વધારે છે. જેમ જેમ તેઓ પોતાની વાર્તાઓ અને વિચારો બનાવે છે, તેમ તેમ બાળકો કલાત્મક પ્રયાસો માટે નવી પ્રશંસા મેળવી શકે છે. બાળકો જેટલા સર્જનાત્મક હશે, તેટલી જ શક્યતા વધુ હશે કે તેઓ પુખ્ત વયના લોકો તરીકે આ કુશળતાનો ઉપયોગ કરશે. કાલ્પનિક રમત બાળકોને વિવિધ પ્રકારની કલાનો પરિચય પણ કરાવી શકે છે અને તેમને નવાં પુસ્તકો અને ફિલ્મો શોધવા માટે પ્રેરણા આપી શકે છે.

**શારીરિક વિકાસ** : ઘણા પ્રકારની સર્જનાત્મક રમત બાળકોને સક્રિય રહેવા અને કસરત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. કાલ્પનિક રમત સ્થૂળ અને ફાઇન મોટર કુશળતા બંને માટે ઘણી પ્રૅક્ટિસ આપી શકે છે, ખાસ કરીને નાનાં બાળકો માટે. જેમ જેમ બાળકો રમે છે, તેમ તેમ તેઓ ચડવા અને કૂદવા જેવી સ્થૂળ મોટર કુશળતાનો ઉપયોગ કરે છે. તેઓ પ્રાણી હોવાનો ડોળ કરી શકે છે અને ચોક્કસ

રીતે ચાલી શકે છે અથવા સુપરહીરોની જેમ ઊડતા હોય તેવું વર્તન કરી શકે છે. બાળકો જ્યારે નકલી પૈસા અને સિક્કા, ખોરાક, ડ્રેસિંગ ઢીંગલી અને નાની કાર સાથે રમે છે ત્યારે પણ સુંદર મોટર કુશળતાનો ઉપયોગ કરે છે. નકલી રમત નાનાં બાળકોને તેમની હિલચાલ અને વર્તનને સ્વ-નિયમન કરવાનું શીખવામાં પણ મદદ કરે છે. જ્યારે તેઓ વાર્તાઓ અથવા અવરોધોમાંથી કામ કરે છે, ત્યારે તેઓ અવકાશમાં તેમનાં સ્થાનો અને તેમની ક્રિયાઓ અન્ય લોકો પર કેવી અસર કરે છે તે વિશે વધુ જાગૃત બને છે.

**ભાષા વિકાસ અને વાતચીત કૌશલ્ય** : કલ્પનાશીલ રમત વાતચીત વિકાસ માટે પણ મહત્ત્વપૂર્ણ છે. બાળકો રોજિંદી પરિસ્થિતિઓ અથવા ફિલ્મો અને પુસ્તકોમાંથી તેમનાં મનપસંદ દૃશ્યોનો અભિનય કરી શકે છે. તેઓ માતાપિતા, શિક્ષકો, ભાઈ-બહેનો અથવા મનપસંદ ફિલ્મ પાત્રોનું અનુકરણ કરી શકે છે. જ્યારે તેઓ નવી ભૂમિકાઓ ભજવે છે, ત્યારે બાળકો વિવિધ વાતચીત શૈલીઓનો પ્રયોગ કરે છે. ઉદાહરણ તરીકે, તેઓ અલગ અવાજનો સ્વર ધારણ કરી શકે છે અને તેમનાં માતાપિતાની જેમ વર્તન કરતી વખતે વિવિધ શબ્દોનો ઉપયોગ કરી શકે છે. આ પ્રવૃત્તિ તેમને શીખવે છે કે વ્યક્તિ અને પરિસ્થિતિ પ્રમાણે ભાષા કેવી રીતે બદલાય છે. બાળકો કલ્પનાશીલ રમત દરમિયાન સાંભળવાની કુશળતાનો પણ અભ્યાસ કરે છે. રમવાનું ચાલુ રાખવા માટે તેમને અન્ય લોકોને સાંભળવું પડે છે, અને આ તેમને અન્ય બાળકોની લાગણીઓ અને વિચારોને ધ્યાનમાં લેવા માટે પ્રોત્સાહિત કરે છે. જેમ જેમ તેઓ સાંભળે છે, તેમ તેમ તેઓ ભાષા પાછળનો અર્થ શોધે છે, જે લેખિત અને બોલાયેલા શબ્દો વચ્ચેના જોડાણને મજબૂત બનાવે છે.

**બાળકોમાં સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવું** : પુખ્ત વયના લોકોએ કલ્પનાશીલ રમતને પ્રોત્સાહન આપવાના રસ્તાઓ શોધવા જોઈએ. જ્યારે પણ તકો આવે છે, ત્યારે બાળકોને આગેવાની લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. જો તેમને વિચારોમાં મદદની જરૂર હોય તો તમે સામાન્ય સૂચનો અથવા માર્ગદર્શન આપી શકો છો, પરંતુ મોટાભાગના સમયગાળા માટે બાળકોને જવાબદાર રહેવા દો. આ નેતૃત્વ તેમની સ્વતંત્રતા, સમસ્યાનું નિરાકરણ અને નિર્ણય લેવાની કુશળતાનું નિર્માણ કરશે.

**કલ્પનાશીલ રમતને પ્રોત્સાહન આપવા માટેની ટિપ્સ** : ભલે તમે શિક્ષક હો, માતાપિતા હો કે બાળકના જીવનમાં અન્ય મહત્ત્વપૂર્ણ પુખ્ત વયના હો, કલ્પનાશીલ રમતને પ્રોત્સાહન આપવાની ઘણી રીતો છે. સંપૂર્ણ વિકાસલક્ષી લાભો મેળવવા માટે શક્ય હોય ત્યાં કલ્પનાને સરળ બનાવવી મહત્ત્વપૂર્ણ છે.

આ પ્રકારની ટિપ્સનો ઉપયોગ કરીને બાળકો તેમની કલ્પનાશીલ રમતથી શરૂઆત કરી શકે છેઃ

- રમતની તારીખો શેડ્યૂલ કરવી
- પ્રોપ્સ પૂરા પાડવા
- વિચારોને ઉત્તેજિત કરવા માટે પુસ્તકો વાંચવા અને ફિલ્મો જોવી
- ઘરની આસપાસ કપડાં અથવા વસ્તુઓ પાત્રો અથવા વાર્તાઓ કેવી રીતે બનાવી શકે છે તે બતાવવું
- પૂછવામાં આવે તો કલ્પનાશીલ રમતમાં ભાગ લેવો
- સકારાત્મક શબ્દો સાથે આ રમતને પ્રોત્સાહિત કરવી

**કલ્પનાશીલ રમતના વિચારો** : અહીં કેટલાક કલ્પનાશીલ રમતના વિચારો અને ઢોંગી રમતો છે જેનો ઉપયોગ તમે બધી ઉંમરના બાળકોમાં સર્જનાત્મકતા અને સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કરી શકો છો :

**દૃશ્યો બનાવો** : તમે બાળકોને રમતના દૃશ્યો સૂચવીને શરૂઆત કરવામાં મદદ કરી શકો છો. ભલે તેઓ અવકાશયાત્રીઓ, કરિયાણાની દુકાનના દુકાનદારો અથવા રેસ્ટોરન્ટના વેઇટર તરીકે ડોળ કરવા માંગતા હોય, તેમને એક ઉત્તેજક વિચાર આપીને તેમની કલ્પનાઓને આગળ ધપાવવામાં મદદ કરી શકે છે. આગામી દૃશ્યોમાં ભૂમિકા ભજવવાથી તેમની ચિંતા દૂર કરવામાં પણ મદદ

મળી શકે છે.

**બ્લોક્સ સાથે રમો** : બધી ઉંમરના બાળકો બિલ્ડિંગ બ્લોક્સ સાથે રમવાથી લાભ મેળવી શકે છે. નાનું બાળક હોય કે પ્રાથમિક શાળાનું, બ્લોક્સ સર્જનાત્મકતા, તાર્કિક વિચારસરણી અને મોટર કૌશલ્યને પ્રોત્સાહન આપે છે. બાળકો જટિલ ડિઝાઇન માટે બ્લુપ્રિન્ટ્સ બનાવીને અથવા અચાનક માળખું બનાવીને તેમના સર્જનાત્મક સ્નાયુઓને ફ્લેક્સ કરશે.

**ઈન્ડોર ઑલિમ્પિક્સનું આયોજન કરો** : વરસાદના દિવસો અંદર કલ્પનાને પ્રોત્સાહન આપવાની એક શ્રેષ્ઠ તક છે. ઈન્ડોર ઓલિમ્પિક્સ યોજીને કલ્પનાશીલ રમત દરમિયાન થોડી શારીરિક પ્રવૃત્તિનો સમાવેશ કરો. ટિશ્યૂ-બોક્સ સ્પીડ સ્કેટિંગ અથવા સ્ટ્રો સાથે ભાલાફેંક જેવી વિવિધ ઈવેન્ટ્સમાં ભાગ લો. તમે ઢોંગી ઉદ્‌ઘાટન અને સમાપન સમારોહનું આયોજન કરવા માટે વિતરણ અને ડ્રેસ અપ કરવા માટે કાર્ડબોર્ડ મેડલ પણ બનાવી શકો છો. આ પ્રવૃત્તિ ખાસ કરીને વાસ્તવિક ઑલિમ્પિક્સ દરમિયાન મનોરંજક હોય છે, કારણ કે બાળકોને વાસ્તવિક દુનિયાનું પ્રતિબિંબ પાડવું ગમે છે.

**કાર્ડબોર્ડ બોક્સનું રૂપાંતર કરો** : એક મોટું કાર્ડબોર્ડ બોક્સ કલ્પનાશીલ રમત માટે શ્રેષ્ઠ મફત સંસાધનોમાંનું એક છે. કાતર, માર્કર અને ટેપ વડે, તમારું બાળક બોક્સને લગભગ કોઈ પણ વસ્તુમાં રૂપાંતરિત કરી શકે છે. બાળકો તેમના બોક્સને કાર, ઘર, રોકેટ જહાજ અથવા અન્ય કંઈ પણ છે તેવું ડોળ કરી શકે છે જે તેઓ કલ્પના કરી શકે છે. તેઓ રણદ્વીપ પર ફસાયેલા હોવાનો ડોળ કરવા માટે બોક્સને સપાટ અને સજાવટ પણ કરી શકે છે.

**વાંચન દિનચર્યા શરૂ કરો** : દરરોજ વાંચન કલ્પના વિકસાવવામાં મદદ કરે છે. બાળકો અવિસ્મરણીય વાર્તાઓમાં ખોવાઈ જતા સાહિત્યિક કૌશલ્ય બનાવી શકે છે.

**કલા પ્રોજેક્ટ્સને પ્રોત્સાહિત કરો** : કલા સંગ્રહાલયોની મુલાકાત લો અને ઘરે કલા પ્રોજેક્ટ્સ કરો. ચિત્રકામ, ચિત્રકામ, શિલ્પ, ઘરેણાં, કોલાજ અને કાપડ સહિત તમામ પ્રકારનાં માધ્યમોનું અન્વેષણ કરો. બાળકોને રંગો, ટેક્સ્ચર, મીડિયા અને નવા વિચારોનું અન્વેષણ કરવાની સ્વતંત્રતા આપો.

**પ્રશ્નો પૂછો** : પ્રશ્નો પૂછવાથી તમારાં બાળકો સર્જનાત્મક રીતે વિચારતાં રહે છે. ઉદાહરણ તરીકે, તેમને પૂછવું કે તેઓ સંભવિત પરિસ્થિતિઓમાં શું કરશે અથવા તેઓ પુસ્તક અથવા ફિલ્મ વિશે શું વિચારે છે તે સર્જનાત્મક વિચારોને સરળ બનાવવામાં મદદ કરે છે.

**રમકડાં દ્વારા સર્જનાત્મકતાને ટેકો આપો** : સૂચનાઓનું પાલન કરવું એ શીખવા માટેનું એક મહત્ત્વપૂર્ણ કૌશલ્ય છે, પરંતુ બાળકોને સૂચનાઓથી ભટકવા માટે પ્રોત્સાહિત કરવાથી રમકડાંનો ઉપયોગ કરવાની સર્જનાત્મક રીતોને પ્રોત્સાહન મળી શકે છે. બાળકોને વિવિધ પ્લેસેટ્સના ભાગોને મિશ્રિત અને મેચ કરવાની મંજૂરી આપવાથી તેઓ તેમની કલ્પનાઓમાંથી રચનાઓ બનાવવા માટે પ્રેરણા મળે છે.

**વધારાનો સમય આપો** : કલ્પનાશીલ રમતનો એક મહત્ત્વપૂર્ણ ભાગ તેનો અસંગઠિત સ્વભાવ છે. મફત રમત માટે સમય છોડવાનું યાદ રાખો, જે બાળકોને તેમના પોતાના વિચારો વિશે વિચારવા માટે પ્રોત્સાહિત કરે છે. ઉપકરણો પર સમય મર્યાદિત કરવાનો પ્રયાસ કરો અને તેના બદલે મફત સમય આપો. સામાન્ય રીતે 'કંટાળા'ના સમયગાળા દરમિયાન બાળકો શરૂઆત કરવા માટે તેમની સર્જનાત્મકતાનો ઉપયોગ કરે છે.

**બહાર નીકળો** : પ્રકૃતિમાં ઘણો સમય વિતાવવાનો પ્રયાસ કરો. બાળકોને ઋતુઓ વિશે વિચારવા અને હવામાનમાં થતા ફેરફારો દર્શાવવા માટે સમય આપો. ઉદાહરણ તરીકે, તમે વાદળો જોવા જઈ શકો છો અને રસપ્રદ આકારો વિશે વાત કરી શકો છો. તમે ચોક્કસ ઉંમરે વિકાસલક્ષી લક્ષ્યોને લક્ષ્ય બનાવવા માટે કલ્પનાશીલ રમતનો પણ ઉપયોગ કરી શકો છો:

# ચાલો, શિક્ષણ દ્વારા બાળકને સર્જનશીલ બનાવીએ...



- ડૉ. જિજ્ઞાસા ચાવડા
શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ
ટીચર્સ કૉલેજ, સંત કબીર રોડ, રાજકોટ.
મો. ૯૪૨૬૮૫૩૧૧૧

શિક્ષણમાં બાળકને માટે જાણવાનો આનંદ જ પાયાની બાબત છે. જ્ઞાનની સાથે સર્જનાત્મકતા દૃઢ કરવા જ્ઞાનપ્રાપ્તિના ક્રમમાં વિચારશક્તિ, કલ્પનાશક્તિ અને સર્જનશીલતાના વિકાસ પર ભાર મૂકવાનો છે. બાલ્યાવસ્થાથી જ બાળકના મગજ પર સ્મરણ શક્તિનો બોજો નહિ વધારતાં તેમને વિચારશક્તિ અને કલ્પનાશક્તિ વિકસાવવાની તક આપવી જોઈએ. જેથી તેની સર્જનાત્મક શક્તિ વિકાસ પામે. કેમ કે, જીવનયાત્રા માટે ઉભયની આવશ્યકતા છે.

**સર્જનશીલતાના પાયામાં બાળકની મૌલિકતા પર ભાર :**

સર્જનાત્મકની કેળવણી સૌથી વધુ બાળકની મૌલિકતા પર ભાર મૂકવો છે. સર્જનશીલતાની દૃષ્ટિ વ્યક્તિમાંથી ઉદ્‌ભવે છે અને સમષ્ટિમાં પરિણમે છે. શિક્ષણની સર્જનાત્મકતાની પણ આ જ ગતિ હોય તેવી શિક્ષણની પદ્ધતિ અને પ્રયુક્તિઓ હોવી જોઈએ . મનુષ્યનો જન્મ પરમ ચેતનાની સર્જનશીલતામાંથી થયો છે. શિક્ષણ ચિંતનમાં જીવન એક સર્જનાત્મક મૂલ્યના સ્વરૂપે પ્રગટ થવું જોઈએ. માનવજીવન અને પ્રકૃતિમાં વ્યાપ્ત સર્જનબોધક તત્ત્વો માટેનો અનુરાગ, પ્રકૃતિ અને જીવનના સર્જનના અનુરાગમાંથી જ આનંદ અને વિસ્મયનું સર્જન થાય છે.

સૃષ્ટિમાં પ્રજીવકોનું સર્જન માણસને સ્વાસ્થ્ય અને શક્તિ બક્ષે છે તેમ વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓનાં પ્રજીવકો બાળકને માનસિક વિકાસમાં ગતિશીલતા અને સંવાદિતાના પ્રાદુર્ભાવ દ્વારા સર્જનાત્મક વ્યક્તિત્વ વિકાસવામાં સહાયતા કરતાં હોય છે.

**વિવિધરંગી વિષયો અને પ્રવૃત્તિઓ :**

બાળકના દૈનિક જીવનને સ્પર્શતા વિષયો, માત્ર બૌદ્ધિક જ નહિ, આર્થિક સમસ્યાઓને ઉકેલે તેવા વ્યાવસાયિક તાલીમના વિષયો ઉપરાંત બાળકોમાં આંતરરાષ્ટ્રીય સમજ રીતભાત તથા સાહિત્યની સમજ ખીલવે તેવા વિષયોને અભ્યાસક્રમમાં આવરી લેવા જોઈએ.બાળકની સર્જનશીલતાના વિકાસ માટે ઇતિહાસ, ભૂગોળ, ખેતી, પ્રકૃતિ નિરીક્ષણ તથા વ્યાવહારિક વિજ્ઞાનની સાથે સાથે બાગાયતી કામ, પ્રયોગશાળા, ચિત્ર, મૌલિક કલાસર્જન, વિભિન્ન વસ્તુઓનો સંગ્રહ, વિવિધ ઉદ્યોગ જેવા કે હસ્તકલા, ચર્મકામ, કાંતણ, વણાટ, માટીકામ, પ્રદર્શન, નૃત્ય, નાટક, સમાજસેવા, સ્વયંશિક્ષણ જેવા વિવિધ રંગી વિષયો અને પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને આધુનિકરૂપે શિક્ષણ આપવું.

**માનસશાસ્ત્રીય વિચારધારા :**

બાળકમાં સર્જનશીલતાના વિકાસ માટે શિક્ષણપદ્ધતિ વિશેની વિચારણા બહુધા માનસશાસ્ત્રીય વિચારધારા પર આધારિત છે. જ્ઞાત વસ્તુઓના જ્ઞાન પરથી અજ્ઞાન તરફ લઈ જતી શિક્ષણપદ્ધતિને તે માટે અસરકારક ગણવામાં આવી છે. જે કંઈ પરિચિત છે તેને જો બાળક સંપૂર્ણ સમજી શકે તેના પરથી જે કંઈ અપરિચિત અદૃષ્ટ છે તેને સમજી તેવું શિક્ષણ આપવું. આ ઉપરાંત બાળકના સ્વયં વિકાસ, મૌલિકતા પણ શિક્ષણની પદ્ધતિમાં અપનાવી શકાય છે.

બાળકોને સરકસનાં પ્રાણીઓની જેમ જડ શિક્ષણ/તાલીમ ન આપતાં સર્જનશીલ બનાવવા માટે મુક્ત શિક્ષણ પદ્ધતિની ભલામણ છે.બાળકોની રુચિ અને આવેગો અનુસાર જીવનની વાસ્તવિકતાઓ પર આધારિત જે કોઈ પદ્ધતિ હોય તેવી શિક્ષણ પદ્ધતિને અપનાવવાથી સર્જનાત્મકતા વિકસાવી શકાય છે.

**ચર્ચા તથા પ્રશ્નોત્તર પદ્ધતિ :**

ગોખણપટ્ટીના આધારે અપાતા જવાબો નહિ પણ

વિચારપૂર્વક, સમજપૂર્વક અપાતા જવાબો વિદ્યાર્થીના ભીતરી જ્ઞાનને પ્રદર્શિત કરે છે. જેને જીવન અને સમાજનું વાસ્તવિક જ્ઞાન હોય તે જ પ્રશ્નોત્તર પદ્ધતિ દ્વારા જ્ઞાનનું આદાનપ્રદાન કરી શકે છે. વિદ્યાર્થીઓ સમક્ષ વિવિધ પ્રકારની સમસ્યાઓ મૂકી તેના ઉકેલ માટે વાદવિવાદ-ચર્ચા, પ્રશ્નોત્તરી પદ્ધતિનો ઉપયોગ કરવાથી શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનશીલતા વિકસતી રહે છે.

**પ્રવાસ - પર્યટન પદ્ધતિ :**

ભ્રમણ દ્વારા શિક્ષણની પદ્ધતિ સર્જનશીલતાને વેગ આપે છે. શૈક્ષણિક હેતુઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને પ્રવાસ-પર્યટન દ્વારા ભ્રમણ કરાવ્યું હોય તો તેમની સર્જનાત્મકતાની કેળવણી દૃઢ બને છે. ભ્રમણ પ્રવૃત્તિ અવલોકન દ્વારા અધ્યયનની ઘણી તકો પૂરી પાડે છે. બાળક માટે આવું ગતિશીલ અધ્યયન સર્જનાત્મકતા માટે ઘણું જ ફળદાયી બને છે.

**પ્રવૃત્તિ દ્વારા સર્જનાત્મકનો વિકાસ :**

બાળકને વિવિધ હસ્તકારીગરી, માટીકામ, સર્જકતાને પ્રેરે તેવી અનેકવિધ પ્રવૃત્તિઓ બાળકોને કરાવવી જોઈએ. પ્રાકૃતિક વાતાવરણમાં શિક્ષણ આપવાથી તેની બાલ્યકાળના જીવનાનુભવો પર વિધાયક અસરો થતી હોય છે. બાળકે સ્વયં જે શિક્ષણ પ્રાપ્ત કર્યું તે પણ માનવજીવનમાં સર્જનાત્મકતા ભણી દોરી જતું હોય છે. બાળકે જળ, સ્થળ, આકાશ, ઉદયાસ્તથી વ્યાપ્ત રમણીય પ્રકૃતિનું  જ્ઞાન મેળવ્યેથી સર્જનાત્મક પ્રેરિત થતી હોય છે. પ્રકૃતિ અને મનુષ્ય વચ્ચેની આંતરક્રિયા માણસને નિર્મળ અને સક્ષમ બનાવે છે. પ્રકૃતિ સાથે પ્રાકૃતિક અને મનુષ્ય સાથે મનુષ્ય બનવું એટલે જ સર્જનાત્મકતા પ્રાપ્ત કરવી. મનુષ્ય અનંત અપ્રાપ્ય અને અસીમ ભવિષ્યમાં જીવે છે અને તેથી તે સૂરનો સર્જક છે.  આ પ્રકારનું શિક્ષણ બાળકના સંવેદના તંત્રને કેળવીને તેને સર્જનાત્મક બનાવે છે.

**બાળકને સુસંવાદી અને સર્જનાત્મક બનાવીએ :**

શિક્ષણ એટલે બાળકની સકલ શક્તિઓ તેમજ ક્ષમતાઓનો પૂર્ણ વિકાસ, આ વિકાસ એટલે જીવનની સર્જનશીલતાની પ્રાપ્તિ.  જીવન એટલે અસ્તિત્વનાં બધાં જ સ્વરૂપો સાથેનું ગતિશીલ અને સર્જનાત્મક અનુકૂલન તથા અસ્તિત્વનાં સકલ સ્વરૂપોનું સહાનુભૂતિપૂર્વકનું આકલન છે.ઉત્તમોત્તમ શિક્ષણ એ કહેવાય જે બાળકને માત્ર માહિતી જ આપતું નથી, પરંતુ તેના જીવનને સકલ અસ્તિત્વ સાથે સુસંવાદી અને સર્જનાત્મક બનાવે છે. એવી સુસંવાદિતા જે વિશ્વસૃજનનાં સર્વ પદાર્થો, પરિબળો સાથેના સાહચર્યથી પ્રસ્થાપિત સૃષ્ટિની કદર કરી શકે.

**બાળકના સશક્ત જુસ્સાને સર્જનશીલ બનાવે તેવી કેળવણી :**

બાળકમાં સર્જનશીલતાના વિકાસ માટે સૌંદર્યબોધક શિક્ષણનું સ્થાન ઘણું ઊંચું છે. સંગીત, કલા અને નૃત્યની સૌંદર્યબોધક પ્રવૃત્તિઓના આનંદની સર્જનાત્મકતાના વિકાસ સંદર્ભે મહત્તા છે. આનંદની અભિવ્યક્તિ બાળકના સશક્ત જુસ્સાને જીવંત અને સર્જનશીલ રાખે છે.જો બાળકો માટેની શિક્ષણ  પદ્ધતિ જીવન અને પ્રકૃતિના સંયોગથી ઊભી થઈ હોય તો જ શિક્ષણ અને માનવજીવન બન્ને પોતાની પૂર્ણતાઓ સાથે સર્જનશીલતા પ્રાપ્ત કરી શકે. કારણ કે બાળકનો જન્મ પ્રકૃતિ અને માનવસમાજ ઉભયમાં થયેલો છે. શિક્ષણ દ્વારા સર્જનાત્મક જીવનની સમગ્રતાની પ્રતીતિ થવી જોઈએ.

બાળકની સર્જનશીલતાના વિકાસ માટે ભ્રમણ દ્વારા શિક્ષણની પદ્ધતિ ઉપયોગી પદ્ધતિ છે. શૈક્ષણિક હેતુઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને પ્રવાસ -પર્યટનો દ્વારા ભ્રમણ કરાવ્યું હોય તો તેમની સર્જનાત્મકતાની કેળવણી દૃઢ બનતી હોય છે. આ પ્રવૃત્તિમાં અવલોકન દ્વારા સર્જનાત્મકતાની ઘણી પ્રેરણા પૂરી પડ છે. જીવંત મનુષ્ય માટે આ કૃતિશીલ અધ્યયન ઘણું જ ફળદાયી છે. ક્રિયા, શરીર તથા મનના સાયુજ્યમાં સર્જનાત્મક શક્તિ વિકાસ પામતી હોય છે.

વિવિધ હસ્તકારીગરી, માટીકામ, સર્જનાત્મકતાને પ્રેરે તેવી અનેકવિધ સહઅભ્યાસક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીનું શિક્ષણકાર્ય થતું રહે તો બાળકની સર્જનશીલતાના વિકાસને પ્રોત્સાહન મળે છે.

# પ્રશિક્ષણાર્થીઓની અધ્યાપનમાં સર્જનાત્મકતાનો અભ્યાસ



- ડૉ. નીરજ એમ. રાજ્યગુરુ
આસિસ્ટન્ટ પ્રોફેસર (વર્ગ-૨)
સરકારી બી.એડ્. કોલેજ, કાછલ,
તા. મહુવા, જિ. સુરત. મો. ૯૪૨૭૨૮૭૫૪૦

માનવજીવનની પ્રગતિ સર્જનાત્મકતાને આભારી છે. માનવ રચિત દરેક પદાર્થનું પ્રથમ અસ્તિત્વ સર્જનાત્મકતાનું પરિણામ છે. આદિમાનવ યુગથી અવકાશીય યુગ સુધીની વિકાસયાત્રામાં જે વ્યક્તિઓ ચીલાચાલુ રૂઢિગતતા (conformity)થી અસંતોષી હતા તેઓનો ફાળો આ વિકાસયાત્રામાં ખૂબ જ મોટો છે. કોઈ પણ સમસ્યા અંગે અન્ય સામાન્યજનો કરતાં કંઈક જુદી જ રીતે, કંઈક વિશિષ્ટ અને નવીન રીતે વિચારવાની શકિત એ જ સર્જનાત્મક વિચારણા છે અને દુનિયાના કોઈ પણ દેશમાં થયેલા વિકાસ અને ક્રાંતિઓની પાછળ આ સર્જનાત્મક વિચારણા જ જવાબદાર હોય છે. તેથી નાગરિકોની સર્જનાત્મકતા એ રાષ્ટ્રની સર્વોત્તમ સંપત્તિ છે કારણ કે તેઓ દેશ કે સમાજને બૌદ્ધિક, સાંસ્કૃતિક કે ઔદ્યોગિક એમ સર્વાંગી વિકાસ તરફ દોરી જાય છે. ''Better world lies in the cultivation of creative powers.'' આમ, કૃષિ, ઉદ્યોગ, વાણિજય, શિક્ષણ, કળા, વિજ્ઞાન, વહીવટ વગેરે ક્ષેત્રોમાં રહેલી સમસ્યાઓ ઉકેલીને રાષ્ટ્ર જીવનને સુખી અને સાર્થક બનાવવા માટે સર્જનાત્મક વ્યક્તિઓની જરૂર પડે છે.

આપણે જાણીએ છીએ કે રાષ્ટ્રના વિકાસમાં શિક્ષણ ખૂબ મહત્ત્વનો ફાળો આપે છે. વળી, શિક્ષણની પ્રક્રિયામાં શિક્ષકનું સ્થાન ભારે મહત્ત્વનું છે. ભારતીય શિક્ષણપંચો શિક્ષકનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે, રાષ્ટ્રના વિકાસમાં અસર કરતાં પરિબળો પૈકી સૌથી વધુ અસર કરનાર મહત્ત્વના કોઈ પરિબળો કોઈ હોય તો તે શિક્ષકોની ગુણવત્તા, ચારિત્ર્ય અને કાર્યદક્ષતા છે. પરંતુ મોટાભાગના શિક્ષકો પોતાના વર્ગખંડમાં પાઠયપુસ્તકમાં રહેલું જ વિષયવસ્તુનું જ્ઞાન પીરસે છે. વર્ગખંડમાં નવીનતા, મૌલિકતાનો સંદતર અભાવ પ્રવર્તે છે. સામાન્ય રીતે વિદ્વાનોના મત મુજબ હાલની શિક્ષણ વ્યવસ્થા તેની રૂઢિચુસ્તતા, પરંપરાપ્રિયતા અને ગતાનુગતિકતા (conformity) માટે જાણીતી છે(જુઓ ભોગાયતા,2006). શિક્ષણ સંસ્થામાં સર્જનાત્મકતાનો અને સર્જનાત્મક શિક્ષકોનો અનાદર થાય છે, તેની તરફ દુર્લક્ષ સેવાય છે, તેના સર્જનાત્મક વિચારોનું પોષણ, સંવર્ધન કે વિકાસ કરવાના બદલે તેના મૌલિક વિચારોને દબાવવામાં આવે છે અને પરંપરા તથા 'બાબાવાકય'ની બોલબાલા હોય છે. ભાગ્યે જ કોઈ નવીન પરિસ્થિતિ વર્ગખંડમાં જોવા મળે છે. તે પણ મોટેભાગે અકસ્માતે સર્જાય છે, આયોજનપૂર્વકનું મૌલિક અધ્યાપન જોવા મળતું નથી. વિપુલ જ્ઞાન ધરાવતા શિક્ષકને પણ વિદ્યાર્થીના અધ્યયનની નિષ્ફળતા વરે છે ! આમ, વિષયવસ્તુના ઊંડા જ્ઞાન ઉપરાંત શિક્ષકની વિદ્યાર્થીના હિતમાં કલાપૂર્ણ અભિવ્યકિત પણ જરૂરી છે. આ સંજોગોમાં દુનિયાએ જાહેરાત આપવી પડે તેમ છેઃ ''જોઈએ છે સર્જનાત્મક શિક્ષકો !''

આથી જ પ્રશિક્ષણ સંસ્થામાં શિક્ષક બનવાની તાલીમ લઈ રહેલા ભાવિ શિક્ષકોની અધ્યાપનમાં સર્જનાત્મકતાનો અભ્યાસ કરવાનું પ્રયોજન હાથ ધરવામાં કરવામાં આવ્યું હતું.

**અભ્યાસનું શીર્ષક :**

''બી.એડ્.કૉલેજના પ્રશિક્ષણાર્થીઓની અધ્યાપનમાં સર્જનાત્મકતાનો અભ્યાસ''

**અભ્યાસના હેતુઓ :**

1. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ બી.એડ્.કૉલેજના પ્રશિક્ષણાર્થીઓની સર્જનાત્મક શિક્ષણ પદ્ધતિ-પ્રયુકિતઓ જાણવાનો હતો.
2. આ પ્રશિક્ષણાર્થીઓની મૌલિક પ્રયોગશીલતા અને

સર્જનાત્મક અધ્યાપન વિશે તેઓના વિચારો, માન્યતાઓ, લાગણીઓ અને અનુભવો જાણવા.

3. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓના વર્ગખંડ વ્યવહારનું વિશ્લેષણ કરી તેમની લાક્ષણિકતાઓ જાણવી.

**અભ્યાસના પ્રશ્નો :**

1. બી.એડ્.કૉલેજના પ્રશિક્ષણાર્થીઓની શિક્ષણ પદ્ધતિ-પ્રયુક્તિઓમાં કેવી સર્જનાત્મકતા રહેલી છે?
2. આ પ્રશિક્ષણાર્થીઓની મૌલિક પ્રયોગશીલતા અને સર્જનાત્મક અધ્યાપન વિશે તેઓના વિચારો, માન્યતાઓ, લાગણીઓ અને અનુભવો કેવા છે?
3. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓના વર્ગખંડ વ્યવહારની લાક્ષણિકતાઓ કેવી છે?

**અભ્યાસનું મહત્ત્વ :**

નવી પેઢીને તૈયાર કરવા માટે, તેનામાં રહેલી સુષુપ્ત શકિતઓના શ્રેષ્ઠતમ વિકાસ માટે સર્જનાત્મક શિક્ષકો મળે તે સમાજની તાતી જરૂરિયાત છે. કેટલાક પ્રશિક્ષણાર્થીઓ અન્યોની સરખામણીએ પોતાના અધ્યાપન સંદર્ભે વધુ સંવેદનશીલ હોય છે, તેઓની વિચારણા નવોન્મેષસભર હોય છે. તેઓ અસાધારણ (extra ordinary) રીતે અધ્યાપનકાર્યમાં અન્ય પ્રશિક્ષણાર્થીઓ કરતાં અલગ પડે છે. પોતાના પાઠની અનન્યતા જાળવવા સર્જનાત્મક વિચારણા કરી શકે છે. તેઓ એક જ વિષયાંગના અધ્યાપન માટે અલગ અલગ અધ્યાાન પદ્ધતિ—પ્રયુક્તિઓ વિચારીને તેમાંથી પરિસ્થિતિ પ્રમાણે શ્રેષ્ઠ અધ્યાપન પદ્ધતિની પસંદગી કરી, વિદ્યાર્થીના હિતમાં કલાપૂર્ણ અભિવ્યક્તિ કરી શકે છે. જે રીતે જનસમૂહમાં વૈયક્તિક વિભિન્નતા હોય છે તે જ રીતે પ્રશિક્ષણાર્થીઓમાં પણ વૈયક્તિક વિભિન્નતા રહેલી હોય છે. દરેક પ્રશિક્ષણાર્થી વર્ગખંડ વ્યવહારમાં અલૌકિક ચમત્કાર સર્જી શકતો નથી. આથી સ્વાભાવિક રીતે જ કેટલાક પ્રશિક્ષણાર્થીઓ જ અન્ય પ્રશિક્ષણાર્થીઓની અપેક્ષાએ પોતાના અધ્યાપનકાર્યમાં વધુ નવીનતા લાવી શકે છે. પરંતુ અધ્યાપનના સંદર્ભમાં સર્જનાત્મકતાનું માપન કરતા અભ્યાસો જોવા મળતા નથી. આથી પ્રસ્તુત અભ્યાસ ખૂબ જ મહત્ત્વનો હતો.

**અભ્યાસની ક્ષેત્ર - મર્યાદા :**

પ્રસ્તુત અભ્યાસમાં ફકત સરકારી બી.એડ્.કૉલેજ, કાછલના ગુજરાતી માધ્યમમાં તાલીમ મેળવતા પ્રશિક્ષણાર્થીઓનો જ નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**નમૂના પસંદગી :**

પ્રસ્તુત અભ્યાસમાં સરકારી બી.એડ્.કૉલેજ, કાછલના ગુજરાતી માધ્યમમાં તાલીમ મેળવતા પ્રશિક્ષણાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રશિક્ષણાર્થીઓ પૈકી ઍકેડેમિક વર્ષ 2023-'25 દરમિયાન તાલીમ લીધેલ 13 પ્રશિક્ષણાર્થીઓની હેતુલક્ષી ઢબે પસંદગી કરવામાં આવી હતી. આ પસંદગી કરવામાં તેઓની મૌલિક શિક્ષણ પદ્ધતિ, ચિંતનશીલતા, પ્રયોગશીલતા, વિદ્યાર્થીપ્રિયતા, શાળાની વિશિષ્ટ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સહભાગિતા, વિવિધ સહઅભ્યાસક અને પડકારયુકત વિશિષ્ટ પ્રવૃત્તિમાં અગ્રેસરતા જેવી વિશેષતાઓનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો. આ પ્રશિક્ષણાર્થીઓની પસંદગીમાં કૉલેજના વિવિધ પદ્ધતિના માર્ગદર્શકોનો સહકાર પણ મેળવવામાં આવ્યો હતો.

**ઉપકરણ :**

પ્રશિક્ષણાર્થીઓને સંશોધક દ્વારા આપાયેલ મુકતોત્તર પ્રશ્નાવલી પરના લેખિત અભિપ્રાયો મેળવીને સર્જનાત્મક અધ્યાપન વિશેના તેઓના અભિપ્રાયો જાણવામાં આવ્યા, જેમાં તેઓએ ઉપયોગમાં લીધેલ અધ્યાપનની નવીન, રસપ્રદ કે પ્રેરણાત્મક પદ્ધતિ વિશેની માહિતી મેળવવામાં આવી હતી. હેતુલક્ષી ઢબે નમૂનામાં સમાવિષ્ટ 15 પ્રશિક્ષણાર્થીઓ પૈકી 13 પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર પોતાના મુકત વિચારોની લેખિત સ્વરૂપે નોંધ મોકલી આપી હતી. સર્જનાત્મક અધ્યાપન વિશે તેઓના વિચારો, માન્યતાઓ, લાગણીઓ અને અનુભવો રૂબરૂ

મુલાકાત, ટેલિફોનિક મુક્ત ચર્ચા અથવા Whatsappના સંદેશ દ્વારા જાણવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમના પાઠ આયોજન નોંધ કે તેઓના પાઠનું પ્રત્યક્ષ નિરીક્ષણ, જર્નલમાં અવલોકન નોંધ, જર્નલ અહેવાલ વગેરે માધ્યમોનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને માહિતીનું વિશ્લેષણ :**

હેતુલક્ષી ઢબે નમૂનામાં સમાવિષ્ટ 15 પ્રશિક્ષણાર્થીઓ પૈકી 13 પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર પોતાના મુક્ત વિચારોની લેખિત સ્વરૂપે નોંધ મોકલી આપી હતી. પ્રશિક્ષણાર્થીઓને સંશોધક દ્વારા આપાયેલ મુક્તોત્તર પ્રશ્નાવલી પરના લેખિત અભિપ્રાયો મેળવીને સર્જનાત્મક અધ્યાપન વિશેના તેઓના અભિપ્રાયો જાણવામાં આવ્યા, જેમાં તેઓએ ઉપયોગમાં લીધેલ અધ્યાપનની નવીન, રસપ્રદ કે પ્રેરણાત્મક પદ્ધતિ વિશેની માહિતી મેળવવામાં આવી હતી. સર્જનાત્મક અધ્યાપન વિશે તેઓના વિચારો, માન્યતાઓ, લાગણીઓ અને અનુભવો રૂબરૂ મુલાકાત કે ટેલિફોનિક મુક્ત ચર્ચા અથવા Whatsappના સંદેશ દ્વારા જાણવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમના પાઠ આયોજન નોંધ કે તેઓના પાઠનું પ્રત્યક્ષ નિરીક્ષણ, જર્નલમાં અવલોકન નોંધ, જર્નલ અહેવાલ વગેરે માધ્યમો દ્વારા માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. આ માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ (content analysis) વર્ગીકરણ યોજના (coding system) પદ્ધતિ મુજબ કરવામાં આવ્યું હતું, જે તારણો સ્વરૂપે નીચે વર્ણવવામાં આવ્યા છે.

**પરિણામો અને તારણો :**

પ્રસ્તુત અભ્યાસનાં તારણો આ પ્રમાણે છે.

સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓનો વર્ગખંડ વ્યવહાર આ પ્રમાણે હતો :

1. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓનો વર્ગખંડ વ્યવહાર આંતરક્રિયાત્મક, અનુબંધનાત્મક, અધ્યાપનમાં સ્પષ્ટતાયુક્ત હતો.
2. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓનો વ્યવહાર વિદ્યાર્થીઓ સાથે આત્મીય, પ્રોત્સાહક હતો.
3. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓનું પ્રત્યાયન રસાળ, ઉત્તેજક, કુતૂહલ અને જિજ્ઞાસાપ્રેરક તેમજ નાવીન્યભરેલું હતું.
4. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓના વર્ગખંડનું વાતાવરણ સહજ, ચિંતામુક્ત તેમજ જીવંત જોવા મળતું હતું.
5. તેઓ મૂલ્યાંકન પણ વિવિધ રીતે કરતા જોવા મળતા હતા.

**સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓની લાક્ષણિકતાઓ આ પ્રમાણે હતી :**

1. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓની રજૂઆતમાં મૌલિકતા, પ્રવાહિતા, લવચીકતા અને વિષય તેમજ વિદ્યાર્થી પ્રત્યે સંવેદનશીલતા, અનુકૂલનશીલતા, સભાનતા તેમજ વૈવિધ્યતાનો સમન્વય જોવા મળ્યો હતો.
2. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓના અધ્યાપનમાં સ્વાયત્તતા, ચોકસાઈ, ગર્વ-આનંદની લાગણી અને આત્મવિશ્વાસ જોવા મળ્યાં હતાં.
3. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓ વિદ્યાર્થીઓને અભિવ્યક્ત થવાની, કલ્પના કરવાની તક આપી તેમની સાથે આત્મીય અને પ્રેમાળ વર્તન કરતા જોવા મળ્યા હતા.
4. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓમાં છિદ્રાન્વેષીપણું જોવા મળતું હતું. તેઓ પોતાની ભૂલનો સ્વીકાર કરી ભૂલ સુધારવાની ટેવ ધરાવતા હતા.

**સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓની પદ્ધતિ-પ્રયુક્તિ આ પ્રમાણે હતી :**

1. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓ વિષયવસ્તુને અનુરૂપ સ્વ-નિર્મિત સાધન-સામગ્રીનું (Westમાંથી Bestનું) સર્જન કરતાં હતા. કેટલાક પ્રશિક્ષણાર્થીઓ તો વિષયવસ્તુને અનુરૂપ સાધનો જેવાં કે, ચિત્રો, ચાર્ટ્સ, નકશાઓ, Working Models, Non-working Modelsનું વિદ્યાર્થીઓ પાસે પણ નિર્માણ કરાવતા હતા.

2. વિષયવસ્તુને અનુરૂપ ટૂંકી વાર્તા (short story) કહેતા કે નાટ્ય રૂપાંતરણ કરતા હતા.

3. કેટલાક પ્રશિક્ષણાર્થીઓ ઈન્ટર્નશિપ દરમિયાન નવા વિષય તરફ અભિમુખ કરવા થોડા દિવસ અગાઉ બુલેટિન બોર્ડ કે ભીંતપત્ર પર આકર્ષક રીતે માહિતી મૂકતા જોવા મળ્યા હતા. તો વળી કેટલાક પ્રશિક્ષણાર્થીઓ વિષય વસ્તુને અનુરૂપ પૂરક વાચન સાહિત્ય આપીને ઈતર વાચન માટેનું વાતાવરણ પૂરું પાડવા પ્રયત્ન કરતા હતા.

4. પ્રોજેક્ટ કે જૂથકાર્યમાં જૂથ પ્રમાણે કામગીરીની વહેંચણી કરી દેતા અથવા દરેક જૂથને વારાફરતી કે એક સાથે કાર્યમાં સક્રિય રાખવાની યોજના બનાવતા હતા.

5. આધુનિક ટેક્નોલૉજીનો ઉપયોગ કરી આંતરક્રિયાત્મક વિનિયોગ કરતા જણાયા હતા.

6. વિષયનો પ્રારંભ વાર્તા, ઉદાહરણ કે પ્રેરક પ્રસંગ દ્વારા અસરકારક રીતે કરી વિદ્યાર્થીઓને અધ્યયનમાં સક્રિય રાખતા હતા.

7. સંકલ્પનાની સમજૂતી માટે ઉદાહરણ-અનુદાહરણનો ઉપયોગ કે વ્યાવહારિક જીવન સાથે વિષયવસ્તુનો અનુબંધ કરી બતાવતા હતા.

8. સ્વાધ્યાય તેમજ મૂલ્યાંકનમાં પણ innovation જોવા મળતું હતું.

9. સર્જનાત્મક પ્રશિક્ષણાર્થીઓ નાવીન્યસભર પ્રયોગો, સ્મૃતિ રમતો, સામ્ય-વિભેદ દ્વારા સંકલ્પનાઓની સ્પષ્ટતા કરતા હતા. તેમજ શબ્દરમત, અંતાક્ષરી, સ્મૃતિની રમત, શ્લોકગાન, કાવ્યગાન, દુહા-છંદ, નકશાપૂર્તિ વગેરેનું આયોજન કરી વિદ્યાર્થીઓ શીખવાની પ્રક્રિયામાં આનંદ અને રસપૂર્વક સહભાગી થાય તેવો પ્રયત્ન કરતા હતા.

10. આગમન-નિગમન અભિગમનો વિનિયોગ કરતા જોવા મળ્યા હતા.

**ભલામણો અને શૈક્ષણિક સૂચિતાર્થો :**

1. પ્રશિક્ષણાર્થીઓને અધ્યાપનમાં સર્જનાત્મક વર્ગવ્યવહારના ખ્યાલથી સભાન કરવા જોઈએ અને તેનું સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક જ્ઞાન આપવું જોઈએ. કારણ કે સાચું શિક્ષણ એ સર્જનાત્મકતાનું શિક્ષણ છે.

2. પ્રશિક્ષણાર્થીઓની સર્જનાત્મકતા જાળવી રાખવાના અને વધારવાના ઉપાયો કરવા જોઈએ, જયારે નિમ્ન સર્જનાત્મક વિચારણા ધરાવતા પ્રશિક્ષણાર્થીઓની અધ્યાપનમાં સર્જનાત્મકતાના મહત્તમ વિકાસ માટે ચોકકસ પ્રકારનાં પ્રાયોગિક સંશોધનો હાથ ધરવાં જોઈએ અને અધ્યાપનમાં સર્જનાત્મકતા વિકાસના કાર્યક્રમોની રચના કરવી જોઈએ.

3. પ્રશિક્ષણ કૉલેજોમાં મહત્તમ પ્રશિક્ષણાર્થીઓની અધ્યાપનને લગતી સર્જનાત્મકતા બહાર આવે તેવું શૈક્ષણિક ભાવાવરણ પૂરું પાડવું જોઈએ.

4. વર્ગખંડ વ્યવહારમાં સર્જનાત્મકતાના વિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ. પાઠયપુસ્તકોની સંરચનામાં માત્ર માહિતીને જ ધ્યાનમાં લેવાને બદલે વિદ્યાર્થીમાં સર્જનાત્મકતાનો વિકાસ થાય તેવાં કાર્યોને વધુ સ્થાન આપવું જોઈએ.

5. વિદ્યાર્થીઓને આપવામાં આવતા સ્વાધ્યાયોમાં તેની સર્જનાત્મકતાને પોષક તેવા સ્વાધ્યાયો આપવા જોઈએ જેથી સ્વાધ્યાય વિદ્યાર્થી માટે વેઠ બની ન જાય.

6. વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં સર્જનાત્મકતાને અવકાશ મળી રહે તેવી વ્યવસ્થા વિચારવી જોઈએ.

# વર્ગખંડમાં સર્જનશીલ બાળક અને તેનું શિક્ષણ



- ડો. જયશ્રી કે. દવે
એસોસિયેટ પ્રોફેસર,
એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.
મો. ૯૮૨૪૨૭૧૪૭૪

સમગ્ર સૃષ્ટિ પરમાત્માનું એક અદ્ભુત, આશ્ચર્યજનક અને અનોખું સર્જન છે. સમુદ્રની તળિયે રહેતા જીવો, પૃથ્વી પર શ્વસતા જીવો, પહાડ, નદી, સમુદ્ર કે પછી બ્રહ્માંડના અગોચર તારા, ગ્રહો કે સૂર્ય- ચંદ્ર ! સૃષ્ટિની તમામ ચરાચર રચનાને પોતાનું આગવાપણું અને વિશેષતા છે. પરમાત્માની આવી અદ્ભુત સર્જન કળા એ જ સર્જનનો પ્રથમ અને પ્રારંભિક સ્રોત છે. સમગ્ર ચરાચર સૃષ્ટિ સર્જનનો બહેતરિન નમૂનો છે. આવી સુંદર અને કલાત્મક સૃષ્ટિનાં સંતાનો એવાં નાનાં નાનાં બાળકો તો સ્વયં ઈશ્વરનું અદકેરું સર્જન છે. એથી જ એમનામાં સર્જનશીલતા સહજ અને સ્વભાવતઃ હોય છે. એમનામાં રહેલી બીજભૂત સર્જનશીલતાને ઓળખવાનું અને ખીલવવાનું ઉત્તરદાયિત્વ શિક્ષણનું છે, અર્થાત્ શિક્ષકનું છે. શિક્ષક બાળકો પ્રત્યેનું પોતાનું આ ઉત્તરદાયિત્વ સમજી અને સભાનતાપૂર્વક પ્રયત્નો કરે, તો બાળકને એની સર્જનાત્મકતાના ઉચ્ચતમ શિખર સુધી પહોંચાડી શકે એમાં, બે મત નથી.

**સર્જનાત્મક વિચારણાની વિશેષતા :**

પટેલ જયંતી (પૃ.92) સર્જનાત્મક ચિંતનને સમજાવતાં કહે છે, "નવી અને તાર્કિક રીતે ચિંતન કરવાની ક્ષમતા એટલે સર્જનાત્મક ચિંતન." સર્જનાત્મક વિચારણા એના નામ પ્રમાણે વિશિષ્ટ અને નોખી વિચારણા છે. તેની વિશેષતાઓ આ પ્રમાણે છેઃ

- કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થળે થઈ શકે છે.
- વ્યક્તિ સોપાનબદ્ધ કાર્ય કે વિચારણા વિના સર્જનાત્મક વિચારો કરી શકે છે.
- સર્જનાત્મક વિચારણાને કોઈ બંધન કે મર્યાદા હોતી નથી.
- સર્જનાત્મક વિચારણા કલ્પના, અંતઃસૂઝ, શોધ, અને સર્જન પર આધારિત છે.
- સર્જનાત્મક વિચારણા ક્યારેક અકસ્માત્ અને ક્યારેક ઇચ્છિત હોય છે.
- માણસ સ્વભાવથી સર્જનશીલ છે. કોઈ કમ્પ્યૂટર આની બરાબરી કરી શકે નહિ.

**સર્જનાત્મક વિચારણાનું મહત્ત્વ :**

વિચાર ક્ષમતા મનુષ્યની વિશેષતા છે. વિવેચનાત્મક અને સર્જનાત્મક વિચારણા મનુષ્ય વિકાસના આધારસ્તંભો છે. આ બંનેના યોગ્ય ઉપયોગથી મનુષ્ય જીવન અને વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. સર્જનાત્મક વિચારણાનું જીવનમાં વિશિષ્ટ અને આગવું મહત્ત્વ છે.

- કાર્ય, વિચારણામાં તાજગી, નાવીન્ય લાવી શકાય છે.
- પરંપરાગત વિચારણા અને કાર્યપદ્ધતિની ઘરેડમાંથી બહાર આવી નવું સર્જનાત્મક વાતાવરણ ઊભું કરી શકાય છે.
- વિચાર કે કાર્યમાં વધુ અસરકારકતા, ઉત્પાદકતા, અને  કલ્પનાશીલતા લાવી, કાર્ય પ્રણાલી યોજી મહત્તમ લાભ મેળવી શકાય છે.
- નવીન પ્રવૃત્તિઓ, પદ્ધતિઓ, અને સાધન સામગ્રીનું નિર્માણ થાય છે.
- સર્જનતાત્મક વિચારણા  કાર્ય ને અસરકારક, તાજગી પૂર્ણ અને વધુ ઉપયોગી બનાવે છે.
- જીવન, કાર્ય અને વ્યવસાયની ઘરેડમાથી મુક્ત કરી, જીવનને ઉત્સાહપૂર્ણ અને નાવીન્યપૂર્ણ બનાવે છે.
- અન્ય વ્યક્તિઓ કે સહકર્મચારીઓ કરતાં અલગ છાપ ઊભી કરે છે.

- વ્યક્તિગત, આર્થિક, સામાજિક અને વ્યાવસાયિક વિકાસ કરે છે.
- સામાજિક, વૈજ્ઞાનિક અને વ્યાવહારિક મુશ્કેલીઓનો અસરકારક ઉકેલ આપે છે.

**શિક્ષણમાં વિનિયોગ :**

માતા-પિતા, વડીલો અને મોટેરાંઓ નાના બાળકને જન્મની સાથે જ વાણી-વ્યવહાર અને અન્ય જીવન-વ્યવહારની કેળવણી આપતાં હોય છે, અને તેને જ બાળ વિકાસની બારાક્ષરી માની બાળકનું સર્વતોમુખી ઘડતર કર્યાનો સંતોષ માની લેતાં હોય છે. શાળામાં શિક્ષકો પણ આમ જ વિચારી, શિસ્ત અને સંસ્કાર સાથે કેટલુંક અક્ષરજ્ઞાન અને પરીક્ષાલક્ષી જ્ઞાન આપી શીખવવાનો સંતોષ માની લે છે. વડીલો અને શિક્ષકો બાળકોમાં રહેલી કુદરતી રીતે વિચારવાની શક્તિ અને ક્ષમતાને સમજ્યા વિના જ પોતે નિશ્ચિત કરેલા અને કંડારેલા માર્ગે જ બાળક ચાલે તેવા પૂર્વગ્રહોથી ગ્રસ્ત હોય છે. જો બાળક નિશ્ચિત માર્ગે ના ચાલે કે ના વિચારે તો તેનામાં આવડતનો અભાવ છે, કહ્યું સમજતો નથી- જેવાં વાક્યો કહી, તેની સર્જનાત્મકતાના બીજ ને અંકુરિત થતાં પહેલાં જ બાળી નાંખે છે. આવું દગ્ધબીજ ગમે તેટલાં ખાતર-પાણી કે માવજતથી ક્યારેય ઊગી શકતું નથી. આથી જ, બાળકની સર્જનાત્મકતા ને બાળપણથી જ ઓળખી વિશેષ કાળજી અને સભાનતાથી પ્રયત્નો કરી, તેને ખીલવવાના પ્રયત્નો કરવા તે પ્રત્યેક શિક્ષકની પવિત્ર અને પ્રથમ ફરજ છે. શિક્ષક આ માટે ઘણા બધા પ્રયત્નો કરી શકે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 (પૃ.17)માં નિર્દિષ્ટ સિદ્ધાંતોમાં પણ તાર્કિક નિર્ણયશક્તિ અને નવાચારને પ્રોત્સાહિત કરવા સર્જનાત્મક તથા વિવેચનાત્મક ક્ષમતાના વિકાસ'ના સિદ્ધાંતનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શિક્ષકે સર્જનાત્મક વિચારણા માટેનાં વૈવિધ્યસભર અનુભવો અને તકો ઊભાં કરવાં જોઈએ. બાળકોને એવાં કાર્યો સોંપવા જોઈએ કે, જેથી બાળકો પોતાનાં જ્ઞાન, સમજ અને કૌશલોનો ઉપયોગ કરી શકે, પોતાની સમજ, ઈચ્છા અને સર્જનશીલતાને કામે લગાડી કાર્ય કરી શકે.

શિક્ષકે બાળકોને ભાવિ જીવન માટે સજ્જ કરવા તેમનાં સર્જનાત્મક કાર્યો માટે સકારાત્મક પ્રતિચાર આપવા જોઈએ. આ સાથે બાળકો પડકાર, જવાબદારી, મુસીબતો અને જોખમોનું વ્યવસ્થાપન જાતે કરે તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ. શિક્ષકે એવી વિભિન્ન પરિસ્થિતિઓનું નિર્માણ કરવું જોઈએ કે, જે થકી બાળકોની કલ્પના, સ્વ-સન્માન અને આત્મ વિશ્વાસ ઊંચો આવે અને તેમના વ્યક્તિત્વનો વિકાસ થાય.

બાળકોની સર્જનાત્મક વિચારણાના વિકાસ માટે સૌથી સરળ અને સહજ પ્રયુક્તિ છે- કુદરતી સ્થળોની મુલાકાત, વિભિન્ન સર્જનશીલ વસ્તુઓ, કાર્ય, પ્રવૃત્તિ, ચિત્રો, કે કળાના નમૂનાનો પ્રત્યક્ષ સ્વ-અનુભવ. વિદ્યાર્થી સમક્ષ સર્જનશીલતા ઉત્તમ નમૂના રજૂ કરી, તેમાંથી પ્રેરણા લઈ નવું સર્જન કરવા પ્રોત્સાહન આપવું. શિક્ષણ અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં આવા અનુભવોનો વિશેષ સમાવેશ કરવો જોઈએ.

અધ્યાપનના પ્રત્યેક વિષયમાં સર્જનાત્મક વિચારણાની તક રહેલી છે. શિક્ષકે આ તક ઝડપી લઈ, વિજ્ઞાન, ગુજરાતી, હિન્દી વગેરે વિષયોના અધ્યાપનકાર્યમાં સર્જનશીલ વિચારણાને તક આપવી. વિજ્ઞાનમાં નવાં સાધન કે મૉડલનું નિર્માણ, વિષયમુદ્દા સંબંધિત પ્રોજેક્ટ, ભાષામાં નિબંધ, કાવ્ય કે વાર્તા લેખન, વાર્તાનો અંત નવી રીતે લખવો, વાર્તામાં નવાં પાત્રો ઉમેરી લખવી, કાવ્યમાં નવી પંક્તિઓ ઉમેરવી- જેવી અનેકવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો જોઈએ.

શિક્ષકે પોતાના શિક્ષણકાર્યમાં સર્જનાત્મકતા વિકાસ પ્રતિમાન, ક્રિયા દ્વારા શિક્ષણ, સ્થળ મુલાકાત, પ્રોજેક્ટ, સમસ્યા ઉકેલ, અને સ્વ-અધ્યયન જેવી પ્રયુક્તિઓનો સમાવેશ કરી, બાળકોની સર્જનાત્મકતાનો વિકાસ કરવો જોઈએ.

આ ઉપરાંત, અધ્યાપન સિવાયની કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ જેવી કે, જૂથમાં એલીયનનું સ્વાગત, ચિત્ર જોઈને વાર્તા લખો, સૂચના મુજબ ચિત્ર દોરો, વિવિધ વસ્તુઓની જાહેરાતો બનાવો, 10 વર્ષ પછીની તમારી

સવારની કલ્પના કરો, વિવિધ જૂથને 10-10 શબ્દો આપી તેના આધારે કવિતાની પંક્તિ લખવી- જેવી પ્રવૃત્તિઓ કરાવી વિદ્યાર્થીઓને સર્જનશીલ વિચારણા પ્રતિ દોરવા જોઈએ.

**સર્જનશીલ બાળકની ઓળખ :**

પ્રત્યેક બાળક કોઈ ને કોઈ બાબત, વિષય કે શોખના વિષયમાં સર્જનશીલ હોય છે. શિક્ષકે વર્ગનાં બાળકોની આ વિશેષતાઓને ઓળખી તેના વિકાસ માટે વિશેષ પ્રયત્નો કરવા જોઈએ. સર્જનશીલ બાળક આમ તો, સામાન્ય બાળકો જેવાં જ ગુણ-લક્ષણો ધરાવતો હોય છે. છતાં, કેટલાંક લક્ષણોમાં તે સામાન્ય બાળકો કરતાં જુદો હોય છે. આ જુદાપણું જ તેને સર્જનશીલ બાળક બનાવે છે. વર્ગમાં સર્જનશીલ બાળકની ઓળખ તેના કેટલાંક વિશિષ્ટ લક્ષણોથી થઈ શકે.

- જિજ્ઞાસુ સ્વભાવ હોય. પ્રત્યેક બાબતને જિજ્ઞાસાથી જુએ. નવું નવું જાણવા માટે સતત ઉત્સુક અને પ્રયત્નશીલ હોય.
- પરંપરાગત નિયમો ન પાળે. નિયમથી જુદું કરે. પોતાના કાર્ય કે વિચારમાં નવીનતા લાવે.
- આસપાસની ઘટનાઓ, વિચારો અંગે અગાઉ ન હોય તેવાં નવાં જોડાણો રચે, સંબંધ સ્થાપે.
- કલ્પનાશીલ હોય, દરેક બાબત કે સમસ્યાના સમાધાન માટે વિભિન્ન શક્યતાઓ તપાસે. પ્રસ્થાપિત વિચારો કે સમાધાન કરતાં તદ્દન નવાં સમાધાન શોધે.
- ઘટના કે વિચારને સમજવા માટે ખુલ્લું મન રાખે. અન્ય વ્યક્તિના સર્જનશીલ વિચારો સ્વીકારવા તૈયાર હોય. તેમ જ ઉત્તમ પરિણામો માટે પોતાના વિચારો પરિવર્તિત કરે.
- વિચાર, ક્રિયા કે વસ્તુના સર્જન માટે ઉતાવળ વિના કામ કરે. શાંત ચિત્તે એકાગ્રતાથી કાર્ય કરે.
- પોતાની સામે આવેલા પ્રશ્નો, સમસ્યાઓ, અને પડકારોને ઝીલે. ડર્યા વિના ઉત્સાહથી તેનો સામનો કરી, શ્રેષ્ઠ વિચારો, વિકલ્પો શોધે.
- વિચારો સાથે રમે. વિકલ્પોનો યોગ્ય ઉપયોગ કરી, તાજગીપૂર્ણ અભિગમો રચે. પ્રશ્નો, સમસ્યાઓ માટે ઘણા પ્રમાણમાં વિચારો વ્યક્ત કરે. વિશિષ્ટ- Unique અને હોશિયારીપૂર્ણ પ્રતિચારો અને ઉકેલો આપે.
- કાર્ય કે પ્રવૃત્તિ માટે સકારાત્મક વલણ ધરાવે. સકારાત્મક વિચારણા સાથે પ્રવૃત્તિમાં જોડાય. વિચારો, પ્રક્રિયા અને પરિણામો માટે ચિંતન કરે, અને પ્રગતિનું મૂલ્યાંકન કરે. જરૂર જણાય ત્યાં સુધારા કરે.
- ધ્યેયકેન્દ્રી હોય. ધ્યેયપૂર્તિ માટે સતત પ્રયત્નશીલ હોય. ધ્યેય પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યરત હોય.
- અન્યનું ધ્યાન કેન્દ્રિત કરવાની ઝંખના અને અન્યની પરવાહ ન કરવી- એમ વિરોધાભાસી વર્તનો ધરાવે. પોતાના કાર્ય માટે સકારાત્મક પ્રતિચારોની અપેક્ષા રાખે.
- સાંવેગિક રીતે સ્થિર ન હોય. મૂડ અને માનસિક સ્થિતિ વારંવાર બદલાય.
- તરંગી વિચારો ધરાવતો હોય. સામાન્ય વ્યક્તિઓ કરતાં જુદા જ, નવા જ વિચારો કરી, તેનો અમલ કરે. અન્ય કરતાં જુદાં તરી આવે.

શિક્ષક બાળકોનો પાલક, પોષક અને દુર્ગુણોનો સંહારક છે. એટલે જ તેને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહેવામાં આવે છે. પોતાની આ ભૂમિકાના વહન માટે શિક્ષકે સજ્જ થઈ, બાળકના વિકાસમાં સિંહફાળો આપવો પડશે. શિક્ષક બાળકમાં રહેલી બીજભૂત ક્ષમતાઓને ઓળખી, તેમની સર્જનશીલતાના વિકાસ થકી બાળકના વ્યક્તિગત, સામાજિક, આર્થિક અને વ્યાવસાયિક વિકાસનો માર્ગ પ્રશસ્ત કરી શકે છે. આ માટે સભાન, સહેતુક અને સકારાત્મક દિશામાં પગલાં ભરવા માટે સર્જનાત્મક વિચારણાનો વિકાસ પ્રથમ સોપાન સાબિત થઈ શકે તેમ છે, તેમાં શંકા ને કોઈ સ્થાન નથી.

# શિક્ષક એક સર્જનશીલ વ્યક્તિત્વ અને તેનું વર્તન



- ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી
અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર
શ્રીમતી બી.સી.જે.કૉલેજ ઓફ એજ્યુકેશન
એમ.એડ્., ખંભાત. મો. ૯૮૯૮૪૯૧૩૪૭

શિક્ષણનું કામ વ્યક્તિત્વનો વિકાસ કરવાનું છે. જહોન ડ્યુઈ કહે છે તેમ વિકાસ એટલે જ શિક્ષણ અને શિક્ષણ એટલે જ વિકાસ. સર્જનશીલ શિક્ષક વ્યક્તિના વિકાસને તાકે છે. વ્યક્તિના વ્યક્તિત્વને વિકસાવવાનું કામ શિક્ષણે કરવાનું હોવાથી શિક્ષણના ક્રમમાં ત્રણ બાબતો કરવાની રહે :

(1) વર્ગમાંના વિદ્યાર્થીઓની સર્જનશીલતાની ગુણવત્તામાં દેખાતી ઉચ્ચતાનો અંદાજ કાઢી સર્જનશીલ પ્રતિભા શોધી કાઢવી.

(2) સર્જનશીલ પ્રતિભાને ઊગી નીકળવાની તક આપવી. તેને પૂરતું પોષણ આપવું.

(3) સર્જનશીલ વ્યક્તિત્વનો સતત ઉપયોગ કરીને તેનો વિકાસ સાધવો.

આને માટે વર્ગમાંના વિદ્યાર્થીઓનો શિક્ષકે અભ્યાસ કરતા રહેવું પડે. સર્જનશીલતાની કેડી પકડનાર વિદ્યાર્થીઓનો સામાન્ય અભ્યાસ શિક્ષકને પોતાનું કામ આગળ વધારવા માટે ઘણી સહાયતા કરે. વિદ્યાર્થીમાંની સર્જકની દેખીતી લાક્ષણિકતાઓ ઉપરાંત સર્જનશીલતા માટેનું શિક્ષણ લેવાને વિદ્યાર્થી લાયક છે કે નહિ તે જાણવા માટે વિદ્યાર્થી સર્જનશીલતાને માટેની કેટલીક પૂર્વશરતો પૂરી કરે છે કે નહિ યા કેટલા પ્રમાણમાં પૂરી કરે છે તેનો પણ શિક્ષક અંદાજ કાઢી શકે. સર્જનશીલતાના શૈક્ષણિક ફલિતાર્થને માટે નીચેના જેવા મુદ્દાઓનો વિચાર કરી શકાય :

આનુવંશિક સંવેદનશીલતા સર્જનશીલતા માટે વ્યક્તિની પાસે રાખી શકાય એવી અપેક્ષા છે. સર્જકની બધી જ લાક્ષણિકતા અને ગુણવત્તા વ્યક્તિને વારસામાં મળે એવી અપેક્ષા નથી, ન જ હોય, કદાચ એ શક્ય પણ નથી. પરંતુ સંવેદનશીલતા એ તો એવી ગુણવત્તા છે, જે સર્જનશીલતાના સંદર્ભમાં જેટલી વધુ આનુવંશિક હોય એટલી શિક્ષણ દ્વારા સંસ્કારવાની વધુ અનુકૂળતા રહે. વ્યક્તિની સંવેદનશીલતા કદાચ તેને સર્જનશીલ બનવાની ફરજ પાડતી હોય.

ઘરનું વાતાવરણ સર્જનશીલતાને માટે પોષક છે કે અવરોધક એ પણ જોઈ લેવું પડે. અત્યંત રૂઢિચુસ્ત વાતાવરણ જેટલા પ્રમાણમાં માણસને રૂંધી શકે એટલા જ પ્રમાણમાં તેને નવી સંરચનાનું નિર્માણ કરવાનું ઉદ્દીપન પણ પૂરું પાડી શકે. સર્જનશીલતા એ આખરે તો વ્યક્તિનું એક વલણ છે, એક માનસિક ભૂમિકા છે. એટલે ઘરની રૂંધામણભરી તંગ પરિસ્થિતિ સર્જનશીલતાને અપકારક છે કે કેવળ તેને વ્યાઘાત પહોંચાડનારી જ છે એવું માની લેવાની જરૂર નથી. આમ છતાં ઘરનું વાતાવરણ માણસને સર્જનશીલતા તરફ વાળવામાં કે અવરોધવામાં ઘણી સારી ભૂમિકા ભજવી શકે એ બાબતની સરાસર અવગણના કરી શકાય નહિ.

કયા વિદ્યાર્થીઓ બીકણ છે ? પોતનાથી ડરતાં, બીજાથી ડરતાં, ટીકાટિપ્પણથી ડરતાં, ઉપહાસથી ડરતાં અને કશાથી, કોઈનાથી ન ડરતાં બાળકો પોતાના વર્ગમાંથી સર્જનશીલ શિક્ષકે ઓળખીને જુદાં પાડવાં પડે. સર્જનશીલ શિક્ષકે કેવળ પ્રેમાળ થવાની, હૂંફ આપ્યા કરવાની, ભાઈબાપા કરવાની રીત થોડી ઓછી કરવી પડે. નીડર બાળકો કેટલી હદ સુધી પોતાની નીડરતા બતાવી શકે છે એ જાણવા માટે ક્યારેક કઠોરતાપૂર્વક ઝાટકણી પણ કાઢવી પડે. વિદ્યાર્થીઓને વધુ ને વધુ વિષમ પરિસ્થિતિઓમાં ધકેલતા રહેવું પડે. ઉપમન્યુને એના ગુરુ ધૌમ્ય ઋષિએ કેવી પરિસ્થિતિઓમાં ધકેલ્યો હતો. બૃહસ્પતિ શિક્ષક હતા. એમણે ધાર્યું હોત તો પોતે શુક્રની પાસેથી સંજીવન મંત્ર બીજી કોઈ રીતે મેળવી શક્યા હોત

પરંતુ તેમણે તેને માટે પોતાના પુત્રને દેવયાનીના પિતા અને દૈત્યોના ગુરુ આચાર્ય શુક્રની પાસે મોકલ્યો અને પછી કચને કેવી નાજુક પરિસ્થિતિનો સામનો કરવો પડયો ! એટલે કેવળ ફોસલાવી પટાવીને કે ભાઈબાપા કરીને કદાચ વિદ્યાર્થીઓને ઇન્દ્રિયોની તાલીમ આપી શકાય (કે જે પશુઓને પણ આપી શકાય છે), પણ સર્જનશીલતા માટેનું શિક્ષણ ન આપી શકાય. બાળક પરિસ્થિતિનો સામનો કઈ રીતે અને કેટલી ત્વરાથી-આતુરતાથી કરે છે તેના ઉપર જ એની સર્જનશીલતાનો આધાર છે. આનો અર્થ એવો નથી કે શિક્ષકે નિર્દય, શુષ્ક અને ક્રોધી બની જવું, પરંતુ આનો અર્થ એ છે કે વિદ્યાર્થીને અંગૂઠા પકડાવવા, માર મારવો, ઊઠબેસ કરાવવી વગેરે જેવી શારીરિક શિક્ષા કરવાને બદલે શિક્ષા કરવાના સમયે પણ વિદ્યાર્થીને પરિસ્થિતિનો મુકાબલો કરવાની તક આપવામાં આવે તો એ વિદ્યાર્થીને પારખવાની શિક્ષકની આવશ્યકતા પૂરી કરવામાં તથા તેને સર્જનશીલતાની નજીક જવામાં સહાયક થઈ શકે.

સર્જક એ સમાજનું એવું પ્રાણી છે જેણે સૌથી વધુ શ્રમ કરવો પડતો હોય છે. કામ કરવાની દાનત, વૃત્તિ, ધગશ જેટલી વધારે એટલી જ સર્જનશીલતાની સફળતા. વિદ્યાર્થીની કામ કરવાની દાનત કેટલી છે, નિયત સમયમાં શિસ્તબદ્ધ રીતે કામ પતાવવાની તેને ઘરમાંથી જ કંઈ તાલીમ મળી છે કે નહિ તેનો ખ્યાલ મેળવી લેવો પડે.

આવી ચકાસણીના આધારે શિક્ષણમાં સર્જનશીલતાના પ્રવેશને માટેનો માર્ગ મોકળો કરી શકાય. જો આવી ચકાસણી દરમ્યાન બાળકો પોતાની સર્જક તરીકેની લાક્ષણિકતાઓ વર્તનમાં પ્રકટ કરતાં હોય તો એમ કહી શકાય કે તેમની સર્જનશીલતાને પોષણની જરૂર છે. પોષણને માટે તેઓ ઝંખે છે.

વિદ્યાર્થીની સર્જનશીલતાની ગુણવત્તાનો અંદાજ મેળવવા માટે વધુ સારી પ્રયુક્તિ અવલોકન છે. કારણ કે બાળકને સમજવાનું છે. બાળકને સમજવા માટે બુદ્ધિકસોટી-વિશિષ્ટ શક્તિ કસોટી-રસસંશોધિની વગેરેનો પણ ઉપયોગ થઈ શકે પરંતુ તેનાથી બાળકની સર્જનશીલતા પકડવાનું કામ થઈ શકવું મુશ્કેલ છે. બાળકને તેની સમગ્રતાના પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે તટસ્થ અવલોકનનો સહારો લેવાય એ જરૂરી છે. પેસ્ટોલોઝી કહે છે તેમ તમે બાગમાં ઊગી નીકળતા છોડને, ઊગી નીકળતી કૂંપળને જુઓ છો, જોઈ શકો, માત્ર જોઈ જ શકો, તેમ તમે બાળકને ઊગતું, ઊછરતું, ઊછરીને મહાન સર્જક થતું જુઓ, જોઈ શકો. બાળકને-વિદ્યાર્થીને નીરખવાનો સમય કાઢવો જ રહ્યો.

**સર્જનશીલ શિક્ષકનું વ્યક્તિત્વ અને વર્તન :**

માણસના વર્તન અને વ્યક્તિત્વની લાક્ષણિકતાઓ તેની સર્જનશીલતાને પ્રકટ કરતાં હોય છે. સર્જનશીલ શિક્ષકને ઓળખવા માટે (યા શિક્ષકે પોતે પોતાને ઓળખવા માટે) તેના વર્તન અને વ્યક્તિત્વનું અવલોકન કરવાથી ઘણું જાણી શકાય. સર્જનશીલ વ્યક્તિત્વનાં કેટલાંક પાસાં અને તેના પર આધારિત તેની વર્તનતરાહો આવી હોઈ શકે :

મૌલિક્તાનો આગ્રહ : શિક્ષક પોતે જે કાંઈ કરતો હતો તેમાં તેને ફેરફાર કરવાની જરૂર જણાય. પરિસ્થિતિના સંદર્ભમાં આયોજન, સલાહસૂચનો, શિક્ષણશાસ્ત્રના નિયમો એ બધાને પળવારને માટે બાજુએ રાખીને એ કોઈક જગ્યાએ પોતાના 'સ્વ'નો ઉપયોગ કરતો હોય. પોતાના શિક્ષણ-કાર્યમાં વખતોવખત નવું ઉમેરે, જરૂર જણાયે જૂનું બાદ કરે, વાંચે, પોતે વિચાર કરે, વિચારીને શીખવવા જાય, શીખવ્યા પછી પણ વિચાર કરે અર્થાત્ મૌલિકતાનો આગ્રહી શિક્ષક પુસ્તક અને વિદ્યાર્થીની વચ્ચે માહિતીવાહક યંત્ર તરીકે કામ કરતો ન હોય.

**નમનશીલતા:** પોતાના વિચારો, ખ્યાલો, માન્યતાઓ, જ્ઞાન, માહિતી વગેરેમાંથી જે કાંઈ ખોટું હોય તેનો સ્વીકાર કરવાની નમ્રતા અને આવશ્યકતાનુસાર બદલતા રહેવાની તૈયારી એટલે નમનશીલતા. નમનશીલતા એટલે જ કોમળતા-ઋજુતા. 'વા ફરે વાદળ ફરે' તોપણ હું બોલ્યો એ જ સાચું એવું માનનારો શિક્ષક સર્જનશીલ શિક્ષક ન હોઈ શકે, ભૂલનો સ્વીકાર અને સુધારવાની તૈયારી. પોતે જ પોતાની ભૂલો, મર્યાદાઓ

શોધતા રહેવાની અને મઠારતા રહેવાની સભાનતા. કવિ નાટ્યકાર ભવભૂતિની નમનશીલતા કેવી! કેટલો બધો આત્મગૌરવવાળો એ સર્જક હશે : ऊत्पत्स्यतेस्ति ममं सोऽपि समानधर्मा (મારા સર્જનની કદર કરનારો મારો કો' સમાનધર્મી પાકશે) એમ કહેનારો નાટ્યકાર પોતાનું નાટક લઈને કહેવાય છે કે કાલિદાસને બતાવવા ગયો. કાલિદાસે આખુંય નાટક સાંભળીને એક અનુસ્વાર વધારે મુકાઈ ગયું હોવાની ભૂલ બતાવી. ભવભૂતિએ ખૂબ નમ્રતાથી ભૂલ સ્વીકારી લીધી. એ વખતે " જોયો જોયો હવે કાલિદાસ" એવો ફાંકો રાખીને તેણે કાલિદાસની પાસે જવાનું ટાળ્યું હોત તો રામ જેવા રામના જીવનને ખોટી રીતે ચીતરી નાખવાનું કલંક તેની કૃતિ પર રહી જાત ને ! કહેવાનું તાત્પર્ય એ છે કે નમનશીલતા સર્જકને વધારે સમૃદ્ધ બનાવે છે. આમ છતાં નમનશીલ બનવું એનો અર્થ એ નથી કે અનુયાયી બની જવું.

**વિચારસમૃદ્ધિ :** વિચારદારિદ્રય માણસને સર્જક બનવા દેતું નથી. શિક્ષકને વિચારદારિદ્રય કદાચ માહિતી આપનાર શિક્ષક તરીકે કાયમી થવા દે, પરંતુ સર્જક ન બનવા દે. શિક્ષકની પાસે નવા નવા વિચારોની સમૃદ્ધિ હોય તો જ એ પોતાના કામમાં હરઘડી નવીનતા લાવી શકે, બાળકોને નવીનતા તરફ દોરી જઈ શકે. આવો શિક્ષક પરિસ્થિતિ પર, બાળકના વર્તન પર, પાઠયક્રમના મુદ્દા પર, નાનામાં નાના શબ્દસ્વરૂપ પર કે તેના અર્થ પર વિચાર કરતો હોય. વિચાર્યા વિના વર્ગમાં ન જાય. પોતાના શિક્ષણકાર્યની યોજનાને તાર્કિક ક્રમમાં ગોઠવે, વર્ગમાં તાર્કિક ક્રમમાં આગળ વધે, વર્ગમાં જઈને ધૂંઆધાર ભાષણબાજી કરતો નથી. કોઈની વાત ગમે તેમ માની પણ લેતો નથી કે ગમે તેમ ઉડાવી દેતો નથી. વિચારને માટેની સમસંવેદના એ આવા શિક્ષકનો વિશેષ છે.

**પુનરાવૃત્તિ માટેની નફરત :** એકનું એક કામ યા એકની એક પ્રવૃત્તિ ફરીફરીને કરવાનો કંટાળો. પ્રત્યેક વખતે આગળના અનુભવનું પુનરાવર્તન ન કરતાં એ અનુભવને મઠારવાની યા અનુભવની પુનઃરચના કરવાની ટેવ એ સર્જનશીલતાની નિશાની છે. એક જ કાવ્ય યા બીજું કોઈ વિષય-વસ્તુ શીખવવાની ધારો કે સતત ત્રણ-ચાર વર્ષ સુધી ફરજ પડે ત્યારે આવો શિક્ષક આગળના અનુભવમાં નવા વાચન, વિચાર યા ચર્ચાના આધારે ઘણા નવા ફેરફારો કરવાની ખેવના રાખતો હોય છે. એ ચુસ્તપણે કશાને ખોટી રીતે વળગી રહેવામાં માનતો નથી. એ જ રીતે બીજાની કોઈ સારી બાબતનો પોતે અમલ જરૂર કરી જુએ છે, પરંતુ તેને જ જીવનમંત્ર બનાવીને હવે આમાં ફેરફારને કોઈ અવકાશ નથી,' એવું એ માનતો હોતો નથી.


હવે
**બાળવિશ્વ**
વાંચો અને
**સાંભળો પણ..!**



બાળવિશ્વ હવે સમાવેશી (Inclusive) બની રહ્યુ છે. દિવ્યાંગજનો ઉપરાંત સૌ કોઈ આ નવા ઑડિયો માધ્યમનો મહત્તમ ઉપયોગ કરી શકે છે.

**ધ્વનિમુદ્રણ સૌજન્યઃ અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.**

# બાળકોની સર્જનાત્મકતા આધારિત સંશોધનોના નિષ્કર્ષોની ઝાંખી



- પારસ ટી. વાઘેલા
મદદનીશ પ્રાધ્યાપક, સૂરજબા કોલેજ
ઓફ એજ્યુ. જિ. મહેસાણા ૩૮૨૭૧૫
મો. ૮૭૮૦૬૧૦૩૦૪

**સર્જનાત્મકતાઃ બાળમનનો અદ્દશ્ય ખજાનો :**

બાળક દરેક પ્રશ્નના પાછળ નવા જવાબ શોધવા ઇચ્છે છે, જો આપણે તેની કલ્પનાને અવકાશ આપી એ તો તે નવી દુનિયા ઘડી શકે છે. આ વિચારશૈલી માત્ર કલ્પના નથી, પરંતુ અવારનવાર સંશોધનોથી સાબિત થઈ છે. સર્જનાત્મકતા એટલે માત્ર ચિત્ર કે કાવ્ય રચનાની ક્ષમતા નહીં, પણ નવા સંદર્ભમાં જુદું વિચારવાની અને નવીનતાથી સમસ્યાનો ઉકેલ લાવવાની માનસિક ક્ષમતા છે. બાળકના વિકાસમાં સર્જનાત્મકતા, તર્કશક્તિ, ભાવનાત્મક અભિવ્યક્તિ અને નવીનતા માટે પાયાદૃઢ ભૂમિકા ભજવે છે.

આ લેખમાં આપણે સમજીશું કે બાળસર્જનાત્મકતા વિષયક કેટલાંક મહત્ત્વપૂર્ણ સંશોધનોના આધારે શું નિષ્કર્ષો સામે આવ્યા છે. જે શિક્ષકો, માતા-પિતાઓ, બાળ-મનોવિજ્ઞાનીઓ, સંશોધકો અને બાળકોના વિકાસ સાથે કામ કરતી સંસ્થાઓ માટે માર્ગદર્શક બની શકે છે.

**બાળસર્જનાત્મકતા અંગે સંશોધનો શું કહી રહ્યાં છે? :**

વર્ષોથી થતાં સંશોધનો દર્શાવે છે કે બાળમનમાં નવલકથન, કલ્પના, મુક્ત અભિવ્યક્તિ અને નવીન વિચારશક્તિ કેવી રીતે વિકસે છે. આવા સંશોધન આધારિત અભિગમ દ્વારા આપણે બાળકો માટે વધુ અસરકારક શિક્ષણ અને સંવેદનશીલ માર્ગદર્શન આપી શકીએ છીએ.

નીચે કેટલાંક મહત્ત્વપૂર્ણ ભારતીય સંશોધનો છે. જે દેશનાં વિવિધ સ્થળોએ બાળસર્જનાત્મકતા વિષયક પર થયા છે. તેનાં પરિણામો શું આવ્યાં અને તેમાંથી શું શીખવા જેવું છે તેની ઝલક જોઈએ.

1. M.S. University, Baroda-(2015) conducted study on Divergent Thinking:

આ સંશોધનનું કેન્દ્રબિંદુ બાળકની વિચારશક્તિ કેવી રીતે વિકસે છે જ્યારે તેને એક પ્રશ્નના અનેક જવાબ શોધવા માટે પ્રેરણા મળે છે. આ અભ્યાસ દરમ્યાન, પ્રશ્ન પૂછવાની ઢબ અને જવાબ શોધવાની પ્રક્રિયા વચ્ચેના સંબંધને સમજવાનો પ્રયત્ન થયો હતો.

**નિષ્કર્ષ** : જ્યારે બાળકોને સ્વતંત્ર પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે, ત્યારે તેઓ જુદાં જુદાં દૃષ્ટિકોણથી વિચારવાનું શરૂ કરે છે અને તેમાં વધુ સર્જનાત્મકતા દેખાય છે. અહીં માતા-પિતાઓ અને શિક્ષકોએ સજવવું જોઈએ કે, દરેક પ્રશ્નનો 'એક સાચો જવાબ' હોવો જરૂરી નથી. ક્યારેક પ્રશ્ન એ વિચારમંથન માટેનો દરવાજો હોય છે. "તું હોત તો શું કરત?" જેવા પ્રશ્નો બાળકની અંદર રહેલી સર્જનાત્મક શક્તિને ઊંડી અને અનોખી દિશા આપે છે.

2. Gujarat Vidyapith, Ahmedabad-(2016) વાર્તાવલોકન આધારિત અભ્યાસ :

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ૬થી 12 વર્ષની ઉંમરનાં બાળકો પર આયોજિત આ સંશોધનમાં લોકવાર્તાઓ અને કથાઓનો ઉપયોગ કરીને કલ્પનાશક્તિના વિકાસમાં એની અસર શોધવામાં આવી હતી.

**નિષ્કર્ષ** : વાર્તાઓ માત્ર મનોરંજનનું સાધન નથી, પણ બાળકની અંદર રહેલી સર્જનાત્મકતા માટે પ્રેરણાનો સ્રોત છે. ઘરમાં વાર્તા સંભળાવ્યા પછી "તું આ વાર્તાનો બીજો અંત શો બનાવે?" એવું પૂછવું એ બાળકના વિચારોને નવી દિશા આપે છે.

3. Tata Institute of Social Sciences-(TISS), Mumbai-(2016) પ્રયોગાત્મક અભ્યાસ :

ટાટા ઇન્સ્ટિટ્યૂટે બાળકના આત્મવિશ્વાસ અને અભિવ્યક્તિ ક્ષમતા વચ્ચે વિકલ્પોની ભૂમિકા સમજવા માટે અભ્યાસ કર્યો, જેમાં બાળકોને શીખવા માટે

વિચારોની પસંદગી કરવાની છૂટ મળી હતી.

**નિષ્કર્ષ** : જ્યારે બાળક પોતાના શીખવાનો રસ્તો પોતે પસંદ કરે છે, ત્યારે તેની અંદરથી નવતર વિચાર પોતે બહાર લાવે છે. બાળકને 'એક સમાન માર્ગ' પર દોડાડવાને બદલે, તેને પોતાનું માર્ગ નક્કી કરવાની છૂટ આપવી એ એમનામાં સર્જનાત્મકતાનું વાવેતર કરે છે.

4. NIMHANS, Bengaluru-(2017) ન્યુરોસાયન્સ આધારિત અભ્યાસ :

NIMHANS દ્વારા પ્રારંભિક ઉંમરનાં બાળકોમાં મગજના વિકાસ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ વચ્ચેના સંબંધને સમજવાનો પ્રયાસ થયો હતો. જેમાં સંગીત, PUPPET SHOW, રંગો અને અવાજ-આધારિત રમતોમાં જોડાયેલાં બાળકોમાં મગજનો આગળનો ભાગ વધુ સક્રિય દેખાયો, જે સર્જનાત્મક વિચાર સાથે જોડાયેલો હોય છે.

**નિષ્કર્ષ** : આ અભ્યાસ દર્શાવે છે કે દરરોજની 15 મિનિટ પણ બાળકો માટે સર્જનાત્મકતા વધારવા પૂરતી હોય છે. જો તે સમય PUPPET, અવાજ કે સંગીત જેવી કૃતિઓ માટે આપવામાં આવતો હોય તો.

5. Saurashtra University, Rajkot-(2018) ભાષા આધારિત અભ્યાસ :

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ભાષાકળા આધારિત પ્રવૃત્તિઓ, જેમકે મુક્ત લેખન, વાર્તારચના અને સંવાદ દ્વારા અભ્યાસ કર્યો કે કેવી રીતે બાળકોની અંદર રહેલી અભિવ્યક્તિ શક્તિ વિકસે છે.

**નિષ્કર્ષ** : બાળકોને "એક વાર્તા પૂરી કરો" અથવા "તું શું લખી બતાવશે?" એવી પ્રવૃત્તિઓ આપવાથી તેમની અંદર રહેલી સર્જનાત્મકતા બહાર આવે છે. અહીં માતા-પિતાએ એટલું સમજવું જોઈએ કે, એક ખાલીપો પણ બાળક માટે કલ્પનાનો દરવાજો ખોલી શકે છે.

6. M.S. University, Baroda–Ph.D. Thesis-(2018) ચિત્ર અને રમકડાં આધારિત અભ્યાસ :

આ સંશોધનમાં ધ્યાન આપવામાં આવ્યું કે જીવનઘટનાઓને ચિત્ર કે કલાત્મક રમકડાંથી રજૂ કરાવવાથી બાળકો કેવી રીતે પોતાની અંદર રહેલા વિચારો અને લાગણીઓ વ્યક્ત કરે છે.

**નિષ્કર્ષ** : જયારે બાળકોએ પોતાની રીતે જીવનદશ્યો ચિત્રમાં ઉતાર્યા, ત્યારે તેમણે પોતાની જુદી-જુદી લાગણીઓને સર્જનાત્મક રીતે રજૂ કરી હતી. આથી ઘરમાં બાળકને Crayons-(રંગીન કલરપેન) કે મુક્ત-ચિત્રકામ માટે અવકાશ આપવો, જે તાત્કાલિક-મૂલ્ય કરતાં લાંબા-ગાળાનો વિકાસ કરાવનારી ક્રિયા છે.

7. Samagra Shiksha Abhiyan-(2019) શાળાકક્ષાનું વિવિધ રાજ્ય-અંતર્ગત અભ્યાસ :

આ અભ્યાસમાં શાળાઓમાં "Creative Hour" જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓના શૈક્ષણિક અસરને અનુસંધાનમાં લઈ વિશ્લેષણ કરાયું હતું. તેમાં એવી શાળાઓ સમાવિષ્ટ હતી, જ્યા શૈક્ષણિક-સમય દરમિયાન વિદ્યાર્થીઓને ચિત્રકામ, નાટક કે વાર્તારચના જેવી પ્રવૃત્તિઓ કરાવવા માટે ખાસ સમય અપાતો હોય.

**નિષ્કર્ષ** : જ્યાં બાળકોને દરરોજ થોડીવાર માટે મુક્ત રીતે પોતાનું સર્જનાત્મક કામ રજૂ કરવાની તક મળે છે, ત્યાં તેઓ અભિવ્યક્તિમાં વધુ પ્રગટ અને નવીન વિચાર સાથે આગળ આવે છે. માતા-પિતાએ ઘરમાં 'Innovation Time' સક્રિય બનાવવો જોઈએ. જેથી બાળકના આંતરિક વિચારોને સર્જનાત્મકતા આપી શકાય.

8. NCERT-(2019) Inquiry-Based Learning પર અભ્યાસ :

જ્યારે બાળકોને પોતે પ્રશ્નો પૂછવા અને જવાબ શોધવા માટે પ્રેરિત કરવામાં આવે ત્યારે તેમની શીખવાની ગુણવત્તા અને સર્જનાત્મક અભિગમમાં શું-શું ફેરફાર આવે છે તેનો અભ્યાસ થયો.

**નિષ્કર્ષ** : અભ્યાસમાં સાબિત થયું કે જયાં શિક્ષકોએ બાળકોને મુક્ત પ્રશ્નો પૂછ્યાં અને વિષયને વાર્તા રૂપે સમજાવ્યું, ત્યાં વિદ્યાર્થીઓ વધુ નવીન અને ઊંડા વિચારો સાથે શીખતા થયા. આથી માતા-પિતાએ "તું હોત તો શું કરત?" અથવા "શા માટે એમ થયું હશે?" જેવા પ્રશ્નો પૂછવા. જેથી બાળકોમાં સર્જનાત્મકતાથી વિચારતાં થાય.

9. DIET, Bhavnagar-(2020) Project-Based

Learning પર જિલ્લાકક્ષાનો અભ્યાસ :

DIET એ ભાવનગરની કેટલીક શાળાઓમાં PBL મૉડલ લાગુ કરીને સંશોધન કર્યું. જેમાં વિદ્યાર્થીઓને પોતાની પસંદના વિષય પર કામ કરવાની છૂટ આપવામાં આવી હતી અને અંતે તેની રજૂઆત કરવાની તક આપી.

**નિષ્કર્ષ** : જે બાળકો પોતે વિષય પસંદ કરતા અને તેના પર નવી પદ્ધતિથી કામ કરતા, તેઓએ નવી દૃષ્ટિ રજૂ કરી. વાલીઓ બાળકને એક નાનકડું પ્રોજેક્ટ આપે, જેમ કે "તું તારી સ્કૂલ બનાવ" તો એ વિચારનો એક પાયો રાખી શકાય. જેમાં વિચારો માં સર્જનાત્મકતાનું સર્જન ઊભું કરી શકાય.

10. GCERT, Gandhinagar-(2020) Art Integrated Learning-(AIL) પર રાજ્યકક્ષાનું વિશ્લેષણ :

GCERT દ્વારા રાજ્યભરની શાળાઓમાં AIL પદ્ધતિ અમલમાં લઈ શીખવાની નવી પદ્ધતિઓના અભ્યાસનું મૂલ્યાંકન કરાયું. જેમાં મુખ્યત્વે ચિત્ર, ગીત અને નાટ્યરૂપે વિષયો શિખવાડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

**નિષ્કર્ષ** : જ્યારે વિષયને ગીત, રોલપ્લે કે ચિત્રની માધ્યમથી રજૂ કરવામાં આવ્યો, ત્યારે બાળકો વિષયને વધુ પોતાના રીતે સમજતાં થયાં. માતા-પિતાઓએ હોમવર્કને પણ ગીત કે નાટક જેવી સર્જનાત્મક પ્રવૃત્તિમાં ફેરવવાં જોઈએ.

11. Children's University, Gandhinagar-(2021) રમત આધારિત અભ્યાસ :

બાળકના શારીરિક અને માનસિક વિકાસ વચ્ચેના સંબંધો શોધવા માટે ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી દ્વારા રમતમાં રહેલી સર્જનાત્મકતા પર અભ્યાસ કરાયો. અહીં પઝલ, બ્લોક, રોલપ્લે અને ઈમેજિનેશન આધારિત રમતોનો સમાવેશ કર્યો હતો.

**નિષ્કર્ષ** : જે બાળકો નિયમિત રીતે સ્ક્રીન વગરના રોચક અને ક્રિયાત્મક રમતમાં જોડાયા હતા, તેઓએ વધુ વૈવિધ્યપૂર્ણ વિચારો અને નવતર ઉકેલો રજૂ કર્યા. "Brain Game Time" ઘરમાં અપનાવવાથી બાળકનો માનસિક વ્યાયામ પણ થાય છે અને સર્જનાત્મકતા પણ વિકસે છે.

12. IIPR, Bangalore-(2021) વાર્તાકથન આધારિત મનોવિજ્ઞાન અભ્યાસ :

આ સંશોધનમાં જોવાયું કે વાર્તામાં પાત્ર બનીને રજૂઆત કરવાથી બાળકોની 'Abstract Thought' શક્તિ કેટલા પ્રમાણમાં વિકસે છે.

**નિષ્કર્ષ** : જ્યાં બાળકોએ વાર્તામાં પાત્ર બની અભિનય કર્યો, ત્યાં તેમણે પોતાના વિચારોને અલગ રીતે રજૂ કરવાની ક્ષમતા દેખાડી. માતા-પિતાઓ વાર્તા પછી "તું શું બનીશ?" પૂછે તો, સર્જનાત્મકતા બાળકના વિચારોને જીવંત કરી શકે.

13. Navrachana University, Vadodara-(2022) Nature-Based Learning અભ્યાસ :

નવરચના યુનિવર્સિટીએ કુદરતી તત્ત્વો સાથે જોડાયેલી શીખવાની પ્રવૃત્તિઓ-જેમ કે માટી, પાંદડાં, અને કંકુથી ચિત્રકામના સર્જનાત્મક વિકાસ પર શું અસર પડે તે જાણવા અભ્યાસ કર્યો.

**નિષ્કર્ષ** : કુદરત સાથે જોડાયેલી પ્રવૃત્તિઓએ બાળકોને મૌલિક વિચાર કરવા માટે પ્રેરિત કર્યા. ઘરમાં રવિવારે માતા-પિતાએ બાળકને "કંકુથી તું શું બનાવી શકે?" જેવી પ્રવૃત્તિ કરાવવી. જેથી પ્રવૃત્તિમાંથી સર્જનાત્મકતાનું બીજ ઉગાડી શકાય.

14. IITE, Gandhinagar (2023) Children's Creativity Test-Trials :

IITE દ્વારા 'મુક્ત અવકાશ અને સ્વતંત્ર વિચારો' વિષય પર પાઈલટ સ્ટડી હાથ ધરવામાં આવી હતી. જ્યાં બાળકને કોઈ નિર્દેશ વગર, ફક્ત એક પ્રશ્ન આપવામાં આવ્યો "તું કંઈ પણ બનાવી શકે તો શું બનાવે?"

મૂલ્યાંકન દરમિયાન બાળકોમાંથી એવા વિચારો સામે આવ્યા જેમણે પૂર્વગ્રહ અને શૈક્ષણિક મર્યાદાઓને પણ પાછળ છોડી દીધા. અહીંથી શીખવા જેવી વાત એ છે કે જ્યારે બાળકને તેના મનમોજી વિચારો માટે અવકાશ મળે, ત્યારે તે પોતાની દુનિયા ઘડી શકે છે. બસ એ જ છે સાચી સર્જનાત્મકતા.

# સર્જનાત્મક ભારતીય વ્યક્તિઓ : જીવન અને પ્રદાન



- ડૉ. વૈશાલી શાહ
નિયામક, શેઠ સી. એન. વિદ્યાવિહાર,
આંબાવાડી, અમદાવાદ.
મો. ૮૪૬૯૦૩૫૮૭૦

ભારત, એક એવી ભૂમિ જ્યાં સદીઓથી કલા, વિજ્ઞાન, સાહિત્ય અને આધ્યાત્મિકતાનો સમન્વય થતો રહ્યો છે. આ ભૂમિએ અનેક એવા મહાનુભાવોને જન્મ આપ્યો છે જેમણે પોતાની સર્જનાત્મકતા દ્વારા વિશ્વભરમાં નામના મેળવી છે. તેમની સફળતા પાછળ તેમનું બાળપણ, તેમના પર થયેલા વિવિધ પસારો (પ્રભાવો) અને તેમનું અદ્ભુત પ્રદાન છુપાયેલું છે. આ લેખમાં, આપણે કેટલીક આવી સફળ સર્જનાત્મક ભારતીય વ્યક્તિઓ, તેમના જીવનના પ્રારંભિક તબક્કાઓ, તેમને પ્રભાવિત કરનારા પરિબળો અને સમાજ તેમજ વિશ્વને તેમનું શું પ્રદાન રહ્યું છે તેની વિગતવાર ચર્ચા કરીશું.

**1. રવીન્દ્રનાથ ટાગોરઃ કલા, સાહિત્ય અને સંગીતનો ત્રિવેણી સંગમ**

**બાળપણ અને પસારો** : રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ 7 મે, 1861 ના રોજ કોલકાતાના જોરાસાંકોમાં એક અત્યંત પ્રતિષ્ઠિત અને સંસ્કારી પરિવારમાં થયો હતો. તેમના પિતા દેવેન્દ્રનાથ ટાગોર બ્રહ્મો સમાજના અગ્રણી નેતા હતા અને માતા શારદાદેવી અત્યંત ધાર્મિક વૃત્તિનાં હતાં. ટાગોરનું બાળપણ એક વિશાળ હવેલીમાં વીત્યું જ્યાં કલા, સાહિત્ય, સંગીત અને ધર્મનું વાતાવરણ હતું. તેમને શાળાનું પરંપરાગત શિક્ષણ ખાસ પસંદ નહોતું, અને તેઓ ઘણીવાર શાળામાંથી ભાગી જતા. જોકે, તેમના ઘરે જ તેમને ખાનગી શિક્ષકો દ્વારા બંગાળી, સંસ્કૃત, અંગ્રેજી અને ગણિતનું જ્ઞાન આપવામાં આવ્યું. નાનપણથી જ તેઓ કવિતાઓ લખતા અને સંગીતમાં રુચિ ધરાવતા હતા. તેમનાં મોટા ભાઈઓ અને બહેનો પણ કલા અને સાહિત્યના ક્ષેત્રે સક્રિય હતાં, જેનો સીધો પ્રભાવ તેમના પર પડ્યો. પ્રકૃતિ પ્રત્યેનો તેમનો પ્રેમ પણ નાનપણથી જ વિકસ્યો હતો, અને તેઓ કલકત્તાની ગીચતામાંથી મુક્ત થઈ શાંત વાતાવરણમાં સમય વિતાવવાનું પસંદ કરતા. આંતરિક સંવેદનશીલતા અને પ્રકૃતિ સાથેનું તેમનું જોડાણ તેમની સર્જનાત્મકતાનો પાયો બન્યાં.

**પ્રદાન** : રવીન્દ્રનાથ ટાગોર એક બહુમુખી પ્રતિભા હતા. તેઓ માત્ર એક કવિ જ નહીં, પણ નવલકથાકાર, નાટ્યકાર, સંગીતકાર, ચિત્રકાર, શિક્ષણવિદ અને દાર્શનિક પણ હતા. તેમને 1913 માં તેમના કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ' માટે સાહિત્યનો નોબેલ પુરસ્કાર મળ્યો, જે નોબેલ પુરસ્કાર મેળવનાર પ્રથમ બિન-યુરોપિયન વ્યક્તિ બન્યા. તેમણે લગભગ 2,000 થી વધુ ગીતોની રચના કરી, જેને 'રવીન્દ્ર સંગીત' તરીકે ઓળખવામાં આવે છે. તેમણે ભારતનું રાષ્ટ્રગીત 'જન ગણ મન' અને બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત 'આમાર સોનાર બાંગ્લા' પણ લખ્યું. શાંતિનિકેતનમાં તેમણે વિશ્વ-ભારતી યુનિવર્સિટીની સ્થાપના કરી, જે પરંપરાગત ભારતીય અને પશ્ચિમી શિક્ષણ પ્રણાલીનો સુભગ સમન્વય હતી. ટાગોરનું પ્રદાન માત્ર કલા પૂરતું સીમિત નહોતું, તેમણે સામાજિક સુધારણા, ગ્રામીણ વિકાસ અને આંતરરાષ્ટ્રીય સમજૂતી માટે પણ કાર્ય કર્યું.

**2. સત્યજિત રેઃ ભારતીય સિનેમાના ભીષ્મ પિતામહ**

**બાળપણ અને પસારોઃ** સત્યજિત રેનો જન્મ 2 મે, 1921 ના રોજ કોલકાતાના એક પ્રખ્યાત બ્રહ્મો પરિવારમાં થયો હતો. તેમના પિતા સુકુમાર રે એક જાણીતા બંગાળી લેખક અને ચિત્રકાર હતા, જ્યારે તેમના દાદા ઉપેન્દ્રકિશોર રે ચૌધરી પણ લેખક, ચિત્રકાર, સંગીતકાર અને ટેક્નોલૉજીસ્ટ હતા. રે માત્ર ત્રણ વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું, અને તેમનો ઉછેર તેમની માતા સુપ્રભા રે દ્વારા કરવામાં આવ્યો. બાળપણથી જ તેમને કલા, સાહિત્ય અને સંગીતમાં ઊંડો રસ હતો. તેમણે

પ્રેસિડેન્સી કૉલેજમાંથી અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો, પરંતુ તેમનું હૃદય હંમેશાં કલામાં જ રહ્યું. શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથ ટાગોર દ્વારા સ્થાપિત વિશ્વ-ભારતી યુનિવર્સિટીના કલા ભવનમાં તેમણે ચિત્રકલાનો અભ્યાસ કર્યો. અહીં તેમને ભારતીય અને પશ્ચિમી કલાનાં વિવિધ સ્વરૂપોનો ઊંડો અભ્યાસ કરવાની તક મળી. રેના જીવન પર ભારતીય શાસ્ત્રીય સંગીત, પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીત, સાહિત્ય અને યુરોપિયન સિનેમાનો ઊંડો પ્રભાવ પડ્યો હતો, ખાસ કરીને ઇટાલિયન નિયો-રિયલિઝમ ફિલ્મોનો.

**પ્રદાન** : સત્યજિત રે ભારતીય સિનેમાના ઇતિહાસમાં સૌથી મહાન ફિલ્મ નિર્માતાઓમાંના એક ગણાય છે. તેમણે ૩૬ ફિલ્મોનું નિર્દેશન કર્યું, જેમાં ફીચર ફિલ્મો, દસ્તાવેજી ફિલ્મો અને ટૂંકી ફિલ્મો સામેલ છે. તેમની પ્રથમ ફિલ્મ 'પાથેર પાંચાલી' (1955) એ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવી અને કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં "બેસ્ટ હ્યુમન ડોક્યુમેન્ટ"નો પુરસ્કાર જીત્યો. આ ફિલ્મ 'અપુ ટ્રાયોલોજી' (પાથેર પાંચાલી, અપરાજિતો, અપુ સંસાર) નો ભાગ હતી, જેણે ભારતીય સિનેમાને વિશ્વના નકશા પર મૂક્યો. તેમની ફિલ્મો માનવીય સંબંધો, સામાજિક વાસ્તવિકતાઓ અને નૈતિક મૂંઝવણોને અત્યંત સંવેદનશીલતાથી દર્શાવતી હતી. તેમણે પોતાની ફિલ્મો માટે સ્ક્રિપ્ટ લખી, સંગીત આપ્યું, દિગ્દર્શન કર્યું, અને ઘણીવાર કૅમેરાનું કામ પણ સંભાળ્યું. તેમને ૧૯૯૨માં ઓસ્કારનો લાઈફટાઈમ ઍચિવમેન્ટ ઍવૉર્ડ મળ્યો, જે આ પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય હતા. આ ઉપરાંત, તેમને ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન પણ મળ્યો હતો.

### 3. એમ.એફ. હુસૈનઃ ભારતીય કલાના મૉડર્ન માસ્ટર

**બાળપણ અને પસારોઃ** મકબૂલ ફિદા હુસૈનનો જન્મ 17 સપ્ટેમ્બર, 1915 ના રોજ મહારાષ્ટ્રના પંઢરપુર નજીક એક મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેમનું બાળપણ મુશ્કેલીઓથી ભરેલું હતું. તેઓ માત્ર દોઢ વર્ષના હતા ત્યારે તેમની માતાનું અવસાન થયું. તેમનો ઉછેર તેમનાં દાદા-દાદી દ્વારા ઇન્દોરમાં થયો. નાનપણથી જ તેમને ચિત્રકલામાં ઊંડો રસ હતો અને તેઓ શેરીઓમાં પોસ્ટર દોરતા હતા. તેમણે મુંબઈની જે.જે. સ્કૂલ ઓફ આર્ટમાંથી કલાનું ઔપચારિક શિક્ષણ લીધું, પરંતુ તેમને પરંપરાગત શિક્ષણ કરતાં સ્વ-અધ્યયન અને પ્રયોગોમાં વધુ રસ હતો. તેમનું પ્રારંભિક જીવન સાઈનબોર્ડ પેઈન્ટર અને રમકડાં બનાવનાર તરીકે વીત્યું, જેણે તેમને રોજિંદા જીવનના રંગો અને આકારોને નજીકથી જોવાનો મોકો આપ્યો. ભારતીય સંસ્કૃતિ, લોકકલા અને પૌરાણિક કથાઓનો તેમના પર ઊંડો પ્રભાવ હતો.

**પ્રદાન :** એમ.એફ. હુસૈન ભારતના સૌથી પ્રખ્યાત અને વિવાદાસ્પદ કલાકારોમાંના એક હતા. તેમને 'ભારતના પિકાસો' તરીકે ઓળખવામાં આવે છે. તેમણે 20મી સદીના ભારતીય આધુનિક કલાને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમનાં પેઈન્ટિંગ્સમાં બોલ્ડ રંગો, ક્યુબિસ્ટિક શૈલી અને ભારતીય સંસ્કૃતિનાં તત્ત્વોનો સુભગ સમન્વય જોવા મળે છે. તેમણે મહાભારત, રામાયણ, બ્રિટિશ રાજ અને ભારતનાં વિવિધ તહેવારો અને પરંપરાઓ જેવા વિષયો પર અસંખ્ય ચિત્રો બનાવ્યાં. તેમની કૃતિઓ વિશ્વભરની ગૅલેરીઓમાં પ્રદર્શિત થઈ છે. કલા ઉપરાંત, તેમણે કેટલીક ફિલ્મોનું પણ નિર્દેશન કર્યું. તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મ વિભૂષણ જેવા ઉચ્ચ નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

### 4. એ.પી.જે. અબ્દુલ કલામઃ ભારતના મિસાઈલમેન અને રાષ્ટ્રપતિ

**બાળપણ અને પસારો** : ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ 15 ઑક્ટોબર, 1931 ના રોજ તમિલનાડુના રામેશ્વરમમાં એક સામાન્ય મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેમના પિતા એક નાવડીના માલિક હતા અને માતા એક ગૃહિણી હતાં. તેમનું બાળપણ ગરીબી અને સંઘર્ષમાં વીત્યું. શાળાએથી પાછા ફર્યા પછી તેઓ અખબારો વેચીને પરિવારને મદદ કરતા હતા. તેમ છતાં, તેમને શિક્ષણ પ્રત્યે અપાર પ્રેમ હતો. તેમના શિક્ષકોએ તેમની જિજ્ઞાસા અને શીખવાની ધગશને પ્રોત્સાહન

આપ્યું. તેમના પર તેમના શિક્ષકો, તેમના પરિવાર અને રામેશ્વરમના આધ્યાત્મિક વાતાવરણનો ઊંડો પ્રભાવ હતો. તેઓ સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીના વિચારોથી પ્રભાવિત હતા. તેમણે મદ્રાસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૅક્નોલૉજીમાંથી એરોનોટિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો.

**પ્રદાન** : ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ભારતના 11મા રાષ્ટ્રપતિ (2002-2007) અને એક મહાન વૈજ્ઞાનિક હતા. તેમને 'ભારતના મિસાઈલમેન' તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તેમણે ભારતના મિસાઈલ અને પરમાણુ કાર્યક્રમોમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેઓ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) અને સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) માં ઘણા પ્રોજેક્ટ્સમાં સામેલ હતા. અગ્નિ અને પૃથ્વી જેવી મિસાઈલોના વિકાસમાં તેમની ભૂમિકા અગ્રણી હતી. રાષ્ટ્રપતિ તરીકે, તેમણે 'યુવાનોના રાષ્ટ્રપતિ' તરીકે જાણીતા હતા અને હંમેશાં યુવાનોને વિજ્ઞાન, શિક્ષણ અને દેશના વિકાસમાં યોગદાન આપવા માટે પ્રેરિત કરતા હતા. તેમણે 'વિંગ્સ ઓફ ફાયર' અને 'ઇન્ડિયા 2020' જેવાં પ્રેરણાદાયી પુસ્તકો લખ્યાં, જે આજે પણ લાખો યુવાનોને પ્રેરણા આપે છે. તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન (1997) સહિત અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### 5. લતા મંગેશકરઃ સ્વર કોકિલા

**બાળપણ અને પસારો** : લતા મંગેશકરનો જન્મ 28 સપ્ટેમ્બર, 1929ના રોજ મધ્યપ્રદેશના ઇન્દોરમાં થયો હતો. તેમના પિતા દીનાનાથ મંગેશકર એક જાણીતા શાસ્ત્રીય ગાયક અને નાટ્યકાર હતા. લતાજીને નાનપણથી જ સંગીતનું વાતાવરણ મળ્યું હતું. તેમના પિતા જ તેમના પ્રથમ ગુરુ હતા અને તેમણે તેમને શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન આપ્યું. તેમ છતાં, લતાજી માત્ર 13 વર્ષના હતાં ત્યારે તેમના પિતાનું અવસાન થયું, અને પરિવારની જવાબદારી તેમના માથે આવી. તેમણે શાળા છોડી દીધી અને સંગીતને પોતાનું જીવન સમર્પિત કર્યું. તેમણે ભારતીય શાસ્ત્રીય સંગીત ઉપરાંત, ગઝલ, ભજન અને લોકગીતો પણ શીખ્યા. તેમના પર તેમના પિતાનો, તેમજ નૂરજહાં, કે.એલ. સાયગલ જેવા કલાકારોનો પ્રભાવ હતો.

**પ્રદાન** : લતા મંગેશકરને 'ભારતની સ્વર કોકિલા' તરીકે ઓળખવામાં આવે છે. તેમણે સાત દાયકાથી વધુ સમય સુધી ભારતીય સંગીત જગત પર રાજ કર્યું. તેમણે 36થી વધુ ભારતીય ભાષાઓમાં 30,000થી વધુ ગીતો ગાયાં છે, જે એક વિશ્વ રેકૉર્ડ છે. તેમનો અવાજ તેમની મધુરતા, સ્પષ્ટતા અને ભાવનાત્મક ઊંડાણ માટે જાણીતો હતો. તેમણે ફિલ્મી સંગીતને એક નવી ઊંચાઈ પર પહોંચાડ્યું અને અસંખ્ય ફિલ્મોમાં સુપરહિટ ગીતો ગાયાં. તેમનાં ગીતો પેઢીઓ સુધી લોકોને પ્રેરણા આપતાં રહ્યાં. તેમને ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન (2001), દાદાસાહેબ ફાળકે પુરસ્કાર અને અનેક રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તેમનો અવાજ ભારતીય સંગીતનો પર્યાય બની ગયો છે.

### 6. સચિન તેંડુલકરઃ ક્રિકેટના ભગવાન

**બાળપણ અને પસારો** : સચિન તેંડુલકરનો જન્મ 24 એપ્રિલ, 1973 ના રોજ મુંબઈમાં થયો હતો. તેમના પિતા રમેશ તેંડુલકર એક મરાઠી નવલકથાકાર હતા અને માતા રજની એક વીમા એજન્ટ હતા. સચિનનું બાળપણ મધ્યમવર્ગીય પરિવારમાં વીત્યું. તેમને નાનપણથી જ ક્રિકેટ પ્રત્યે અપાર પ્રેમ હતો. તેમના મોટા ભાઈ અજિત તેંડુલકરે તેમની ક્રિકેટ પ્રતિભાને ઓળખી અને તેમને રમાકાંત આચરેકરના નેતૃત્વ હેઠળની શારદાશ્રમ વિદ્યામંદિર સ્કૂલમાં દાખલ કર્યા. આચરેકર સર તેમના ગુરુ બન્યા જેમણે સચિનને ક્રિકેટની બારીકાઈઓ શીખવી. સચિન કલાકો સુધી પ્રૅક્ટિસ કરતા હતા, અને તેમની ધગશ અને સમર્પણ અતુલ્ય હતાં. તેમણે સુનીલ ગાવસ્કર અને વિવ રિચાર્ડ્સ જેવા ક્રિકેટરોને આદર્શ માન્યા.

**પ્રદાન** : સચિન તેંડુલકરને 'ક્રિકેટના ભગવાન' તરીકે ઓળખવામાં આવે છે. તેઓ ટેસ્ટ ક્રિકેટ અને વન-ડે ક્રિકેટ બંનેમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 100 સદી ફટકારનાર તેઓ

એકમાત્ર બેટ્સમેન છે. તેમણે ભારતીય ક્રિકેટને વિશ્વ સ્તરે પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તેમની બેટિંગ શૈલી, ધીરજ અને દબાણ હેઠળ પ્રદર્શન કરવાની ક્ષમતા અજોડ હતી. તેમણે ભારતના યુવાનોને ક્રિકેટ રમવા અને શ્રેષ્ઠ બનવા માટે પ્રેરણા આપી. તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન (2014) સહિત અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા. ક્રિકેટના મેદાન પર તેમનું પ્રદાન અપ્રતિમ છે.

**7. સુધા મૂર્તિઃ એન્જિનિયર, લેખિકા અને પરોપકારી**

**બાળપણ અને પસારો** : સુધા મૂર્તિનો જન્મ 19 ઑગસ્ટ, 1950 ના રોજ કર્ણાટકના શિગ્ગાંવમાં એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતા ડૉ. આર.એચ. કુલકર્ણી એક સર્જન હતા અને માતા વિમલા કુલકર્ણી એક ગૃહિણી હતાં. નાનપણથી જ તેમને શિક્ષણ પ્રત્યે અપાર પ્રેમ હતો. તેમનાં માતા-પિતાએ તેમને છોકરી હોવા છતાં શિક્ષણ મેળવવા અને સ્વતંત્ર બનવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે કમ્પ્યૂટર સાયન્સ અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કર્યો અને ભારતીય વિજ્ઞાન સંસ્થા (IISc) બેંગલુરુમાંથી માસ્ટર ડિગ્રી મેળવી. તેમના પર તેમના પરિવારનાં મૂલ્યો, ભારતીય સંસ્કૃતિ અને સામાજિક સેવાના વિચારોનો ઊંડો પ્રભાવ હતો. તેઓ નાનપણથી જ વાંચનના શોખીન હતાં અને કન્નડ સાહિત્યમાં ઊંડો રસ ધરાવતાં હતાં.

**પ્રદાન** : સુધા મૂર્તિ એક બહુમુખી પ્રતિભા ધરાવતી વ્યક્તિ છે. તેઓ એક સફળ એન્જિનિયર, પ્રખ્યાત લેખિકા અને પ્રેરણાદાયક પરોપકારી છે. તેઓ ઇન્ફોસિસ ફાઉન્ડેશનના અધ્યક્ષ છે, જે ભારતના ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા સહિતનાં વિવિધ સામાજિક કાર્યો કરે છે. તેમણે 2500 થી વધુ ગ્રામીણ વિસ્તારોમાં ગ્રંથાલયો બનાવવામાં મદદ કરી છે. તેઓ ભારતમાં કમ્પ્યૂટર વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રથમ મહિલા એન્જિનિયરોમાંના એક હતાં. તેમની લેખનશૈલી સરળ અને હૃદયસ્પર્શી છે, અને તેમણે બાળકો અને પુખ્ત વયના લોકો માટે અનેક પુસ્તકો લખ્યાં છે. તેમની વાર્તાઓ નૈતિક મૂલ્યો, સાદગી અને માનવીય સંબંધો પર ભાર મૂકે છે. તેમને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી અને પદ્મભૂષણ જેવા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યાં છે.

**પ્રેરણાનો અખૂટ સ્રોત** : આ સફળ સર્જનાત્મક ભારતીય વ્યક્તિઓના જીવનનો અભ્યાસ કરતાં આપણે જોઈ શકીએ છીએ કે તેમની સફળતા માત્ર તેમની પ્રતિભાને આભારી નથી, પરંતુ તેમના બાળપણના સંસ્કારો, તેમને મળેલા પસારો, તેમની અદમ્ય જિજ્ઞાસા, સખત મહેનત અને પડકારોનો સામનો કરવાની હિંમતનું પણ પરિણામ છે. કેટલાકનો જન્મ સમૃદ્ધ વાતાવરણમાં થયો, જ્યારે કેટલાક ગરીબીમાંથી બહાર આવ્યા. પરંતુ એક વસ્તુ સામાન્ય હતીઃ શીખવાની, નવું બનાવવાની અને પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ બનવાની તેમની ધગશ.

રવીન્દ્રનાથ ટાગોરની બૌદ્ધિક જિજ્ઞાસા, સત્યજિત રેની કલાત્મક દૃષ્ટિ, સી.વી. રમનની વૈજ્ઞાનિક દૃષ્ટિ, એમ.એફ. હુસૈનની કલાત્મક અભિવ્યક્તિ, એ.પી.જે. અબ્દુલ કલામની રાષ્ટ્રસેવા, લતા મંગેશકરની સંગીતમય પ્રતિભા, સચિન તેંડુલકરની રમત પ્રત્યેની ધગશ, નંદન નિલેકણીની ટૅક્નોલૉજિકલ ક્રાંતિ, સુધા મૂર્તિની સામાજિક સેવા અને શિવકુમાર શર્માની સંગીતમય નવીનતા - આ બધાએ ભારતના સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને સામાજિક લેન્ડસ્કેપને સમૃદ્ધ બનાવ્યું છે. આ વ્યક્તિઓ માત્ર તેમના કાર્યક્ષેત્રમાં સફળ નથી થઈ, પરંતુ તેઓ લાખો ભારતીયો માટે, ખાસ કરીને યુવાનો માટે, પ્રેરણાનો સ્રોત બની છે. તેમનું જીવન દર્શાવે છે કે સાચી સર્જનાત્મકતા કોઈ બંધનોને ઓળખતી નથી અને યોગ્ય પસાર અને દૃઢ નિશ્ચય સાથે કોઈ પણ વ્યક્તિ મહાન કાર્યો કરી શકે છે. તેમનું પ્રદાન ફક્ત ભારત પૂરતું સીમિત નથી, પરંતુ સમગ્ર વિશ્વને પ્રેરણા આપે છે અને માનવજાતિના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# સર્જનશીલ બાળક માટેની અધ્યાપન પદ્ધતિઓ



- ડૉ. ઈલા એન. જાજલ
શિક્ષક- સરકારી ઉચ્ચતર મા. શાળા,
કસલોલીયા, તા. વિંછીયા,
જિ. રાજકોટ. મો. ૯૦૧૬૫ ૦૬૬૧૮

માનવ જીવનમાં સર્જનશીલતા એ સૌથી મહત્વપૂર્ણ અને અનોખી ક્ષમતા છે. બાળકના વલણ, કલ્પનાશક્તિ અને વિચારોમાં નવીનતા તેની સર્જનશીલ હોવાનો સંકેત આપે છે. શાળામાં શિક્ષણ આપતી વખતે દરેક બાળકની અંદર રહેલી આ ક્ષમતા ઓળખવી અને તેને યોગ્ય દિશામાં વિકસાવવી અત્યંત જરૂરી છે. આજના સ્પર્ધાત્મક યુગમાં માત્ર પુસ્તકિયું જ્ઞાન પૂરતું નથી, પરંતુ સર્જનશીલ વિચારધારાને મહત્ત્વ આપવું ખૂબ જરૂરી છે. આ લેખમાં આપણે ''સર્જનશીલ બાળકની ઓળખ'' અને ''તેના માટે યોગ્ય અધ્યાપન પદ્ધતિઓ'' વિશે વિગતવાર માહિતી મેળવીશું.

**સર્જનશીલતા એટલે શું?**

સર્જનશીલતા એટલે કોઈ પણ વસ્તુને નવો દૃષ્ટિકોણ આપી શકવાની ક્ષમતા. તે માત્ર ચિત્રકલા કે સંગીત પૂરતી સીમિત નથી, પરંતુ કોઈ પણ ક્ષેત્રમાં નવું વિચારી શકાય તે સર્જનશીલતા છે. સર્જનાત્મક બાળક પરંપરાગત રીતે નહિ પણ અનોખી રીતે વિચાર કરે છે, જુદા માર્ગે ચાલે છે અને નવા વિચારોને જન્મ આપે છે અને અનોખી રીતે કાર્યને પાર પાડે છે. સર્જનશીલતા એ માનવમનની એવી ક્ષમતા છે કે જેના દ્વારા નવા વિચારો, કલ્પનાઓ, પદ્ધતિઓ કે કૃતિઓની રચના થાય છે. જ્યારે કોઈ વ્યક્તિ પરંપરાગત રીતે વિચારવાને બદલે કંઈક નવું, અનોખું કે અભૂતપૂર્વ બનાવે છે કે વિચારે છે ત્યારે તેને સર્જનશીલ કહેવામાં આવે છે. આ સર્જનશીલતા સાહિત્ય, ચિત્રકળા, સંગીત, વિજ્ઞાન, ટૅક્નોલૉજી, વ્યવસાય વગેરે દરેક ક્ષેત્રમાં જોવા મળે છે.

દરેક વ્યક્તિમાં કુદરતી રીતે સર્જનશીલતાનો અંશ હોય છે, પણ તેને ઓળખીને અને મહાવરો કરીને વધુ અસરકારક બનાવી શકાય છે. બાળપણથી જ મનુષ્ય વિવિધ રીતે વાતાવરણને જુદી રીતે જોઈ શકે છે, વિચારી શકે છે. પણ સમાજના નિયમો, શાળા-પ્રણાલી અને ભૂલોનો ડર ઘણી વાર સર્જનશક્તિને દબાવી દે છે.

સર્જનશીલતા એ માત્ર કલા-સંબંધિત બાબત નથી. એક ઈજનેર જ્યારે નવી ડિઝાઈન વિચારે છે, એક શિક્ષક જ્યારે શીખવવાની નવી રીત શોધે છે, કે એક વ્યાપારી જ્યારે માર્કેટિંગ માટે નવી રણનીતિ અપનાવે છે – ત્યારે પણ તેઓ સર્જનશીલતાનો ઉપયોગ કરે છે.સર્જનશીલતાને ઓળખીને સમાજમાં પ્રસ્થાપિત કરી શકાય છે.

**સર્જનશીલ બાળકની ઓળખ :**

સર્જનશીલ બાળકની ઓળખ કરવા માટે કેટલાંક મુખ્ય લક્ષણો નીચે જણાવ્યા પ્રમાણે છેઃ

**1. જિજ્ઞાસા અને પ્રશ્ન પૂછવાની અદમ્ય ઇચ્છા**

સર્જનશીલ બાળકો ખૂબ પ્રશ્નો પૂછે છે - ''શું?'', ''શા માટે?'', ''કેવી રીતે?'' જેવાં સવાલોથી તેઓ આસપાસની દુનિયાને સમજવા ઇચ્છે છે.

**2. કુતૂહલ અને શોધખોળની વૃત્તિ**

સર્જનશીલ બાળકો નવી વસ્તુઓ સાથે રમવા, તેને પારખવા અને જુદી રીતે વાપરવાની કોશિષ કરે છે.

**3. કલ્પનાશક્તિ અને દૃષ્ટિકોણમાં નવીનતા**

સર્જનશીલ બાળકો સામાન્ય વસ્તુઓમાં પણ કંઈક અનોખું જોઈ શકે છે. તેઓ પોતાના વિચારોને નવી દિશા આપી શકે છે.

**4. આંતરિક પ્રેરણા (Intrinsic Motivation)**

સર્જનશીલ બાળકો કોઈ કાર્ય કે પ્રવૃત્તિ માત્ર ઇનામ માટે નથી કરતા, પણ તેઓ આંતરિક તૃપ્તિ માટે કરે છે.

**5. અસામાન્ય પ્રશ્નો પૂછે છે**

સર્જનશીલ બાળકો એવાં પ્રશ્નો પૂછે છે જે સામાન્ય

રીતે અન્ય બાળકોના મગજમાં નહીં આવે, જેમકેઃ ‘જો આ પંખી ઊંચે ન ઊડી શકે તો શું થાય?’ અથવા ‘સૂર્યના બદલે ચંદ્રને પ્રકાશ મળતો હોય તો શું?’

**6. અસ્વીકાર્ય રીતોથી કામ કરવા ઇચ્છા**

સર્જનશીલ બાળકો પરંપરાગત રીતો કરતાં જુદી રીતો શોધતાં હોય છે. શીખવા માટે પોતાનો જુદો રસ્તો બનાવે છે.

**7. અભિવ્યક્તિની શક્તિ**

સર્જનશીલ બાળકો પોતાની લાગણીઓ, વિચારો અને વિચિત્ર કલ્પનાઓને વિવિધ માધ્યમોથી વ્યક્ત કરે છે - જેમ કે ચિત્રકલા, વાર્તાલેખન, નાટક, સંગીત વગેરે.

**8. સ્વતંત્ર વિચારશક્તિ**

તેઓ ગુરુજી કે પિતામહ જે કહે છે તેનું માત્ર અનુસરણ કરવાને બદલે પોતાનું વિચારબળ લગાવે છે.

**સર્જનશીલ બાળક માટેની અધ્યાપન પદ્ધતિઓ :**

એક સર્જનાત્મક બાળકની ઊંડાણપૂર્વક ઓળખ કર્યા બાદ શિક્ષક અથવા અભિવાહકનું કામ બને છે કે તે બાળકના સર્જનશીલ વિકાસ માટે યોગ્ય માર્ગદર્શન અને શિક્ષણ પદ્ધતિ અપનાવે. કેટલીક અસરકારક અધ્યાપન પદ્ધતિઓ નીચે મુજબ છેઃ

**1. અન્વેષણ આધારિત અભ્યાસ (Inquiry-Based Learning)**

બાળકોને પ્રશ્ન પૂછવા અને જવાબ શોધવા પ્રેરિત કરવું. તેઓ પોતે શોધખોળ કરે, વિધેયોથી અંશિક માર્ગદર્શન મળતું રહે. એ રીતે તેઓને શોધ અને અનુભવ દ્વારા શીખવા મળે છે.

**2. પ્રોજેક્ટ આધારિત શીખવણી (Project-Based Learning)**

બાળકોને કોઈ મોટી થીમ પર કામ આપવું, જેમાં તેઓ રિસર્ચ કરે, નિરીક્ષણ કરે, વિચારે અને અંતે પ્રસ્તુતિ આપે. આવા અભ્યાસમાં તેઓ ઘણી સ્કિલ્સ શીખે છે – ટીમ વર્ક, વિચારશક્તિ, નિર્ણય ક્ષમતા વગેરેનો વિકાસ થાય છે.

**3. કલાત્મક અભિવ્યક્તિ માટે અવકાશ આપવો**

બાળકોને રંગો, સંગીત, નાટક, વાર્તાલેખન જેવાં માધ્યમો આપીને તેઓને પોતાની લાગણીઓ વ્યક્ત કરવાનો અવકાશ આપવો. આ પદ્ધતિ દ્વારા તેમની અંદરની સર્જનાત્મકતા બહાર આવે છે.

**4. પ્રેરક વાતાવરણ બનાવવું**

વર્ગખંડમાં એક ખૂણો એવો બનાવો જ્યાં બાળકોને અલગ પ્રકારના રમકડાં, લેખન સામગ્રી, ચિત્રકલા સાધનો વગેરે ઉપલબ્ધ હોય અને તેઓ પોતાની રીતે તેનો ઉપયોગ કરે.

**5. વિચારોના અવરોધ દૂર કરવો**

બાળકોના વિચારો કે જવાબોને “સાચું-ખોટું” immediate ઠરાવવાને બદલે, તેને વિચારવા માટે અવકાશ આપવો. તેમને વારંવાર પ્રોત્સાહન આપવું કે, “આ એક રસપ્રદ વિચાર છે, હવે આપણે આગળ શું વિચારી શકીએ?”

**6. મલ્ટિ-ડિસિપ્લિનરી અભિગમ**

વિજ્ઞાન, ગણિત, ભાષા, કલા વગેરે વિષયોને જોડીને અભ્યાસ કરાવવો. ઉદાહરણ તરીકે, ગણિતના આકારો દ્વારા ચિત્રકામ, અથવા વિજ્ઞાન પર આધારિત નાટકો રચવા.

**7. અંતરવિષયક (Cross-Curricular) પ્રવૃત્તિઓ**

વિભિન્ન વિષયોની માહિતીનો સમાવેશ કરીને એક જ પ્રવૃત્તિ તૈયાર કરવી - જેમ કે “સૂરજ” વિશે નાટક, ચિત્ર, વાર્તા, કવિતા વગેરે. એ રીતે બાળકના વિચારોને વિવિધ દિશામાં માહિતી એકઠી કરવાનું પ્રેરક બળ મળે છે.

**8. તુલનાત્મક રીતે મુક્ત વાતાવરણ**

બાળકોને વિચાર કરવાની, પ્રશ્ન પૂછવાની અને અપરંપરાગત રીતે કામ કરવાની છૂટ આપવી. તેમને શંકા વ્યક્ત કરવા દેવી.

**9. આપણું મૂલ્યાંકન ધોરણ બદલવું**

માત્ર ગુણાંક કે પરિણામ પર આધાર રાખવા ને બદલે, બાળકની વિચારશક્તિ, પ્રગતિ અને અભિગમનો પણ મૂલ્યાંકનમાં સમાવેશ થાય તેવી પદ્ધતિઓ વિકસાવવી.

# સર્જનાત્મકતાના વિકાસમાં માતા-પિતાની ભૂમિકા



- પ્રો. ડૉ. અશ્વિન જનસારી
નિવૃત્ત અધ્યક્ષ, મનોવિજ્ઞાન વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી. મો. ૯૪૨૭૦૬૮૦૧૦

સર્જનાત્મકતા એ દરેક વ્યક્તિ માટે એક આવશ્યક ક્ષમતા છે, જેનો વિકાસ બાળપણથી જ થવો જોઈએ. સર્જનાત્મકતાનો અર્થ એ છે કે વિચારો ઉત્પન્ન કરવાની ક્ષમતા જે મૌલિક અને નવીન હોય. તેઓ સામાન્ય બાબતો તે જોઈ શકે છે અને અસામાન્ય રીતે કે વિશિષ્ટ રીતે વ્યક્ત કરી શકે છે. માતાપિતા એવા લોકો છે જે તેમના બાળકોની સંભાળ રાખવામાં અને શિક્ષણ આપવામાં ઘણો સમય વિતાવે છે, તેથી બાળકોમાં સર્જનાત્મકતા વિકસાવવામાં તેમનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. બાળકોની સર્જનાત્મકતામાં મૌલિકતા, સ્વ-અભિવ્યકિત, જોખમ લેવાનું વલણ, બુદ્ધિ, સ્વાયત્તતા, સહયોગ અને કલ્પનાનો સમાવેશ થાય છે.

બાળકોમાં સર્જનાત્મકતા વિકસાવવા માટે આ બાબતો ઉપયોગી થઈ શકે.

બાળકોને સંભવિત કારણો અંગે વિચારવાની ટેવને પ્રોત્સાહિત કરો. પરંપરાગત અભિગમને બદલે આ શું છે ? અને તે શું કરે છે ? હું શું કરી શકું ? તેવા પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કરો.

બાળકોની રુચિઓનું પોષણ કરો. તેમને મનગમતી પ્રવૃત્તિઓ કરવા દો. તેનાથી તેમનામાં ઉત્સાહ વધે છે અને તે પ્રવૃત્તિ સારી રીતે કરવા પ્રયત્ન કરે છે. જો બાળકને સંગીત, ચિત્ર, વાર્તા કથન, લેખન કે અન્ય બાબતમાં રુચિ હોય તો તે અંગે જાણકારી મેળવી તેને તેમાં આગળ વધવા યોગ્ય માર્ગદર્શન અને વાતાવરણ પૂરું પાડો.

બાળકોની કલ્પનાની ભાષાનો વિસ્તાર કરો. તેમની લાગણીઓને સમજો અને તેને અભિવ્યક્ત કરવા સક્ષમ બનાવો. ઘરમાં ભાવનાત્મક શબ્દોનો ઉપયોગ કરવાથી બાળકો તેમની લાગણીઓને ઓળખી શકે છે અને શબ્દોમાં વ્યક્ત કરી શકે છે. માતાપિતાનો ભાવનાત્મક ટેકો સર્જનાત્મકતાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ છે.

કલ્પનાશીલ રમતો દ્વારા બાળકો તેમના વિચારોને વ્યકત કરે છે. તેમની આજુબાજુની દુનિયા વિશે ઓળખતાં અને તેનો અર્થ કરતાં શીખે છે. તેમની રીતે રમતો રમવા દો. માતાપિતા તરીકે તેમની સાથે રમીને કે તેમને માર્ગદર્શન આપીને મદદરૂપ થાય. ઘરની અંદર કે બહાર વિવિધ રમતો રમવા પ્રોત્સાહિત કરો.

કલા દ્વારા સર્જનાત્મકતાના વિકાસને પ્રોત્સાહન આપો. હોમઆર્ટ પ્રોજેકટ સર્જનાત્મકતોને પોષવાનું એક મહત્ત્વનું માધ્યમ છે. શરૂઆતમાં આડાઅવળા લીટા દોરે ત્યારે તેની પ્રશંસા કરવાને બદલે અવ્યવસ્થિત લીટાઓને કેવી રીતે વ્યવસ્થિત રીતે ગોઠવી શકાય અને ચિત્ર બનાવી શકાય તે અંગે જાણકારી આપો. આડાઅવળા લીટામાં શીખવાની તક છે, સર્જનાત્મકતા શીખવાનો અદશ્ય સ્રોત છે. સૂર્યનો રંગ વાદળી કરે તો તેની પાછળનું કારણ જણાવો પણ તેની ટીકા ન કરો.

બાળકોમાં વિકાસની માનસિકતાનુ પોષણ કરો. બાળકોને નવી રીતે વિચારવાનું અને કાર્ય કરવાનું શીખવો. વિકાસની માનસિકતા બાળકોની ક્ષમતાઓ વિકસાવવામાં મદદરૂપ થાય છે. તે સર્જનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહન આપે છે.

બાળકોને દિવાસ્વપ્નો જોવા દો. પરંપરાગત વિચારસરણીથી વિપરીત દિવાસ્વપ્ન જોવાના ઘણા ફાયદા છે. બાળકો જ્યારે દિવાસ્વપ્ન જુએ છે, ત્યારે તેઓ સગંઠનોનું અન્વેષણ કરે છે. દિવાસ્વપ્ન જોવું અને પ્રતિબિંબ માટે એકાંતના ઉપયોગ બંને અત્યંત સર્જનાત્મક લોકોના ગુણોમાંનો એક છે.

બાળકોમાં સર્જનાત્મકતા જન્માવવા મનનાં આ વલણો- સ્વશિસ્ત, અનુભવ માટે ખુલ્લાપણું, જોખમ

લેવા, અસ્પષ્ટતા માટે સહિષ્ણુતા અને જૂથ વિશ્વાસ - મહત્ત્વનાં છે. બાળકોમાં સર્જનાત્મકતાને આનંદના સ્રોત તરીકે ઓળખવો. જ્યારે પરિવારો સર્જનાત્મકતાનેવ આતંરિક આનંદના સ્રોત તરીકે મૂલ્ય આપે છે અને ઓળખે છે ત્યારે બાળકો માનવી તરીકે તેમની કુદરતી, સર્જનાત્મક બાબતોની કદર કરવાનું શીખે છે.

સર્જનાત્મકતાનું માપન કરી શકાય છે. લેખકે સર્જનાત્મકતા માપન માટેની કસોટી બનાવી છે. જેમાં પુસ્તક, મોબાઇલ વગેરેના વધુમાં વધુ કેટલા ઉપયોગો થઈ શકાશે ? શરીરની રચના ફરીથી કરવાની  હોય તો કયા અંગો કયાં હોવાં જોઈએ અને કેટલા હોવાં જોઈએ? અમદાવાથી ગાંધીનગર કઈ કઈ રીતે જઈ શકાય ?  વગેરે પ્રશ્નો છે. માપન દ્વારા મેળવેલી જાણકારી બાળકોમાં સર્જનાત્મકતા વિકસાવવા મદદરૂપ થાય છે. બાળકના વર્તનનું અવલોકન કરીને પણ જાણકારી મેળવી શકાય.

ચાલો, આપણે માતાપિતા તરીકે બાળકોની શકિતઓ, સાર્મથ્ય, રુચિ વગેરેને ઓળખી તેનામાં સર્જનાત્મકતા વિકસે તેવા પ્રયાસ કરીએ. ભણતરના ભાર નીચે યત્રંવત્ ન બની જાય તેની કાળજી રાખીએ. ભણવા સિવાય પણ બીજી બાબતો રમવા, ચિત્રો દોરવાં, માટીકામ કરવું, વાર્તા કહેવી, નિબંધો લખવા, નાટક કરવાં, સંગીત શીખવું ગીતો ગાવાં, કાગળમાંથી વસ્તુઓ બનાવવી ને પણ મહત્ત્વ આપીને તેમનામાં સર્જનાત્મકતાનો વિકાસ કરીએ.

## સૌંદર્ય એ જ સર્જનાત્મકતા

સૌંદર્ય અનુભૂતિ એટલે વસ્તુ, વ્યક્તિ, ઘટન વિચાર, પુસ્તક ફિલ્મ કે માત્ર કોઈ એક ઇન્દ્રિયથી પણ પામી શકાય તેવા કોઈ પણ વિષયના સંપર્કથી આપણામાં સર્જાતો આનંદનનો ભાવ. આવો ભાવ આપણો કંટાળો, તણાવ, ક્રોધ, શોક અને ભય જેવી અસુખકર લાગણીઓનું નિરસન-શમન કરે છે. જેમ જેમ આવું કરવાનું ફાવતું જાય તેમ તેમ આપણે વધારે પ્રસન્ન રહી શકીએ છીએ- જગતને જીવનને વધુ સારી રીતે માણી શકીએ છીએ. સૌંદર્ય અને તેની અનુભૂતિ વિશે આટલી સમજ તારવી શકાય છેઃ

(1) વસ્તુ- વ્યક્તિ-ઘટના-વિચાર વગેરે સાથે આપણે જે મનો-સ્થિતિથી સંપર્કમાં આવીએ તે વખતે તે બંને વચ્ચે થઈ આંતર-ક્રિયામાંથી સૌંદર્ય જન્મે છે. સૌંદર્ય વસ્તુ કે વિષયો હોતું નથી.

(2) આપણી ઇન્દ્રિયોની સંવેદનશીલતા વધારતાં જઈએ અને આપણી અંદર રહેલી માન્યતાઓ, પૂર્વગ્રહો, ઈરાદાઓ, તથા આકાંક્ષાઓને એક કારણે (કૌંસમાં) મૂકવાનું શીખી જઈએ તો સૌંદર્યના આનંદની અવસ્થા આપોઆપ/સહજ પ્રાપ્ત થાય.

(3) સૌંદર્ય-અનુભૂતિ એ કોઈ જ્ઞાન, સમજ, અર્થઘટન, સરખામણી કે મૂલ્યાંકન નથી. પરંતુ આવું બધું કરનાર બૌદ્ધિક વાદળ વિખરાઈ જાય ત્યાર બાદ સર્જાતો, સમસ્ત અસ્તિત્વમાં પ્રસરતો, ભાવ છે. વિચારમા શબ્દ હોય છે જ્યારે ભાવ તો શમન, વિશ્રાંતિ અને અન-આહત સંતુલનની અશબ્દ ચૈતસિક સ્થિતિ છે.

(4) પંચેન્દ્રિયનો સીધો ઉપયોગ ન થતો હોય તેવી બાબતો કે વિષય સાથેન સંપર્કથી પણ સૌંદર્યની અનુભૂતિ જન્મે છે, પરંતુ તે માટે જે તે વિષયની બોધાત્મક સજ્જતાની જરૂર પડે છે. સાહિત્ય, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, વિજ્ઞાન, ગણિત, ટૅક્નોલૉજી કે કોઈ પણ વિષયનું અને પ્રકારનું લખાણ વાંચીએ કે સાંભળીએ તે પણ સૌંદર્યાનંદમાં ગરકાવ થઈ શકાય છે.

(5) જગતમાં જે કઈ મૂર્ત કે અમૂર્ત છે તે સઘળ તત્-સત્ ને આપણા સંપર્ક અને મિલનની ગુણવત્તાથી આપણે સુંદર બનાવી શકીએ છીએ.

# પંડની પેટીમાં પારસ છે પડ્યો



- અખિલકુમાર રમેશભાઈ દવે
ભાષાશિક્ષક- શ્રી સણોસરા પ્રાથમિક શાળા
મુ. સણોસરા, તા. જિ. અમરેલી
મો. ૯૯૭૪૯ ૨૨૩૭૩

આપણે સર્જનશીલ બાળકોને ઓળખવામાં થાપ ખાઈ જઈએ છીએ. એમના મસ્તિષ્કની અલગ વિચારવાની ક્ષમતાને કારણે આપણને તે ધૂની લાગે છે. ક્યારેક આપણે એમની પ્રતિભા પાંગરે એ પહેલાં જ એના પર પૂર્ણવિરામ મૂકી દઈએ છીએ.

આવું ન થાય એટલા માટે એમની ઓળખ અને ઉછેર બાબત જાગૃત થવું જરૂરી છે. આવાં સર્જનાત્મક બાળકોને કઈ રીતે ઓળખવાં? આવો! વિસ્તૃત ચર્ચા કરીએ.

**સર્જનાત્મક બાળકની ઓળખ (Identification of a Creative Child)**

સર્જનાત્મકતા એટલે નવી વિચારશક્તિ, અનોખી દૃષ્ટિ અને કંઈક અલગ રીતે સમસ્યાઓનું નિરાકરણ લાવવાની ક્ષમતા. સર્જનાત્મક બાળકોનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો હોય છે. જે આ મુજબ દર્શાવી શકાય.

**(1) જિજ્ઞાસા :**

સર્જનાત્મક બાળકો ખૂબ જ જિજ્ઞાસુ હોય છે. નવા નવા વિષયો અને નવી નવી બાબતો જાણવા માટે તે હંમેશાં તલપાપડ હોય છે એટલા માટે તેઓ સતત પ્રશ્નો પૂછે છે. સતત ખાંખાંખોળા કરતા નજરે પડે છે. આપણને સામાન્ય લાગતી બાબતો પણ તેમને અચંબિત કરે છે. આમ, જિજ્ઞાસા એ સર્જનાત્મક બાળકનું મહત્ત્વનું લક્ષણ છે.

**(2) કલ્પનાશક્તિ :**

અન્ય બાળકોની સરખામણીમાં સર્જનાત્મક બાળકોની કલ્પનાશક્તિ ખૂબ જ વિકસિત અને વ્યાપક હોય છે. તેઓ અમૂર્ત વિચારણા ખૂબ સારી રીતે કરી શકે છે. તેઓ અમૂર્ત બાબતોને પોતાની ઉંમરનાં અન્ય બાળકો કરતાં વધારે સારી રીતે સમજી શકે છે. જોડકણાં કે વાર્તાઓ બનાવવામાં, રેખાંકન કરવામાં, અવનવા આકારો કલ્પવામાં, નવી વસ્તુઓ બનાવવામાં, દશ્યો રચવામાં તેઓ ખૂબ રસ લે છે.

**(3) નવા વિચારો :**

સર્જનાત્મક બાળકો પાસે હંમેશાં નવા વિચારો હોય છે. એક નવી દૃષ્ટિથી તે આ જગતને નિહાળે છે. સામાન્ય લાગતી વસ્તુઓને પણ નવી રીતે જુએ છે અને નવી રીતોથી તેનો ઉપયોગ કરે છે. દા.ત. દીવાલમાં પડેલા ખાડા કે આકાશમાં રહેલા વાદળાના વિવિધ આકારોમાં પણ તેમને કોઈ આકૃતિ ઊપસતી દેખાય છે. નકામી વસ્તુઓ એકઠી કરીને પણ તેઓ તેમાંથી ઉત્કૃષ્ટ નમૂનાઓ બનાવતા હોય છે. કેટલાક તો સરસ 'વર્કિંગ મૉડલ' પણ બનાવે છે.

તેઓ પરંપરાગત પદ્ધતિઓને અનુસરતા નથી. તેમનું creative અને innovative મસ્તિષ્ક સતત કંઈક નવું જ ઝંખે છે. આવા બાળકોમાંથી આપણને ઉત્તમ ચિત્રકારો, વૈજ્ઞાનિકો અને કારીગરો પ્રાપ્ત થાય છે.

જે હજુ કોઈને દેખાયું નથી, જે હજુ કોઈએ વિચાર્યું નથી, જે હજુ કોઈએ બનાવ્યું નથી. તેવું જે જુએ, વિચારે અને નિર્માણ કરે તે જ સર્જનાત્મક્તા.

**(4) આંતરિક પ્રેરણા :**

સામાન્ય રીતે એવું બનતું હોય છે કે ઇનામ કે પ્રશંસાના બદલામાં બાળકો સારું કાર્ય કરવા પ્રેરાય છે. આપણે ત્યાં પ્રથમ ક્રમે આવનારને ઇનામ આપવાની પ્રથા એટલે જ છે. સારા કાર્ય બદલ પ્રોત્સાહનથી સારું કાર્ય દઢ અને કાયમી બને છે પરંતુ સર્જનાત્મક બાળકો થોડા અલગ હોય છે. તેઓ બાહ્ય ઇનામોની રાહ જોતાં નથી. તેમને ઇનામ કે સન્માનની પડી નથી હોતી. તેઓની આંતરિક પ્રેરણા જ તેમની પાસે ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ કરાવતી હોવાથી તેને કોઈ બાહ્ય પ્રતિચારની આવશ્યકતા જ નથી રહેતી.

'Art for Art' તેમને લાગુ પડે છે. અંદરનો ઉત્સાહ અને સંતોષ તેમને સતત કાર્યશીલ રાખે છે. આ ખૂબ ઊંચી અવસ્થા છે. બધી જ વ્યક્તિઓ ત્યાં સુધી પહોંચવા સમર્થ હોતી નથી.

**સર્જનાત્મક બાળકનો ઉછેર (Nurturing a Creative Child) :**

સર્જનાત્મક બાળક એ ઈશ્વર તરફથી મળેલ ભેટ છે. ઈશ્વરના અંકમાંથી આવેલા આ સિતારાઓ જમીન પર ખોવાઈ ન જાય એ જોવું પણ એટલું જ જરૂરી છે. આવા બાળકના ઉછેર માટે માતપિતા અને શિક્ષકોએ ખૂબ જાગૃત રહેવું પડે છે. તેમની સર્જનાત્મકતા વિકસે એવા સતત પ્રયાસ થવા જોઈએ. આ માટે બાળ મનોવિજ્ઞાન અને શૈક્ષણિક મનોવિજ્ઞાનના કેટલાંક સૂચનો ખૂબ મદદરૂપ થાય છે.

**(1) મુક્ત વાતાવરણ :**

સર્જનાત્મક્તાને ક્યારેય બંધન ગમતું નથી. આવાં બાળકોને પોતાના વિચારો વ્યક્ત કરવાનો મોકો આપવો જોઈએ. એમને સહજ રીતે વિકસવા દેવામાં આવે તો એ પોતાની પ્રતિભાને પૂર્ણ રૂપમાં પ્રગટ કરશે.

એ પોતાની કોઈ વાત કે વિચારો રજૂ કરે ત્યારે 'આમ ન હોય. આમ જ થવું જોઈએ.' એવું કહીને એને કોઈ ચોક્કસ ઢાંચામાં ઢાળવાનો પ્રયાસ ન કરવો જોઈએ.

માતાપિતા અને શિક્ષકોએ પોતાના વિચારો કે માન્યતા તેમના પર થોપવાને બદલે તેમની પોતાની પસંદગીનાં ક્ષેત્રો અને શોખ પર અભ્યાસ કરવાની તેમજ આગળ વધવાની અનુકૂળતા કરી આપવી જોઈએ.

**(2) તેમના પ્રશ્નોમાં રસ લઈએ :**

પ્રશ્નો થવા અને પૂછવા એ સર્જનાત્મક બાળકોની વિશેષતા છે. એમની જિજ્ઞાસાને સંતોષવાનો યથાશક્તિ પ્રયાસ થવો જોઈએ. એ જ્યારે પ્રશ્નો પૂછે ત્યારે 'હવે બેસ બેસ! આવા ગાંડા જેવા સવાલો કેમ કરે છે?' આવું કહીને એને ઉતારી પાડવાને બદલે એના પ્રશ્નો પાછળ છુપાયેલી એમની જિજ્ઞાસા અને વિચારને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ.

તેમને એન્સાઇક્લોપીડિયા અને બીજા અન્ય માહિતીના સ્રોતોથી માહિતગાર કરી શકાય. તેઓ જ ઉકેલો શોધે એ માટે તેમને પ્રોત્સાહન આપવું જોઈએ.

વધારેમાં વધારે ઉદાહરણો અને ચર્ચા દ્વારા તેમને સમજાવવામાં આવે તે જરૂરી છે.

**(3) કલા, સંગીત અને સાહિત્ય સાથે પરિચય :**

સર્જનાત્મક બાળકને અલગ અલગ શોખ વિકસાવવામાં મદદ કરવી જોઈએ.

પુસ્તકો, રમતગમત અને પ્રાકૃતિક પ્રવૃત્તિઓ સાથે તે વધારે સમય પસાર કરે એવું આયોજન કરવું તેમના વિકાસ માટે ખૂબ ઉપયોગી રહેશે.

ચિત્ર, સંગીત, નૃત્ય, લેખન વગેરેમાંથી તેને જે ક્ષેત્રમાં રસ હોય એ ક્ષેત્ર વિશે તેને સીધા અનુભવો પણ પૂરા પાડવા જોઈએ. જેમકે કોઈ બાળકને ચિત્રો દોરવાનો શોખ છે તો તેમને આર્ટ ગૅલેરીની મુલાકાત પણ કરાવી શકાય. તેમાં રોપાયેલું બીજ ચોક્કસ વટવૃક્ષ બનશે.

**(4) ગેરસમજથી ભૂલો બદલ શિક્ષા ન કરવી :**

કોઇ પણ બાળકોથી જ્યારે ભૂલો થાય ત્યારે તેમને કોઈ પણ પ્રકારની શિક્ષા કે દંડ ન કરવો જોઈએ. શિક્ષાથી એમનો વિકાસ અવરોધાય છે. એમાં પણ સર્જનાત્મક બાળક તો લાગણીની દૃષ્ટિએ ખૂબ સંવેદનશીલ હોય છે. તેને જો શારીરિક કે માનસિક ઠેસ પહોંચે તો તે ખૂબ હતાશ થઈ જાય છે. આથી તેને ભૂલ બદલ ઉતારી પાડવાને બદલે ભૂલમાંથી શીખવાનું મહત્વ સમજાવવું જરૂરી બને છે.

**(5) અન્ય સાથે સરખામણીથી બચવું :**

સર્જનાત્મક બાળક પોતાની ઉંમરનાં અન્ય બાળકથી ઘણી રીતે અલગ પડે છે. ક્યારેક તો તેનો વિકાસ તેના સહાધ્યાયી અને સમવયસ્કો કરતાં ધીમો પણ લાગે. કહેવાય છે કે ડૉ. આલ્બર્ટ આઇન્સ્ટાઇન ખૂબ મોટી ઉંમરે બોલતા શીખ્યા હતા.

આથી જ માતાપિતા અને શિક્ષકોએ સર્જનાત્મક બાળકોની અન્ય બાળકો સાથેની સરખામણી ટાળવી જોઈએ. એમની વિશેષતાઓ અને એના સાહજિક લય સાથે એમને સ્વીકારવા જરૂરી બને છે.

# વર્ગખંડમાં સર્જનશીલ બાળક અને શિક્ષકની ભૂમિકા



- અરવિંદ કે. પટેલ "ઐક્ય"
M.sc B.ed ( maths )
શ્રી સરસ્વતી હાઇસ્કૂલ ડેભારી, તા. વીરપુર,
જિ. મહીસાગર. મો. ૯૪૨૯૮૪૧૪૦૪

શિક્ષણ એ માત્ર માહિતી પ્રદાન કરવાનું સાધન નથી, પરંતુ વ્યક્તિના સર્વાંગી વિકાસનું શ્રેષ્ઠ માધ્યમ છે. શિક્ષણપદ્ધતિઓ અને શૈક્ષણિક માળખાનો ઉદ્દેશ બાળકના અંદરના કોષોમાં રહેલી ક્ષમતા અને સર્જનશક્તિને ઉજાગર કરવાનો છે. આજના સમયમાં સૌથી વધુ મહત્ત્વ પ્રાપ્ત થતી યાત્રા એ છે - 'સર્જનશીલ શિક્ષણ'. આ યાત્રામાં સૌથી મુખ્ય ભૂમિકા ભજવે છે, સર્જનશીલ બાળક અને તેને ખીલવવા માટે પ્રતિબદ્ધ શિક્ષક.

વિશ્વસનીય ભવિષ્ય માટે બાળકના મૌલિક વિકાસ પર ભાર આપવો અનિવાર્ય બની ગયો છે. બાળકને ફક્ત પરીક્ષામાં પ્રમાણપત્ર મેળવવા માટે નહીં, પણ જીવતા જીવનમાં ઉપયોગી એવાં અભિગમ, કૌશલ્ય અને મૂલ્યો માટે તૈયારી આપવી એ શિક્ષણની સાચી દિશા છે. જે વર્ગખંડમાં શિક્ષક બાળકની અંદર રહેલી આગને ઓળખી શકે છે અને તેને સંવેદનશીલ દૃષ્ટિ આપે છે, ત્યાં જ સાચા અર્થમાં જ્ઞાન અને સર્જનનો સુમેળ જોવા મળે છે.

**સર્જનશીલતા - વિચારધારાનું અવિરત પ્રવાહ :**

સર્જનશીલતા એ માનવમનમાં ચાલતા વિચારોનો નિરંતર પ્રવાહ છે. તે એવી ક્ષમતા છે, જેમાં નવું વિચારી શકાય છે, જુદું સર્જી શકાય છે અને પરંપરાગત ધોરણોને પણ નવી દૃષ્ટિથી જોવામાં આવે છે. બાળક જ્યારે પોતાનું વિચારવિશ્વ ઓગાળે છે ત્યારે તેની અંદર રહેલી રચનાત્મકતાનો પ્રકાશ ફૂટે છે.

વિદ્યા માત્ર પાઠ ભણાવવામાં નથી, તે જીવન જીવવાની શૈલી છે. આજે જ્યારે આપણે ચતુર્દિશાએ વૈજ્ઞાનિક શોધ, ટૅક્નોલૉજી, અને માનવીય સંબંધોની નવી વ્યાખ્યાઓના યુગમાં પ્રવેશી ગયા છીએ ત્યારે શિક્ષણની રીતોમાં પણ ફેરફાર કરવો જરૂરી છે. અને એ ફેરફારનું કેન્દ્રબિંદુ બને છે - સર્જનશીલતા.

સર્જનશીલતાની અંદર પ્રશ્ન પૂછવાનો સ્વભાવ, નવી દૃષ્ટિ વિકસાવવાનો અભિગમ અને વસ્તુઓને જુદી રીતે જોવાની તીવ્રતા સામેલ હોય છે. એ માત્ર કલા કે સાહિત્ય પૂરતું મર્યાદિત નથી, પણ વિજ્ઞાન, ગણિત, ભાષા, જીવનકૌશલ્ય જેવાં દરેક ક્ષેત્રે સર્જનશીલતા આવશ્યક છે.

**સર્જનશીલ બાળક - અનુભવોનો ગુલાલ :**

સર્જનશીલ બાળક સામાન્ય કરતાં ભિન્ન રીતે વિચારે છે. તેનું ધ્યાન જબરદસ્તી ભણવામાં નહીં પણ કુતૂહલથી પીડાતા પ્રશ્નોના જવાબ શોધવામાં હોય છે. આવું બાળક નિયમોથી ન ડરે, પરંતુ તેમને પડકારવાનું ગમે છે. તેને ભણતર જીવનનું પ્રવાહી અને જીવંત તત્ત્વ લાગે છે, નિષ્ઠુર પરીક્ષાનું ભારરૂપ નહિ.

જેમ કુદરત દરેક વૃક્ષમાં જુદી રીતે ફૂલ ફેલાવે છે, તેમ દરેક બાળકમાં જુદી રીતે સર્જનશીલતા ખીલે છે. આથી, દરેક બાળક માટે શીખવાની રીત અલગ હોઈ શકે છે, અને શિક્ષકે એ વિવિધતાને સમજવી અને કદર કરવી જોઈએ.

વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઇનનું એક ઉદાહરણ યાદગાર છે - બાલ્યાવસ્થામાં તે શાળાના અભ્યાસક્રમ સાથે સમાયોજિત ન થઈ શક્યો, પણ તેના અદ્‌ભુત વિચારો અને કલ્પનાશક્તિના આધાર પર તેણે ભવિષ્યમાં વૈજ્ઞાનિક વિશ્વને નવા આયામ આપ્યા. એટલે પણ સર્જનશીલતાને વધારવા શિક્ષકને નિયમો કરતાં વધુ સંબંધો ઊભા કરવાના હોય છે. જ્યારે બાળક અનુભવે છે કે, 'મારા વિચારોને અહીં મહત્ત્વ મળે છે', ત્યારે એના મનમાં સજાગ સંવાદનો દરવાજો ખુલતો જાય છે.

**વર્ગખંડ - સર્જનશક્તિના આંગણમાં :**

એક સર્જનાત્મક વર્ગખંડ એ ખુલ્લી વાતચીત,

વિચારવિમર્શ અને સ્વતંત્ર અભિવ્યક્તિનું મેદાન હોય છે. ત્યાં વિદ્યાર્થીઓને જવાબથી વધુ પ્રશ્નો કરવાના અવસર મળે છે. શિક્ષકે પોતાની ભાષા, હાવભાવ અને અભિગમ દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ ઊભો કરવો પડે છે.

સર્જનશીલ વર્ગખંડમાં શીખવાનું પણ રમત જેવું લાગે છે. જ્યાં બાળકો ફક્ત સાંભળતાં નથી, પણ અનુભવતાં, સમજતાં અને રજૂ કરતા થાય છે. વર્ગખંડમાં નાની નાની પ્રવૃત્તિઓ - જેમકે 'આજનું વિચિત્ર વિચારણું', 'એક લાઇનની વાર્તા બનાવો', 'આકસ્મિક તસ્વીર પરથી વાર્તા લખો' - જેવી પ્રવૃત્તિઓ બાળકના મગજમાં સર્જનશીલતાનાં બીજ વાવે છે. એવા વર્ગમાં શીખવાનો મઝાનો અનુભવ બને છે. બાળકો ગુમસૂમ રહેતાં નથી, પણ બોલવા, લખવા, સમજાવવા, જોડાવા અને રજૂઆત કરવા માટે આતુર રહે છે. અને એ જ સાચું શૈક્ષણિક વાતાવરણ છે.

**શિક્ષક - દ્રષ્ટા અને દિશાદર્શક :**

શિક્ષક માત્ર પાઠ ભણાવનાર નથી, પણ વિદ્યાર્થીના જીવનનો ઘડવૈયો છે. તે દૃષ્ટિ આપે છે, દિશા આપે છે અને જો ખૂબ સજાગ હોય તો બાળકનાં સ્વપ્નોને પાંખ પણ આપે છે. તે માત્ર શૈક્ષણિક માર્ગદર્શક નથી, પણ એક લાગણીશીલ સહયાત્રી છે. સર્જનશીલ શિક્ષક પછાત વિદ્યાર્થીઓને આગળ લાવી શકે છે, સામાન્યને વિશિષ્ટ બનાવી શકે છે અને ભયભીત બાળકને વિશ્વાસ આપીને ભાવિ નેતા બનાવે છે. જે શિક્ષક સ્વયં નવી પદ્ધતિઓ અજમાવે છે, બાળકના પ્રશ્નોને પીઠ થાબડે છે અને નાની સફળતાઓની ઉજવણી કરે છે, તે બાળકોના હૃદયમાં સ્થાયી સ્થાન પામે છે.

સર્જનશીલ શિક્ષક વિદ્યાર્થીના મનમાં 'હું પણ કંઈક જુદું કરી શકું છું' એવી ભાવના ઊભી કરે છે. તે માળા ગંઠે છે - શબ્દો, ભાવનાઓ, વિચારો અને માનવતાના મોતી ભેગા કરીને.

**ઉદાહરણનો વિસ્તૃત ઉપયોગ :**

નિશાનું ઉદાહરણ દર્શાવે છે કે વ્યક્તિમાં રહેલી કુદરતી પ્રતિભા જો યોગ્ય સમય પર ઓળખી લેવામાં આવે તો તેનો જીવિત વ્યવસાય બની શકે છે.અભયના ઉદાહરણથી જણાય છે કે શાળા માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી, પણ જુદાં-જુદાં કુશળતાઓની શોધખોળનું સ્થાન છે.રાજવીરનું ઉદાહરણ એ દર્શાવે છે કે એક રીતે કમજોર ગણાતો વિદ્યાર્થી પણ યોગ્ય માર્ગદર્શનથી શિખર સર કરી શકે છે.કૃપલ અને યામિનીનાં ઉદાહરણ આપણને એ વાત શીખવે છે કે દરેક બાળક પાસે દુનિયાને બદલવાનો એક આગવો દૃષ્ટિકોણ હોઈ શકે છે.

**માર્ગદર્શક પગલાં :**

દરેક પાઠ ભણાવવા ઉપરાંત પૃષ્ઠભૂમિ સાથે જોડાતા પ્રશ્નો પૂછવા. શૈક્ષણિક દિવસમાં 15 મિનિટ માત્ર વિચાર, ચર્ચા કે રચનાત્મક પ્રવૃત્તિ માટે ફાળવવી. બાળકોના કલ્પનાવિશ્વને સાચવવા માટે તેમની વાતોને ખંડન ન કરવા અને સમજવાનો પ્રયાસ કરવો.શાળા-મહોત્સવોમાં વિદ્યાર્થીઓના નવલકથા, કાવ્ય, ડિજિટલ આર્ટ, મીની પ્રોજેક્ટ્સ વગેરેને સ્થાન આપવું.ગમે તે વિષય હોય - તેમાં 'શું જુદું કરી શકાય?' એવા પ્રશ્નો ઉપસ્થિત કરવા.

શિક્ષણ એ જીવન માટે છે, માત્ર નોકરી માટે નહીં. તેથી એ જીવનદૃષ્ટિ આપે, સંવેદના જગાવે અને વિચારશક્તિને ઉકેલે એ જરૂરી છે. આજના યુગમાં મૂલ્ય આધારિત, સર્જનશીલ અને અનુભૂતિ આધારિત શિક્ષણ આપવું એ શિક્ષકની જવાબદારી છે. આપણે એવી પેઢી ઊભી કરીએ કે જે પ્રશ્ન પૂછે, વિચારે, સ્વયં ઉકેલ લાવે અને પોતાનું અસ્તિત્વ સમજે. આવું શક્ય છે, જો વર્ગખંડ શિક્ષણ માટે નહીં પણ સર્જન માટે જીવતું હોય. જયારે શિક્ષક શિક્ષણ નહીં પણ વિકાસને ધ્યેય માને ત્યારે ખીલે છે વિચારના ગુલાબ. ચાલો, સર્જનશીલ શિક્ષણની ક્રાંતિ તરફ મળીને પગલાં લઈએ - જ્યાં દરેક બાળક અનુભવ આપે, વિચાર આપે અને સમાજને નવલ સિદ્ધિ આપે.

# NEP 2020માં સર્જનશીલતા



- બહાદુરસિંહ વી. વાળા
સી.આર.સી.કો ઓર્ડિનેટર
આલીધ્રા, તા. મેંદરડા, જિ. જૂનાગઢ.
મો. ૯૪૨૯૪૮૮૨૨૩

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020એ 21મી સદીની પહેલી શિક્ષણનીતિ છે કે જેનું લક્ષ્ય આપણા દેશના વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાતો પૂરી કરવાનું છે. NEP 2020 દ્વારા વર્ષ 2040 સુધીમાં ભારતમાં એક એવી શિક્ષણ પ્રણાલીનું નિર્માણ કરવાનું લક્ષ્ય રાખેલું છે કે જેમાં વિશ્વની કોઈ પણ શિક્ષણ વ્યવસ્થાથી ભારતની શિક્ષણ પ્રણાલી પાછળ ન હોય. ભારતનો વારસો પ્રાચીન કાળથી જ ખૂબ સમૃદ્ધ રહ્યો છે ત્યારે NEP 2020 દ્વારા ભારતના યુવાનોમાં દેશ વિશેની જાણકારી અને તેના વૈવિધ્યપૂર્ણ સામાજિક સાંસ્કૃતિક અને તકનીકી જરૂરિયાતોના સંદર્ભમાં તેનો કલા વિષયક ભાષા અને રીતિથી જ્ઞાન અને સબળ મૂલ્યોનું સિંચન કરવા કે જે થકી રાષ્ટ્રગૌરવ, આત્મસન્માન, આત્મજ્ઞાન, સહકાર અને ઐક્યને સૂચક પ્રાધાન્યતા આપે.

બાળકો સમસ્યા ઉકેલ વિવેચનાત્મક વિચારણા સર્જનાત્મક વિચારણા કરતા શીખે તેમ જ વિવિધ વિષયો વચ્ચેના આંતરસંબંધો સમજી શકે તેમજ કંઈક નવું વિચારતા થાય અને સાથે સાથે નવી બાબતો અને જ્ઞાનને કેવી રીતે આત્મસાત કરવાં તે માટેના અધ્યાપન શાસ્ત્રની વાત પણ NEP 2020 માં કરવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સર્જનાત્મકતા અને વિચારો દ્વારા વિદ્યાર્થીઓને 21 મી સદીના પડકારો સામે તૈયાર કરવા માટે નિર્માણ થઈ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા બાળકની સર્જનાત્મકતા વિકસે તે માટે કેટલીક ભલામણો કરવામાં આવી છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં 4C FRAMEWORK દ્વારા ક્રિટિકલ થીંકિંગ,ક્રિએટિવિટી, કોલાબરેશન અને કોમ્યુનિકેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. ભારતમાં સંપૂર્ણ અને બહુવિદ્યા શાખાકીય અધ્યયનની એક પ્રાચીન પરંપરા છે. પ્રાચીન ભારતનાં વિશ્વવિદ્યાલયો જેવાં કે નાલંદા તક્ષશિલા અને વલભીથી શરૂ કરીને ભારતમાં એવું ઘણું વ્યાપક સાહિત્ય છે જ્યાં વિભિન્ન ક્ષેત્રોના વિષયોનો સમન્વય થતો હોય. જેના દ્વારા સર્જન શીલતાનો વિકાસ થાય. બાણભટ્ટની કાદંબરીમાં શાળા શિક્ષણને 64 કલાઓના જ્ઞાનના રૂપમાં વર્ણિત કરવામાં આવેલ છે. જેમાં માત્ર ગાયન અને ચિત્રકલા જ નહીં પરંતુ રસાયણ વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર, સુથારીકામ અને દરજીકામ,દાકતરી અને ઇજનેરી જેવાં કૌશલ્યોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જીવન કૌશલ્યો જેવાં કે પ્રત્યાયન,ચર્ચા અને વાદવિવાદનો સમાવેશ પણ થયેલ છે. NEP 2020 દ્વારા પ્રાચીન ભારતીય શિક્ષણ અને આધુનિક શિક્ષણમાં જોડવાથી 21મી સદીની જરૂરિયાતો પૂર્ણ થશે જે સર્જન શીલતા ને પોષક હશે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ સર્જનશીલતા માટે ઘણા નિર્દેશો કરે છે જે ભારતીય સમાજની 21મી સદીની આવશ્યકતાઓ માટે ખૂબ જરૂરી છે. જેમાં બહુવિદ્યા શાખીય શિક્ષણ દ્વારા વિષયોની નજીક પસંદગી ને મહત્ત્વ આપવામાં આવ્યું છે. કલા અને વિજ્ઞાનને સંકલિત કરી સર્જનાત્મક શિક્ષણ અને પ્રોત્સાહન આપવાની વાત કરવામાં આવેલ છે. રટણથી દૂર સમસ્યાનો નિવારણ અને નવીન વિચારો પર ભાર મૂકવા માટે વિવેચનાત્મક ચિંતનને પણ એટલું જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પ્રાયોગિક શિક્ષણના નિર્દેશ દ્વારા હાથે કામથી સર્જનાત્મકતાનો વિકાસ ઇન્ટરર્નશિપ અને પ્રોજેક્ટના માધ્યમથી થઈ શકશે. ભારતીય કલા અને સંસ્કૃતિ દ્વારા સર્જનાત્મક શિક્ષણ સાથે જ દીક્ષા જેવા પ્લેટફોર્મ દ્વારા ટેક્નોલૉજીના ઉપયોગથી સર્જનાત્મક શિક્ષણના નિર્દેશ પણ NEP 2020 દ્વારા કરવામાં આવેલ છે. પ્રારંભિક

શિક્ષણમાં માતૃભાષા દ્વારા શિક્ષણ અને રમત દ્વારા સર્જન શીલતાને પ્રોત્સાહન આપવાની વાત છે. વંચિત વર્ગના વિદ્યાર્થીઓને પણ સમાવેશી શિક્ષણ દ્વારા સર્જનાત્મકતા માટેની તકો અને કૌશલ્ય આધારિત સર્જનાત્મક ચિંતનને પ્રોત્સાહન આપતું મૂલ્યાંકન, એ પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 દ્વારા નિર્દેશિત થયું છે.

સર્જનશીલતા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અમલીકરણમાટે કલા, સંગીત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો અભ્યાસક્રમમાં સમાવેશ થવાથી કુદરતી સર્જનાત્મકતાનો વિકાસ સારી રીતે થઈ શકે છે. NEP 2020માં આશા શિક્ષણની અંદર સંગીત જેવા સાંસ્કૃતિક ઘટકોને ખાસ વણી લેવામાં આવ્યા છે જેથી બાળકની સર્જનાત્મકતા વ્યક્ત થઈ શકે. આમ તો સર્જનાત્મકતાની શરૂઆત માતૃભાષાથી જ થતી હોય છે નવી નીતિમાં માતૃભાષાને શરૂઆતના તબક્કે પ્રાધાન્ય આપેલું હોવાથી બાળકોની સર્જનાત્મકતા ખૂબ સારી રીતે વિકસે છે. પ્રાયોગિક અને શોધ આધારિત અધ્યયન દ્વારા શીખેલી વસ્તુ કે અનુભવ દીર્ઘકાલીન હોય છે. NEP 2020માં પ્રોજેક્ટ, ઇન્ટર્નશિપ અને ફિલ્ડ વિઝિટને પ્રાધાન્ય આપવાની વાત છે જેથી કરીને થીયરી અને પ્રૅક્ટિકલ બંને દ્વારા અધ્યયન અનુભવો જીવંત બનાવી શકાય.

DIKSHA જેવા પ્લેટફોર્મની મદદથી બાળક માટે સર્જનાત્મક અધ્યયન કરી શકે છે. બાળક જ્ઞાનનો સર્જક છે એ વાતને NEP 2020માં સ્વીકારીને તેના માટેના અનુભવો પૂરા પાડવા માટે વિવિધ વ્યવસ્થા કરવામાં આવી છે જેથી તેનામાં સર્જનશીલતાનો વિકાસ થાય. નૅશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના દ્વારા ખાસ કરીને યુનિવર્સિટીઓમાં રિસર્ચ કલ્ચરનો વિકાસ થાય જેથી કરીને તમામ વિદ્યાશાખાઓમાં સર્જનાત્મકતાનો વિકાસ થઈ શકે.

NEP 2020 દ્વારા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં 10 ‘બેગલેસ ડે’ની ઉજવણી કરવામાં આવે છે. ધોરણ છ થી આઠ સુધીનાં બાળકો માત્ર વિષય શિક્ષણ જ ન મેળવે સાથે સાથે સર્જનાત્મકતા તરફ પ્રયાણ થાય તે માટે અધ્યયન અનુભવ પૂરા પાડવા માટેની આ એક વ્યવસ્થા છે. જેમાં વિદ્યાર્થીઓ, ગ્રામ્ય કારીગરો, ગ્રામ્ય કક્ષાના વેપારીઓ, નાના ગૃહ ઉદ્યોગો, અને ત્યારબાદ મોટા ઉદ્યોગોની મુલાકાત કરી અને તેને સમજે તથા તેના દ્વારા તેમની સર્જનાત્મકતાનો વિકાસ કરવાની અમલ કરવાની શરૂઆત થઈ ચૂકી છે. માધ્યમિક શિક્ષણમાં ધોરણ નવથી વોકેશનલ એજ્યુકેશનની શરૂઆત થાય છે. આ વૉકેશનલ એજ્યુકેશન એ પણ NEP 2020 દ્વારા સર્જનાત્મકતાના વિકાસ માટે ની એક પહેલ જ છે. વોકેશનલ એજ્યુકેશન દ્વારા બાળકોને ટ્રેનરની ફેસિલિટી આપવામાં આવે છે. જેના દ્વારા તે જુદા જુદા ટ્રેડ દ્વારા શિક્ષણ મેળવી શકે છે. આ સાથે સાથે ફિલ્ડ વિઝીટની પણ વ્યવસ્થા હોય છે જેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકો વિવિધ ઉદ્યોગગૃહોની મુલાકાત કરે છે તથા વિવિધ ટ્રેડનો પરિચય મેળવે છે. આ તમામ પ્રક્રિયા સર્જન શીલતાની પોષક છે.

NEP 2020 દ્વારા મૂલ્યાંકનની અંદર પણ સર્જનાત્મકતાને પોષક પરિબળોને સામેલ કરવામાં આવેલ છે. માત્ર વિદ્યાર્થીઓને જ્ઞાનની ચકાસણી ન કરતા તેના સર્જનશીલ પાસાંની અને ખ્યાલોના અર્થગ્રહણને પ્રાધાન્ય આપવા માટે સર્વગ્રાહી મૂલ્યાંકનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. PARAKH (પર્ફોર્મન્સ એસેસમેન્ટ રિવ્યુ એન્ડ એનાલિસિસ ઓફ નોલેજ ફોર હોલિસ્ટિક ડેવલપમૅન્ટ) એ સર્વાંગી અને સર્જનાત્મક અધ્યયન નિષ્પતિઓના મૂલ્યાંકન પર ભાર મૂકે છે. અસરકારક અધ્યયન માટે સર્વગ્રાહી અભિગમને માન્યતા મળેલી છે. યોગ્ય અભ્યાસક્રમ અધ્યાપન શાસ્ત્ર સ્વતંત્ર રચનાત્મક મૂલ્યાંકન અને યોગ્ય વિદ્યાર્થી સહાય દ્વારા બાળકની સર્જનાત્મકતા ખીલી શકે છે. NEP 2020માં આ બાબત ઉપર ખાસ ભાર મૂક્યો છે. સર્જનાત્મકતા ને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાઓ અને અધ્યાપકોને અભ્યાસક્રમ વિષયમાં નવીનીકરણ, અધ્યાપન શાસ્ત્ર અને માપનમાં ઉચ્ચ શિક્ષણના લાયકાતના વ્યાપક માળખામાં રહીને સ્વાયતતા આપવામાં આવશે.

# વિશિષ્ટ બાળકના સંદર્ભે સર્જનાત્મકતા અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ



- ડૉ. મનીષા એચ. લાખાણી
કાઉન્સિલર,
સુતરવાડા સ્ટ્રીટ-૪, પોરબંદર
મો. ૯૬૩૮૫૬૮૯૭૦

બાળક માત્ર કેટલું બુદ્ધિશાળી છે એ જ મહત્વનું નથી પરંતુ એમનામાં રહેલું કૌશલ્ય, અભિયોગ્યતા, નવી શોધખોળ કરવાની ક્ષમતા વગેરે જરૂરી છે આજના ઝડપી યુગમાં માત્ર બુદ્ધિશાળી હોવું એ જ પૂરતું નથી સાથે સાથે અભિયોગ્યતા હોવી પણ જરૂરી છે "બાળક કુદરતની દેન છે" અને આવતીકાલનું ભવિષ્ય કહી શકાય જો એ જ તેજસ્વી, પ્રતિભાશાળી, સર્જનશીલ નહીં હોય તો આવતીકાલનું ભવિષ્ય કઈ રીતે નક્કી કરી શકાય? સર્જનાત્મકતા અને બુદ્ધિ વચ્ચેના સંબંધમાં સવિસ્તાર ચર્ચા કરીશું.

**સર્જનાત્મકતા અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ :** સમજૂતી

આધુનિક માનવ-વિકાસના માપદંડમાં સર્જનાત્મકતા અને બુદ્ધિ વચ્ચેનું સાયુમ્ય સ્થપાય એ ખૂબ જ જરૂરી છે. બુદ્ધિ એ વ્યક્તિને વિચાર કરવાની વિષય અને સમજવાની શીખવાની અને સમસ્યાઓને હલ કરવાની ક્ષમતા Au IQ એ તેના માપન માટે સામાન્ય માપદંડ છે. સર્જનાત્મકતા એ નવીન વિચારધારા અભિવ્યક્તિ લાવવામાં રહેલી ક્ષમતા છે જે નવી પદ્ધતિઓ અપનાવી નવીન દ્દષ્ટિકોણ દ્વારા વ્યક્ત થાય છે.

બુદ્ધિ વિશે પ્રાચીન સમયમાં એવી માન્યતા હતી કે બુદ્ધિ એવી મનની સ્થિતિ છે કે જે મનમાં અમૂર્ત વિચારો પૂરા પાડે છે તેથી તે સાચા ખ્યાલનું ઉત્પત્તિ સ્થાન છે જે વ્યક્તિ વધુમાં વધુ અર્મૂર્ત વિચારો કરી શકે છે તે વ્યક્તિ બુદ્ધિશાળી કહેવાય આલ્ફ્રેડબીને મનોવૈજ્ઞાનિક વ્યાખ્યા આપતાં કહ્યું છે કે સત્યની દ્દષ્ટિએ સારા પ્રતિચારો આપવાની શક્તિ તે બુદ્ધિ કહેવાય લયૂઈસ ટમને બુદ્ધિની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે વ્યક્તિ જેટલા પ્રમાણમાં અમૂર્ત ચિંતન ધરાવતી હોય તેટલા પ્રમાણમાં તે બુદ્ધિમાન છે બુદ્ધિ અંગે ઘણા વિદ્વાનોએ વ્યાખ્યા આપી છે પરંતુ તેમાં તો સ્ટોર્ડડની વ્યાખ્યા સૌથી વધુ સ્વીકાર્ય છે "બુદ્ધિ એટલે જે પ્રવૃત્તિઓને ખાસિયતોમાં કઠિનતા સંકુલતા અમૃતતા મિતવયતા જે પ્રાપ્ત કરવા વર્તન અનુકૂલન સામાજિક મૂલ્ય મૌલિકતાનો પાદુભાવ જેવી ખાસિયતો હોય તેવી પ્રવૃત્તિઓ શરૂ કરવી અને તેમાં જ શક્તિ કેન્દ્રિત કરવાની તથા ભાવાત્મક પરિબળોનો સામનો કરીને પણ તેને ચાલુ કરવાનું સામર્થ્ય"

**સર્જનશીલ બાળકનો દ્દષ્ટિકોણ :** સર્જનાત્મક બાળક નો દ્દષ્ટિકોણ જુદો અને કલ્પનાત્મક હોય છે

અન્ય સામાન્ય બાળકોની ક્ષમતા કરતાં એ વિશિષ્ટ પ્રકારની ખૂબીઓ તેમના વ્યક્તિત્વમાં જોવા મળતી હોય છે સામાન્ય બાળકો જે નજરથી વસ્તુઓ પરિસ્થિતિ અને ઘટનાને જુએ છે એના કરતાં સર્જન બાળકોની દુનિયા અલગ જ પ્રકારની હોય છે જાણે કે તેમનો જન્મ નવી શોધખોળો કરવા જ થયો હોય! ઉદાહરણ જોઈએ તો મયંક એક આઠ વર્ષનો શાળામાં જતો બાળક છે એક દિવસ શાળામાં શિક્ષકે કહ્યું પેન્સિલ ખૂટતી નથી બધા વિદ્યાર્થીઓએ જવાબમાં કહ્યું કે તેને ફેંકી દેવાની પરંતુ મયંકે એવો જવાબ આપ્યો કે એ જ "પેન્સિલના નાના તળિયે સતાવીને પેન્સિલ રોબોટ બનાવી શકીએ" બસ આ જ છે સર્જનશીલ બાળકની ઓળખ, સર્જનમાં બાળકના વિચારો અને કલ્પના નો અવકાશ વધુ હોય છે માટે જ તે વસ્તુઓને જેમ છે તેમ સ્વીકારતો નથી 'શું હોવું જોઈએ' એના કરતાં 'શું જુદું જોઈ શકાય' એ દ્દષ્ટિ રાખે છે સર્જનાત્મક બાળકના પ્રશ્નોનું સ્વરૂપ અકલ્પિત હોય છે જેમના પ્રશ્નો ઘણીવાર આધ્યાત્મિક અને વિજ્ઞાન આધારિત હોય છે તેઓ માત્ર અનુસરિતામાં નહીં પરંતુ નવી દિશામાં વિચારતાં હોય છે તેઓ કલામાં, સંગીતમાં, વાર્તા લેખનમાં પોતાની આગવી વિશિષ્ટતા રજૂ કરે છે જ્યાં

બીજાં બાળકો અટકી જાય છે ત્યાં સર્જનશીલ બાળકો નવી પદ્ધતિ અપનાવી નકામી બાબતોમાંથી નવું શીખવાનું શું મળે છે એ વિચારે છે કેટલાક સર્જનશીલ બાળકો કલ્પનાના વિશ્વમાં જીવે છે એટલે જ તે સંવેદનશીલ વધારે હોય છે કેમકે તે અન્ય ના જીવનને કલ્પી શકે છે.

**બાળકમાં બુદ્ધિ અને સર્જનાત્મકતાની ઓળખ** : અન્યથી પર એવી વિશિષ્ટતા અને ખૂબી લઈને જન્મેલા બાળકોને સર્જનાત્મકતાની ઓળખ આ પ્રમાણ મુજબ આપી શકાય.

**બુદ્ધિશાળી ગોડ ગિફ્ટ બાળકો :** તેમનો આઇક્યુ સામાન્ય બાળકોની કમ્પેરિઝનમાં ઓછો હોય છે તેઓ ઝડપથી શીખી શકે છે તેમનું આંતરિક વિશ્વ ખૂબ જ ઊંડું હોય છે સામાન્ય બાળકોથી વધારે ગ્રહણશીલતા હોય છે ટૂંકા સમયમાં ઝડપી ફેરફારો કરી શકે છે શીખી શકે છે સમજી શકે છે અને વ્યવહારમાં મૂકી શકે છે કેમકે આ પ્રકારનાં બાળકો ‘સેલ્ફ મોટીવેટ’ હોય છે તેમનું આંતરિક તેમજ બાહ્ય વ્યક્તિત્વ પ્રભાવશાળી હોય છે કે તેમને જોતાં જ ખબર પડી જાય છે તેમનો ઉચ્ચ આઈ ક્યુ હોવાથી 130 થી ક્યારેક એનાથી પણ વધારે તેઓને ગણિત અને ભાષા શીખવા માટે સરળતા રહે છે તે ઓછી ઉંમરમાં વધારે કાર્યો કરી શકે છે ઝડપી શીખી શકે છે.

**તેજસ્વી બાળકો** : બુદ્ધિશાળી બાળકોની જેમ તેજસ્વી બાળકો પણ સમાજમાં સારો દેખાવ કરી શકે શિક્ષક દ્વારા માર્ગદર્શનથી તેમના વ્યવહારુ જીવનમાં વધારે પરિવર્તન લઈ આવી શકે. તેઓ પણ સમાજમાં રહી સમાજ મનનીય કાર્ય કરી શકે. તેજસ્વી બાળકો પણ યોગ્ય માર્ગદર્શન દ્વારા ઉચ્ચતર કક્ષા પ્રાપ્ત કરી શકે પરીક્ષાની દ્રષ્ટિએ પોતાનો દૃષ્ટિકોણ વધારે ચીવટપૂર્વક આગળ વધી પ્રશંસાને પાત્ર કાર્ય કરી શકે. પાઠ્યપુસ્તકો આધારિત કાર્ય લેખન કરવા માટેની કુશળતા વધારે સાબિત કરી શકે.

**સર્જનાત્મક બાળક (ક્રિએટિવ ચાઇલ્ડ)** : સર્જન શીલ બાળકની અભિવ્યક્તિ સામાન્ય બાળક કરતાં વધારે હોય છે. તેઓને લેખન, કળા, સંગીત વગેરેમાં વધારે હોય છે સર્જનશીલ બાળકો અને બાળકોની કમ્પેરિઝનમાં વધારે પ્રભાવશાળી સવાલો પૂછી શકે છે અને જવાબો પણ આપી શકે છે. શું? અને કેમ? એવા પ્રશ્નોની જગ્યાએ નવા પ્રશ્નોનું સર્જન કરી પોતાની રીતે નવી શોધખોળ કરવામાં અગ્રેસર રહે છે ક્યારેક પરંપરાગત જવાબોને બદલે જુદા જ પ્રકારના જવાબો આપે છે આજ છે તેમને વિશિષ્ટતાઓ જે તેમને અન્ય બાળકથી અલગ પાડે છે.

**સર્જનાત્મકતા અને બુદ્ધિ બંનેનું સંતુલન** : બુદ્ધિ અને સર્જનાત્મકતાનું સંતુલન જળવાઈ રહે તો બાળક સમાજમાન્ય કાર્ય કરી સમાજ માટે નવી શોધખોળ કરે, સમસ્યાઓ માટે નવી પદ્ધતિઓ શોધી શકે, સમાજ પ્રગતિનાં દ્વાર ખોલી શકે. આવી જીવનમાં સફળતા મેળવી શકે ઉચ્ચતર પદવી પ્રાપ્ત થઈ જાય તો પણ તેનું સંતુલન જાળવીને રાખે. આપણા ગુજરાતીમાં એક કહેવત છે ને ‘ખાલી ચણો વાગે ઘણો’ પણ સર્જનાત્મક બાળકને આ કહેવત લાગુ પડતી નથી તે પોતાને મળેલી સફળતાનો સદુપયોગ કરે છે અને સમાજમાન્ય કાર્ય કરી પોતાનો માન મોભો જાળવી રાખે છે.

**સર્જનશીલ બાળકની ઓળખ માટેની ટૂલ્સ અને પદ્ધતિઓ** : IQ test send for dinner intelligent test WISE. Creative test Torrent test of Creative Thinking. Multiple intelligent test હાવડ ગાર્ડનર ટેસ્ટ.

Teacher observation technique and parents interview technique આ બધી જ ટેક્નિકનો પ્રયોગમાં લઈ આવીને સર્જનાત્મક તેજસ્વી અને પ્રભાવશાળી બાળકની ઓળખ કરી શકાય અને તેમને અન્ય બાળકોથી અલગ પાડી શકાય એ માટે ખાસ માતા પિતાએ તેમજ શાળામાં શિક્ષકો બુદ્ધિશાળી બાળકોને ઓળખ કરી તેમની જિજ્ઞાસા સંતોષવા માટે વધુ ને વધુ શીખવાના પ્રયત્નો કરવા જોઈએ તેમને સ્વતંત્ર વિચારવાના અવસર આપવા જોઈએ જેમકે એ ચિત્ર કામ કરી શકે સંગીત કળામાં ભાગ લઈ શકે વગેરે તેમને માર્ગદર્શક કરી સકારાત્મક ભૂમિકા ભજવવાના સારા વિચારોથી પ્રેરિત કરવા જોઈએ બાળકો શું વિચારે છે તેને મહત્ત્વ આપવું જોઈએ.

# પ્રકૃતિમાંથી પ્રગટે છે સર્જનાત્મકતા



- ડૉ. ખુશ્બૂ ગરાળા
ગવર્નમેન્ટ ગર્લ્સ હાઇસ્કૂલ
યોગ કોચ, જૂનાગઢ
મો. ૯૪૦૯૧૮૧૬૩૮

સર્જનાત્મકતા એટલે સમસ્યાઓના નવા ઉકેલો શોધવાની ક્ષમતા, અથવા ધ્યેય પ્રાપ્ત કરવા માટે નવી પદ્ધતિઓ. તેથી, સર્જનાત્મકતા લોકોને નવી રીતે સમસ્યાઓ ઉકેલવા સક્ષમ બનાવે છે. મોટાભાગની પ્રાચીન સંસ્કૃતિઓ પ્રાચીન ગ્રીસ, પ્રાચીન ચીન અને પ્રાચીન ભારત સહિતમાં સર્જનાત્મકતાની વિભાવનાનો અભાવ હતો, કલાને સર્જનના સ્વરૂપને બદલે શોધના સ્વરૂપ તરીકે જોતી હતી. જુડિયો-ખ્રિસ્તી-ઇસ્લામિક પરંપરામાં, સર્જનાત્મકતાને ભગવાનના એકમાત્ર પ્રાંત તરીકે જોવામાં આવતી હતી, અને માનવ સર્જનાત્મકતાને ભગવાનના કાર્યની અભિવ્યક્તિ માનવામાં આવતી હતી; સર્જનાત્મકતાની આધુનિક વિભાવના પુનર્જીવન દરમિયાન આવી હતી, જે માનવતાવાદી વિચારોથી પ્રભાવિત હતી .

સર્જનાત્મકતામાં વિદ્વતાપૂર્ણ રસ અનેક શાખાઓમાં જોવા મળે છે, મુખ્યત્વે મનોવિજ્ઞાન, વ્યાપાર અભ્યાસ અને જ્ઞાનાત્મક વિજ્ઞાન. તે શિક્ષણ, માનવતા. ફિલસૂફી અને કલા સહિતમાં પણ હાજર છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વિશ્વમાં ઘણા ઓછા લોકો 'ક્રિએટિવ' અર્થાત્ 'સર્જનાત્મક' હોય છે, જેઓ કશુંક નવું નવું શોધી લાવે છે, નવું કરે છે, આપણે આવું બધું જ કરી શકતા નથી. આપણે ક્યાં આટલા બધા ભણેલાગણેલા કે હોશિયાર છીએ. જો તમે પણ આવું વિચારતા હો તો થોભી જાઓ. કારણ કે વિશ્વમાં દરેક મનુષ્યને ઈશ્વરે 'ક્રિએટિવ' કે સર્જનાત્મક બનાવ્યો છે.

સર્જનાત્મકનો સામાન્ય અર્થ એવો છે કે એવું કાર્ય કરવું કે બીજા સામાન્ય કાર્યથી અલગ હોય. એવું કશુંક શોધવું જે બીજાથી અલગ હોય. કવિઓ, લેખકો, ચિત્રકારો, એડ બનાવનારા, દિગ્દર્શકો, આર્કિટેક્ટ્સ, એન્જિનિયર્સ, ઇન્ટિરિયર ડિઝાઇનર્સ, ગ્રાફિક ડિઝાઇનર્સ જેવા લોકો તો ક્રિએટિવ હોય જ છે. એનો અર્થ એવો નથી કે બીજા લોકો ક્રિએટિવ નથી હોતા. ગણિતમાં બીજી રીતે દાખલો ગણનાર વિદ્યાર્થી, દરેક વખતે ટેસ્ટી ચા બનાવનાર ચાની લારીવાળો, ટેસ્ટી ખાણું બનાવનાર રસોઇયો કે ગૃહિણી - આ બધા લોકો પણ ક્રિએટિવ જ ગણાય.

ક્રિએટિવિટી માટે બહુ ઊંચો આઇક્યુ હોવો કે બહુ ભણેલા હોવું જરૂરી નથી. એક અભણ માણસ પણ ક્રિએટિવ હોઈ શકે છે. ક્રિએટિવિટી માટે જિનિયસ હોવું કે બુદ્ધિશાળી હોવું પણ આવશ્યક નથી, આપણી પાસે ઘણા એવા દાખલા છે જે આ વાતને સાબિત કરે છે. પ્રસિદ્ધ હીરો અને દિગ્દર્શક રાજકપુર બારમું ફેલ હતા. મધર ઇન્ડિયાના ગુજરાતી સર્જક મહેબુબખાન બહુ વધારે ભણેલા ન હતા. સંગીતકાર નૌશાદનું પણ એવું જ હતું. પ્રસિદ્ધ શરણાઈવાદક ઉસ્તાદ બિસ્મિલ્લાખાનને પણ એ જ શ્રેણીમાં મૂકી શકાય. હાલની પ્રસિદ્ધ હિરોઈન કંગના રાણાવત તો કૉલેજમાં પણ નથી ગઈ. કરોડોમાં જેનાં ચિત્રો વેચાતાં હતા એ મકબૂલ ફિદા હુસૈન ડિજિટલાઇઝેશન હોર્ડિંગ્સનો જમાનો ન હતો ત્યારે હાથથી ફિલ્મોના હોર્ડિંગ્સ ચીતરતા હતા અને પછી એમનાં ચિત્રો કરોડોની કમાણી કરાવતાં હતા. એ એમ એફ હુસૈન સાવ ઓછું ભણેલા હતા. ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું યોગદાન આપનાર (માનવીની ભવાઈ જેવી કલાસિક નવલકથા આપનાર) પન્નાલાલ પટેલ માત્ર પાંચ ચોપડી ભણ્યા હતા. આ બધા અને એમના જેવા બીજા ઘણા લોકોની ક્રિએટિવિટી આડે એમનું ભણતર આવ્યું ન હતું.

ઇન્ફર્મેશન ટૅક્નોલૉજીના ક્રાંતિકારીઓમાં જેની માનભેર ગણના કરી શકાય એવા બિલગેટ્સ, સ્ટીવ જોબ્સ

કે માર્ક ઝુકરબર્ગ જેવા લોકો તો કૉલેજ ડ્રોપઆઉટ હતા! 20મી સદીના જ નહીં પરંતુ ઓલટાઈમ જિનિયસ એવા 'થિયરી ઓફ રિલેટિવીટી'ના શોધક મહાવૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનને શાળામાં ગણિત અને ભૌતિક વિજ્ઞાન ભણવાનું જરાય ગમતું ન હતું. એમ કહો કે જરાયે ટપ્પો પડતો ન હતો. પરંતુ યુવાન વયે જ સાપેક્ષવાદનો સિદ્ધાંત શોધી નાખનાર આઈન્સ્ટાઈન જેવો ક્રિએટિવ બીજો કોણ હોઈ શકે? ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત શોધનાર (મોટાભાગના મુસ્લિમો અને ખ્રિસ્તીઓ આ સિદ્ધાંતને માનતા નથી) ચાર્લ્સ ડાર્વિન 'ઢ' વિદ્યાર્થી હતો. ઉદાહરણો તો અનેક છે. કહેવાનું તાત્પર્ય આ છે કે ક્રિએટિવ હોવા માટે ન તો જિનિયસ હોવું જરૂરી છે ન વધારે ભણેલા હોવું. ક્રિએટિવિટીનો અર્થ આ છે કે કોઈ સમસ્યા કે પ્રશ્ન ને તમે કેટલી પ્રાયોગિક અને ચતુરાઈપૂર્વક ઉકેલ લાવો છે. 'તારે ઝમીં પર'નો ઈશાન હોય કે પછી 'થ્રી ઈડિયટ્સ'નો રણછોડલાલ ચાંચડ ઉર્ફે રેન્ચો હોય. ક્રિએટિવિટીનાં આ શ્રેષ્ઠ ઉદાહરણો છે. ચાંચડ તો દરેક સમસ્યાને પોતાની રીતે ઉકેલી નાખે છે, પછી એ નાહવાની બાબત હોય કે ભણવાની કે જમવાની. અરે છેલ્લે તો ડિલિવરી કરાવવામાં પણ એણે ક્રિએટિવિટી દર્શાવી છે. સમસ્યાને તમે કેવી રીતે ઉકેલો છો એમાં તમારી ક્રિએટિવ શક્તિ પરખાઈ આવે છે.

આગળ કહ્યું એમ તમારો બુદ્ધિઆંક (IQ) અને સફળતા વચ્ચે સ્નાનસૂતકનોય સંબંધ નથી એ યાદ રાખજો. અંગૂઠાછાપ કરોડપતિ પણ તમે જોયા હશે અને રસ્તે રઝળતા જિનિયસો પણ. સર્જનાત્મકતા માટે પાયાની બાબત છે સામાન્ય બુદ્ધિ લગાવી અસામાન્ય કાર્ય કે ઉકેલ શોધવો. સર્જનાત્મક લોકો પોતાની બુદ્ધિ બીજા લોકો કરતાં અલગ રીતે લગાવે છે. આવા લોકો પોતાના જ્ઞાનનો પરિસ્થિતિ મુજબ ઉપયોગ કરે છે અને પોતાનો આઈડિયા લગાવે છે. સફળતા ન મળે તો પાછો બીજો આઈડિયા લગાવે છે. જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી સમસ્યા હલ કરવાનો પ્રયત્ન કરતા રહો. દરેક સમસ્યામાં જ ઉકેલ છુપાયેલો હોય છે.

થોમસ આલ્વા એડિસનને તમે જાણો છો. એણે ઈલક્ટ્રિક બલ્બ, ગ્રામોફોન, ફિલ્મ પ્રોજેક્ટર જેવી 1000થી વધુ જીવનપ્રયોગી વસ્તુઓ શોધી પેટન્ટ્સ મેળવી હતી. જ્યાં સુધી એને કોઈ સમસ્યાનો ઉકેલ ન મળે ત્યાં સુધી એની પાછળ મંડયો રહેતો. ઘણી વખત તો એ રાત્રે પણ લેબોરેટરીમાં જ ઊંઘી જતો. ખાવાપીવાનું પણ ભૂલી જતો. એણે ધીરજ, ધગશ અને સખત પરિશ્રમથી અવનવી શોધો કર્યે રાખી. આટલી બધી શોધોની પેટન્ટસ મેળવનારો કદાચ એ એકલો જ છે. એ ઈન્વેન્ટર (શોધક) પણ હતો અને ક્રિએટિવ (સર્જક) પણ હતો. પણ તમારે ક્રિએટિવ બનવા માટે ઈન્વેન્ટર બનવાની જરૂર નથી.

તમારામાં છુપાયેલી ક્રિએટિવિટીને બહાર લાવવા માટે તમારે ક્યાં દૂર જવાની પણ જરૂર નથી. એ તો તમારી આજુબાજુ જ છે. સૌથી વધુ ક્રિએટિવિટી ક્યાં છે? કુદરતમાં તમારી ક્રિએટિવ શક્તિ બહાર લાવવા કુદરતના ખોળે જાઓ. કુદરતની પાઠશાળામાં જાઓ. નિરીક્ષણ કરો. અનુભવ કરો. તમારી આસપાસના ઈશ્વરે સર્જેલ અદ્ભુત સર્જનોનું નિરીક્ષણ કરો. ધરતીથી આકાશ સુધી બધે જ સર્જનાત્મકતા પથરાયેલી છે. અરે જે આકાશ સવારે જેવા રંગો વિખરે છે એ જ આકાશ સંધ્યા સમયે કંઈક અનોખા જ રંગોથી જાદુઈ સૃષ્ટિ રચી નાખે છે. અને દરરોજ અલગ અલગ રીતે કમાલ છે! ડિસ્કવરી, એનિમલ પ્લેનેટ કે નૅશનલ જિઓગ્રાફિક ચૅનલો જોઈએ તો સમજાશે કે કુદરતથી વધીને બીજું કોઈ શ્રેષ્ઠ ક્રિએટિવ આ જગતમાં નથી.

આપણી સર્જનાત્મકતા કુંઠિત થઈ ગઈ છે. એમાં એક કારણ આ પણ છે કે આપણે કુદરતથી ઘણા દૂર થઈ ગયા છીએ. કુદરતી જંગલોથી નીકળી આપણે કોંક્રીટનાં જંગલોમાં વસી ગયા છીએ. આધુનિક શહેરોમાં કુદરત જાણે દૂર થઈ ગઈ છે. કોઈને પ્રશ્ન થાય કે આ રીતે તો ગામડાના લોકો કે જેઓ કુદરતથી વધુ નજીક છે તેઓ શહેરના કરતાં વધારે ક્રિએટિવ હોવા જોઈતા હતા તો પછી આટલા પછાત કેમ રહી ગયા?

ગામડાના લોકો પણ શહેરીઓ જેટલા જ ક્રિએટિવ હોઈ શકે છે. તફાવટ એટલો જ છે કે શહેરના લોકોને

પોતાની સર્જનાત્મકતા દર્શાવવાની તકો વધારે મળે છે. એ વાત યાદ રાખવી જોઈએ કે ઈંગ્લેન્ડમાં 17મી અને 18મી સદીમાં કૃષિ અને ઔદ્યોગિક ક્રાંતિનાં બીજ નાખનાર ખેડૂતો અને સામાન્ય ગ્રામવાસીઓ જ હતા. સ્પિનિંગ મિલ, જીન અને વાવણી માટેના ઢંગો શોધનાર ક્રિએટિવ લોકો ગામડામાંથી જ આવ્યા હતા.

કુદરત સૌથી વધુ ક્રિએટિવ છે એમાં કોઈ શંકા નથી. એમાં કેટલા બધા આકાર છે, ડિઝાઈન્સ છે, પેટર્ન્સ છે, કેટલા બધા રંગ-રૂપ છે, આકૃતિઓ છે. સમાનતાની સાથે વિવિધતા પણ એટલી જ બધી છે. ખીણોથી લઈ પહાડ સુધી, છોડથી લઈ ઝાડ સુધી, ધરતીથી આકાશ સુધી સર્જનાત્મકતા પોકારી રહી છે. એમ કહી શકાય કે કુદરત અથવા નિસર્ગ સર્જનાત્મકતાની જનેતા છે. બધી જ સર્જનાત્મકતાનો પ્રારંભ આમાંથી જ થાય છે. અને ખુદ માનવ પણ એનું સંતાન નથી? એના ગર્ભમાંથી જ, આની માટીમાંથી અને પાણીમાંથી નથી જન્મ્યા? માનવ અને ધરતીનો બહુ જૂનો સંબંધ છે. તેથી જ માનવ અને કુદરતનો પણ બહુ જૂનો સંબંધ છે. માનવની આ બધી જ સર્જનાત્મકતા અને ટૅક્નોલૉજીનાં મૂળ નિસર્ગમાં હોય તો શું નવાઈ!

સર્જનાત્મકતાની વ્યાખ્યા કોઈએ બહુ સરસ કરી છે. "સમસ્યાને ઉકેલવાની આવડત એટલે સર્જનાત્મકતા." આગળ કહ્યું એમ દરેક સમસ્યામાં જ ઉકેલ છુપાયેલો હોય છે. આપણે એ જ શોધવાનું હોય છે કે એને કેવી રીતે હલ કરી શકાય. સર્જનાત્મકતા વધારવાની એક રીત આ છે કે માનસપટલ ઉપર ચિત્ર જોવાની પ્રૅક્ટિસ પાડવી. જગતમાં જેટલી પણ સુંદર ઈમારતો છે એ ક્યારેક સ્થપતિઓના માનસપટલ ઉપર ચણાયા પછી જ પેન્સિલ દ્વારા કાગળ ઉપર ઊતરેલી છે. એવી જ રીતે દરેક શબ્દ લેખક કે કવિના માનસ પરથી ઊતરીને કાગળ ઉપર આવે એટલે અમર બની જાય છે. તમારા વિચારને માનસપટલ ઉપર જીવંત દૃશ્ય તરીકે જોવાની કલ્પના કરો. એના દરેક ભાગને જોડવાનો પ્રયત્ન કરો. આ ચિત્ર જ્યારે સંપૂર્ણ બની તમારા માનસપટલ ઉપર છવાઈ જાય ત્યારે એને કાગળ ઉપર ઉતારી લો. એને વાસ્તવિક રૂપ આપવા માટે થોડા ઘણા ફેરફાર કરવા પડે તો કોઈ વાંધો નથી.

સર્જનાત્મક વધારવા માટે તમારી શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓ પણ વધારો. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મગજ રહી શકે છે. નવું નવું શીખો. નવું વાંચો. કંઈક આશ્ચર્ય કરો. આ આશ્ચર્ય જ જીવનમાં ઉત્તેજના લાવે છે જે તમારા મૂડને, વિચારોને અને જીવનના દૃષ્ટિકોણને બદલી નાખે છે.

જે લોકો ક્રિએટિવ હોય છે એમાં મોટાભાગના લોકો સારુ વાંચવાના શોખીન હોય છે. તેઓ છાપાં, મૅગેઝિન, પુસ્તકો વાંચવામાં પોતાનો સમય ગાળે છે. નવા વાચનમાંથી નવા વિચારો મળે છે અને નવા વિચારોમાંથી નવા સર્જનાત્મક તુક્કા મળે છે. (કોઈ પણ વિચાર જ્યારે નક્કર કાર્યનું સ્વરૂપ નથી લેતો ત્યાં સુધી એ 'તુક્કો' જ છે!) નવી પ્રેરણા મળે છે. સર્જનાત્મકતા વધારવા માટે બધું જ નવું નવું વિચારવાનું કે કરવાનું આવશ્યક નથી. જૂના વિચારોમાં કશુંક નવું ઉમેરી નવો વિચાર બને છે તો જૂની વસ્તુમાં કંઈક બીજું નવું કરી એક નવી અનોખી વસ્તુ જ બની જાય છે. એના માટે ધીરજ અને લગન તથા પરિશ્રમની આવશ્યક્તા હોય છે. દરેક બાબતને એક નવા દૃષ્ટિકોણથી અવલોકન કરો. નવી રીત વિચારો. શક્ય એટલા બધા જ વિકલ્પો વિચારો. સૌથી સારી રીત છે કાગળ ઉપર લખી લો. અને પછી જુઓ તમે પણ કંઈક નવું સર્જનાત્મક કરી શકો છો એની ખાતરી તમને પોતાને જ થઈ જશે.

આપણે જો હસતા રહીએ, સતત આનંદમાં રહીએ,
તો ઘણા રોગોથી બચી જઈશું...

# બાળકોમાં સર્જનાત્મકતા : વિશિષ્ટ અર્થ અને તેનું સ્વરૂપ



- ડૉ. અલ્પેશભાઈ પી. ચૌહાણ
આસિ. પ્રોફેસર
સરકારી બી. એડ્. કૉલેજ, નસવાડી, મુ. નસવાડી,
જિ. છોટાઉદેપુર. મો. ૯૭૧૪૮૮૫૫૭૯

શ્વેતવર્ણ કેશધારી, ઋષિવર સમા ચતુરમુખ શ્રી બ્રહ્માજી વિશ્વના પ્રથમ સર્જક તરીકે પૂજાય છે. તેમનું દરેક સર્જન અનન્ય અને મૌલિક છે. મનુષ્યનું પણ દરેક સર્જન પોતે અનોખું હોવું જોઈએ. સાચું સર્જન એ છે જેમાં સર્વાંગી અને સર્વતોમુખી દૃષ્ટિ હોય. કર્લ (મિશ્રા, 1986) જણાવે છે કે જે દેશો અલ્પ વિકાસશીલ છે તેઓ પોતાનાં માનવસંસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરતા નથી. અને એ માટે નાગરિકોની સર્જનાત્મકતાનું માપન અને પોષણ કરવું અત્યંત આવશ્યક છે.

સર્જનાત્મકતા એ માનસિક શક્તિ છે - યોગ્ય દિશા અને માર્ગદર્શન મળે તો તે વ્યક્તિને ગુણવત્તાવાળું જીવન જીવવા માટે સજ્જ બનાવી શકે છે. અંધારિયા (1987)એ જણાવ્યું છે કે સર્જનાત્મકતા અને ગુણવત્તા વચ્ચે લોહીની સગાઈ હોય છે. જે વ્યક્તિ સર્જનાત્મક હોય છે, તે જાતે ગુણવત્તાવાળું સર્જન પણ કરી શકે છે. ભોગાયતા (1985) કહે છે કે માનવજીવનની પ્રગતિના પાયામાં સર્જનાત્મકતા છે. એટલે બાળકની અંદર રહેલી સર્જનશક્તિ એ રાષ્ટ્રની સર્વોત્તમ સંપત્તિ છે. જીવનમાં સમસ્યાઓ સતત નવીન ઉકેલ માગે છે અને એ માટે સર્જનાત્મકતા સૌથી મુખ્ય ઉપકરણ બની રહે છે.

**સર્જનાત્મકતાનું અર્થઘટન :**

સર્જનાત્મકતા એ વિચારશક્તિ, કલ્પનાશક્તિ અને અનુભવોના નવીન સંયોજનથી ઊપજતું નવીન અને ઉપયોગી ઉત્પાદન છે. ગિલફર્ડ (1950) દ્વારા વર્ણવાયેલા તત્ત્વો મુજબ સર્જનાત્મકતાની ત્રણ મુખ્ય વિશિષ્ટતાઓ છે:

1. પ્રવાહિતા (Fluency): સતત નવીન વિચારો ઉપજાવવાની ક્ષમતા.
2. લવચીકતા (Flexibility): વિવિધ દૃષ્ટિકોણથી વિચાર કરવાની શક્તિ.
3. મૌલિકતા (Originality): જૂનામાંથી નવું અને અનોખું શોધવાની કુશળતા.

મોગરિયા (2008)ના મતે, સર્જનાત્મકતા એ એવી માનસિક પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ જૂનાં તત્ત્વો વચ્ચે પહેલાં ન જોવા મળેલા સંબંધો ઊભા કરે છે અને તેને આધારે કંઈક નવું અને ઉપયોગી સર્જે છે.

અંધારિયા (1987) કહે છે કે સર્જનાત્મકતા માત્ર કલાકૃતિ કે વૈજ્ઞાનિક શોધમાં જ નહીં, પણ જીવનની દરેક પ્રવૃત્તિમાં વ્યાપેલી છે. સિમ્પસન, વિલ્સન અને યેરેન્સ જેવા વિદ્વાનોના મતે, સર્જનાત્મકતા એ સંવેદનશીલતા, કલ્પના, શોધશક્તિ, તર્કશક્તિ અને નિર્ણાયકતાનો સુમેળ છે.

**બાળકોમાં સર્જનાત્મકતાનું સ્થાન :**

બાળકનું મન પોતે જ જિજ્ઞાસાશીલ અને નવી બાબતો જાણવાની ઉત્સુકતાથી ભરેલું હોય છે. તે પોતાની રમત, ચિત્રકામ, વાર્તા, પ્રશ્નો અને પ્રવૃત્તિઓમાં સતત કંઈક નવું સર્જવા તત્પર હોય છે. જો તેને યોગ્ય માર્ગદર્શન અને અભિવ્યક્તિનો અવકાશ મળે, તો તેની અંદર રહેલી શક્તિઓ ઉત્સાહપૂર્વક અભિવ્યક્ત થાય છે.

શૈશવાવસ્થામાં મગજ ખૂબ જ સક્રિય અને જીવંત હોય છે. આ તબક્કામાં મળેલું વાતાવરણ બાળકના સમગ્ર જીવનના ઘડતર માટે આધારશિલા બની રહે છે. શિક્ષણશાસ્ત્રીઓ માને છે કે માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે બાળકને સ્વતંત્ર વિચારવા અને પોતાની રીતે અભિવ્યક્ત થવાની તક આપવી અત્યંત આવશ્યક છે.

શિક્ષક, માતા-પિતા અને સંસ્થા દ્વારા બાળકને મળતું વાતાવરણ ઉત્સાહજનક અને માર્ગદર્શક હોય તો તે પોતાની અંદર રહેલી સર્જનશક્તિને ઉજાગર કરી શકે છે.

**સર્જનાત્મકતાનાં સ્વરૂપો :**

**1. ભાષાકીય સર્જનાત્મકતા**

- વાર્તાઓ, કવિતાઓ, સંવાદો અને લેખન દ્વારા અભિવ્યક્તિ
- ભાષાની નવી ઉપયોજન પદ્ધતિ

**2. દૃશ્ય અભિવ્યક્તિ (Visual Expression)**

- ચિત્રકળા, હસ્તકલા, રંગછટા અને નમૂનાઓનું સર્જન
- જૂના અને વપરાયેલા સામાનમાંથી નવી વસ્તુ બનાવવી

**3. સંગીત અને નૃત્ય**

- પોતાનું ગીત રચવું, નવી ધૂન ઉપજાવવી
- અલગ તાલમેલ સાથે જાતઅનુકૂલ નૃત્ય રજૂ કરવું

**4. વિજ્ઞાન અને શોધખોળ**

- દૈનિક અનુભવ પર આધારિત વૈજ્ઞાનિક અભિગમ
- ઘરગથ્થું સામગ્રીથી પ્રયોગ કરવો

**5. પાત્ર ભજવણી અને નાટ્ય અભિવ્યક્તિ**

- પાત્ર ભજવીને વાત વ્યક્ત કરવી
- નાટ્ય સર્જન દ્વારા જીવન અનુભવ પ્રગટાવવો

**6. રમત અભિવ્યક્તિ**

- નવી રમતો ઘડવી અથવા રમતમાં નવા નિયમ ઉપજાવવા
- રમત દ્વારા જ્ઞાનનું આનંદમય રૂપાંતર કરવું

**ગુણવત્તા અને સર્જનાત્મકતા :**

અંધારિયાના મતે, સર્જનાત્મકતા એ ગુણવત્તા તરફ દોરી જતી માર્ગદર્શિકા છે. જે બાળક નવું વિચારી શકે છે, તે સારું પણ કરી શકે છે. જે પોતાનું સર્જન કરે છે, તે જીવનની સમસ્યાઓ સામે ઊભો રહી શકે છે.

અભ્યાસ દર્શાવે છે કે જે બાળકોને અભિવ્યક્ત થવા માટે યોગ્ય અવકાશ મળે છે, તેઓ વિષયને ઊંડાણથી સમજવા ઉપરાંત તેનો વ્યાવહારિક ઉપયોગ પણ સારી રીતે કરી શકે છે. તેમનું ભણતર માત્ર માહિતીપ્રાપ્તિ પૂરતું સીમિત નહિ રહે, પરંતુ મૌલિક અભિગમ તરફ આગળ વધે છે.

**વિકાસ માટે જરૂરી વાતાવરણ :**

વિદ્વાનોના દૃષ્ટિકોણ અનુસાર, જે દેશો પોતાની નવી પેઢીની સર્જનશક્તિને ઓળખી તેને પોષે છે, એ રાષ્ટ્રીય વિકાસના માર્ગે આગળ વધે છે. ભારતે પણ બાળકની અંદર રહેલી કલ્પનાશક્તિને ઓળખીને એને સાચા માર્ગે દોરી તેને Nation-building માટે ઉપયોગ કરવો જોઈએ.

- શાળા અને ઘરમાં આત્મવિશ્વાસપૂર્ણ વાતાવરણ
- પ્રશ્નપૃચ્છા અને જવાબમૂલક સંવાદને સમર્થન
- પ્રવૃત્તિ આધારિત અને અનુભવો પર આધારિત શિક્ષણ
- પ્રયાસોની માન્યતા અને વ્યક્તિગત અભિગમ
- રમત અને કળા દ્વારા શીખવાની પદ્ધતિ

**નવી શિક્ષણ નીતિ અને સર્જનાત્મકતા :**

NEP-2020માં Activity-Based Learning, Inquiry-Based Learning અને Experiential Learningને મહત્ત્વ આપ્યું છે. આ તમામ પદ્ધતિઓ બાળકે પોતે સક્રિય બનીને શીખે એવી છે. બાળક 'વિષય'નો ઉપભોક્તા નહિ, પરંતુ સર્જક બને - એ શિક્ષણનું મૂળ ધ્યેય છે.

**શિક્ષણમાં સર્જનાત્મક અભિગમ લાગુ પાડવાથી બાળક :**

- આત્મવિશ્વાસુ બને છે.
- પ્રશ્નાર્થક બને છે
- આત્મમૂલ્યાંકન કરતાં શીખે છે
- સામૂહિક કામમાં સહભાગી બને છે

જેમ બ્રહ્માજીનું દરેક સર્જન અનન્ય હતું તેમ દરેક બાળકનું સર્જન પણ અનોખું હોય છે. બાળકની અંદર રહેલી સર્જનશક્તિ એ માત્ર કલ્પનાનું પ્રદર્શન નહીં, પરંતુ જીવન જીવવાની નવી દિશા છે. જો આપણે તેના વિચારો, કલ્પનાઓ અને અનુભવોને માન્યતા આપીએ અને તેને સર્જન માટે અનુકૂળ વાતાવરણ આપીએ, તો સમાજ અને રાષ્ટ્ર બંને સમૃદ્ધ બની શકે અને આ જ રાષ્ટ્રઘડતરમાં આપણું બહુમૂલ્ય યોગદાન બની રહે.

# સર્જનાત્મકતાઃ બાળકને મળેલી ઇશ્વરીય ભેટ



- સાગર એ. ગાંધી
આસિસ્ટન્ટ પ્રોફેસર
પાંડેસરા બી.એડ્. કૉલેજ, સુરત.
મો. ૯૯૭૪૧૭૯૧૧૧

સર્જનાત્મકતા ઘણી રીતે વ્યક્ત કરી શકાય છે...

કલા, સંગીત, વિચારવું, લેખન વગેરે.

સર્જનાત્મક વિચારકો માટે, તેઓ દરેક વસ્તુ વિશે જિજ્ઞાસા રાખે છે, અને તેઓ ક્યારેય દરેક વસ્તુ પર પ્રશ્ન કરવામાં નિષ્ફળ જતા નથી. જો તમારું બાળક સતત ‘શા માટે’ પ્રશ્ન પૂછતું રહે છે, જેમ કે ‘આકાશ વાદળી કેમ છે?‘ તો તેની સર્જનાત્મક વિચારક બનવાની ખૂબ જ શક્યતા ધરાવે છે. તેઓ ખૂબ જ અવલોકનશીલ અને સચેત પણ હોય છે.

કલાના સ્વરૂપમાં સર્જનાત્મકતા માટે, તમારું બાળક કદાચ કલ્પનાશીલ હોય છે, પરંતુ મોટાભાગના બાળકો ખૂબ જ સહજ પણ હોય છે. આ બાળકો તેમની લાગણીઓ અને વિચારોને પોતાની પાસે જ રાખે છે, મોટે ભાગે તેઓ ડરતાં હોય છે કે લોકો તેમનો ન્યાય કરશે. તેઓ ઘણીવાર સ્તબ્ધ થઈ શકે છે અને તેઓ ઘણાં સપનાં જુએ છે. સર્જનશીલ બાળકોને ઘણીવાર શાંત, અવાસ્તવિક અને રહસ્યમય તરીકે પણ વર્ણવવામાં આવે છે. તેઓ ઘણીવાર ચિત્રકામ દ્વારા, લેખન દ્વારા તેમની સર્જનાત્મકતા વ્યક્ત કરે છે. તેથી જો તમારી પાસે આવું બાળક હોય, તો તેમને વધુ સારી રીતે સમજવા માટે તેમણે બનાવેલી કલા પર ધ્યાન આપો, કદાચ તેમની કલાકૃતિઓ પાછળના અર્થ વિશે તેમની સાથે વાતચીત કરો.

બાળકે તેના મગજમાં પોતે જ એક બ્રહ્માંડ રચેલું હોય છે અને તે અસરકારક રીતે તેના મનમાં ઘણાં દૃશ્યો બનાવી શકે છે. તેમને ઊંડા વિચારમાં ડૂબેલા રૂમમાં એકલા જોઈને આશ્ચર્ય પામશો નહીં. તેઓ પુસ્તકો પણ ખૂબ જ પસંદ કરે છે. મોટે ભાગે કાલ્પનિક પ્રકારનાં પુસ્તકો. આ લોકો તેમના મગજમાં ઘણાં સપનાં અને કલ્પના સંગ્રહિત હોવાને કારણે ખૂબ જ ભૂલી જતા હોય છે. આમાંથી 80% લોકો અંતર્મુખી હોય છે.

જો આમાંથી કોઈ પણ બાબત તમારા બાળકનું વર્ણન કરે છે, તો તેમની સાથે સમય વિતાવવાનું ભૂલશો નહીં, સકારાત્મક વલણ અને સચોટ નિર્ણય સાથે તેમની સાથે વાતચીત કરીને તેમની દુનિયાને સમજવાનો પ્રયાસ કરો. સર્જનાત્મક લોકોને ઘણી ગેરસમજણનો સામનો કરવો પડે છે. તેથી નિર્ણય લેવામાં ઉતાવળ ન કરો. ઉપરાંત, તેમને બહારની દુનિયાનો આનંદ માણવા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરો.

એકંદરે, જો તમે તમારા હૃદયમાં સમજવાની કોશિશ કરો તો સર્જનાત્મક બાળકોને ઓળખવા મુશ્કેલ નથી. બાળકોમાં સર્જનાત્મકતાને ઓળખવી એ એક આનંદદાયક અનુભવ હોઈ શકે છે.

**સર્જનાત્મકતાનાં લક્ષણો :**

**કલ્પના :** જીવંત કલ્પનાઓ ધરાવતાં બાળકો ઘણીવાર કાલ્પનિક રમતમાં વ્યસ્ત રહે છે, પોતાની દુનિયા અને પોતાનાં કાલ્પનિક પાત્રો બનાવે છે.

**જિજ્ઞાસા :** એક જિજ્ઞાસુ બાળક હંમેશાં નવા ખ્યાલો શોધવા, પ્રશ્નો પૂછવા અને જવાબો શોધવા માટે ઉત્સુક હોય છે.

**મૌલિકતા :** સર્જનાત્મક બાળકો ઘણીવાર કલા, સંગીત અથવા લેખન દ્વારા પોતાને અનન્ય રીતે વ્યક્ત કરે છે.

**સમસ્યા ઉકેલવાની કુશળતા :** જે બાળકો સર્જનાત્મક રીતે વિચારે છે. તેઓ બહુવિધ ખૂણાઓથી સમસ્યાઓનો સામનો કરી શકે છે અને નવીન ઉકેલો શોધી શકે છે.

**વિવિધ ક્ષેત્રોમાં સર્જનાત્મકતાની અભિવ્યક્તિ :**

**કલાત્મક અભિવ્યક્તિ :**

- સતત ડૂડલિંગ અથવા ચિત્રકામ
- મૂળ હસ્તકલા અથવા મૉડલ બનાવવું
- વિવિધ કલા સામગ્રી અને તકનીકો સાથે પ્રયોગ કરવો

**કલ્પનાત્મક રમત :**

- વિસ્તૃત દૃશ્યો અને ભૂમિકાઓનું નિર્માણ
- ઢોંગી રમત અને ભૂમિકા ભજવવાની રમતોમાં સામેલ થવું
- વાર્તાકથનનો ઉપયોગ કરીને પોતાને વ્યક્ત કરે

**વિવેચનાત્મક વિચારસરણી :**

- સમસ્યાઓનું વિશ્લેષણ કરવું અને સર્જનાત્મક ઉકેલો શોધવા
- સુગમતા અને અનુકૂલનક્ષમતા દર્શાવવી
- શીખવા અને નવા વિચારો શોધવા માટે ઉત્સાહ દર્શાવવો

**સર્જનશીલ બાળકના વિકાસમાં સહાયક બાબતો :**

- How to boost creativity in children?
- Here are some ways to install a lifestyle to enhance creativity in a child.
- Brainstorming
- Allowing free time
- Storytelling/ reading
- Asking for child's opinion
- Problem solving activities
- Emotional Expression
- Imagination
- Drawing/Painting
- Dance
- Encouraging Curiosity
- Provide Confidence booster
- Embracing Flaws

Let's dive deep into how we can help a child Enhance their creativity...

બાળકોમાં સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવું એ એક બહુપક્ષીય પ્રક્રિયા છે જેમાં પોષક વાતાવરણ પૂરું પાડવું, અનુભવોને ઉત્તેજિત કરવા અને શોધખોળ અને સ્વ-અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

1. **સહાયક વાતાવરણ બનાવવું :**

- Creation Corner: ઘરમાં એક ચોક્કસ જગ્યા ફાળવવી જ્યાં બાળકો ગડબડ કરવાની ચિંતા કર્યા વિના સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં મુક્તપણે જોડાઈ શકે.
- સામગ્રી પ્રદાન કરવીઃ કલા પુરવઠો (પેઈન્ટ્સ, ક્રેયોન્સ, માર્કર), બિલ્ડિંગ બ્લોક્સ, માટી, રિસાઈકલ કરેલી વસ્તુઓ, કોસ્ચ્યૂમ અને સંગીતનાં સાધનો જેવી વિવિધ સામગ્રીની પ્રદાન કરવી.
- ભૂલોને સ્વીકારોઃ સર્જનાત્મક શોધમાં ઘણીવાર અસ્તવ્યસ્તતાનો સમાવેશ થાય છે અને બાળકોને પ્રયોગ કરવાની અને વસ્તુઓનો પસારો કરવાની સ્વતંત્રતા આપો.
- મૉડલ સર્જનાત્મકતાઃ બાળકો ઉદાહરણ દ્વારા શીખે છે, તેથી સર્જનાત્મક શોખમાં જોડાઈને, તમારા વિચારો શેર કરીને અને સર્જનાત્મક રીતે સમસ્યાઓનો સામનો કરીને તમારી પોતાની સર્જનાત્મકતા દર્શાવો.

2. **શોધ અને શીખવાને પ્રોત્સાહન આપવું :**

- મુક્ત રમતને પ્રોત્સાહન આપવુંઃ પુષ્કળ અનસ્ટ્રક્ચર્ડ ફ્રી સમય આપો જ્યાં બાળકો કડક નિયમો અથવા પુખ્ત વયના લોકોની દેખરેખ વિના તેમની પોતાની પ્રવૃત્તિઓનું અન્વેષણ, શોધ અને નિર્દેશન કરી શકે.
- જિજ્ઞાસા અને પ્રશ્નોને પ્રોત્સાહન આપોઃ બાળકોને 'શા માટે' અને 'શું થાય તો' પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કરીને પૂછપરછને પ્રોત્સાહન આપો, અને તેમને જવાબો શોધવામાં મદદ કરો.
- નિયમિત વાંચો અને વાર્તાઓ કહોઃ વિવિધ પુસ્તકો અને એકસાથે વાર્તાઓ બનાવવાથી

શબ્દભંડોળનો વિસ્તાર થાય છે, કલ્પનાશક્તિ વધે છે અને બાળકોને સર્જનાત્મક રીતે વિચારવા માટે પ્રોત્સાહિત થાય છે.

- અન્વેષણ કરો: બાળકોને પ્રકૃતિની યાત્રા પર લઈ જાઓ, તેમને કુદરતી વસ્તુઓનું અવલોકન કરવા અને એકત્રિત કરવા માટે પ્રોત્સાહિત કરો અને તેમની આસપાસની દુનિયાની ચર્ચા કરો.
- નવા અનુભવોનો પરિચય આપો: બાળકોને વિવિધ સંસ્કૃતિઓ, કલાસ્વરૂપો, સંગ્રહાલયો અને અન્ય અનુભવોથી પરિચિત કરાવો જે તેમના દૃષ્ટિકોણને વિસ્તૃત કરી શકે છે અને નવા વિચારોને પ્રેરણા આપી શકે છે.

**3. સર્જનાત્મકતાની સમગ્ર પ્રક્રિયાને પ્રોત્સાહન :**

- પ્રયત્નોની પ્રશંસા કરો, ફક્ત પરિણામો જ નહીં: પરિણામની ચિંતા વગર સર્જનની પ્રક્રિયા અને કરવામાં આવેલા પ્રયત્નો પર ધ્યાન કેન્દ્રિત કરો.
- ભૂલો અને અપૂર્ણતાને સ્વીકારો: બાળકોને સમજવામાં મદદ કરો કે ભૂલો શીખવા અને વિકાસનો કુદરતી ભાગ છે, તેમને જોખમ લેવા અને પ્રયોગ કરવા માટે પ્રોત્સાહિત કરો.
- સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પ્રોત્સાહિત કરો: બાળકોને પડકારો સાથે રજૂ કરો અને તેમને તેમના પોતાના અનન્ય ઉકેલો સાથે આવવા માટે પ્રોત્સાહિત કરો.
- રુચિઓ અને શોખને ટેકો આપો: બાળકોને તેમના જુસ્સાને શોધવા અને વિકસાવવા માટે તકો અને સંસાધનો પૂરા પાડો, પછી ભલે તે સંગીત, કલા, રમતગમત, અથવા મૉડલ બનાવવાનું હોય.
- સ્વતંત્રતા માટે પરવાનગી આપો: બાળકોને પસંદગીઓ કરવા દો અને દખલ કર્યા વિના તેમના વિચારોને અનુસરવા દો, ભલે તેમનો અભિગમ તમારા કરતા અલગ હોય.

આ પ્રથાઓને રોજિંદા જીવનમાં સમાવિષ્ટ કરીને, તમે અસરકારક રીતે એક જીવંત વાતાવરણ કેળવી શકો છો જ્યાં બાળકો કલ્પના કરવા, બનાવવા અને નવીનતા લાવવા માટે મુક્ત અનુભવે, તેમના એકંદર વિકાસને પ્રોત્સાહન આપે અને તેમને અનુકૂલનક્ષમતા અને નવીનતાને મૂલ્ય આપતા ભવિષ્ય માટે તૈયાર કરે.

**સર્જનશીલ બાળકના વિકાસમાં અવરોધક બાબતો :**

સર્જનશીલતા એક તરફ નવીન સર્જન આપે છે સાથે જ આ પ્રક્રિયા દરમિયાન ઘણા પડકારો અને અવરોધકોનો સામનો કરવો પડે છે. અહીં કેટલીક અવરોધક બાબતો જોઈએ...

- Lack of Support
- No favourable Environment
- Inadequate material
- Fear of Failure
- Lack of Confidence
- Lack of motivation
- Lack of appreciation/Response
- Rigid Thinking
- Impatience
- Conservative mindset
- Traditional Education system

સર્જનશીલ બાળકની ઓળખ કરી તેને સર્જનાત્મક પ્રક્રિયામાં સહાયક થતી બાબતો અને અવરોધકોને જાણવાથી બાળકની સર્જનાત્મકતાને ગતિમાન બનાવવામાં મદદ મળે છે.

રહેણી કહેણી ભલે આધુનિક હોય,
પરંતુ આગતા સ્વાગતા તો પ્રાચીન જ રાખવી જોઈએ,
કારણ કે જે મજા ઘી-ગોળ અને રોટલીમાં છે તે મજા પીઝામાં નથી.

# વિદ્યાર્થી અને શિક્ષકની સર્જનાત્મકતા



- પરેશકુમાર વિ. ત્રિવેદી
નિવૃત્ત આચાર્ય
બી.એમ. કોમર્સ હાઇસ્કૂલ, ભાવનગર
મો. ૯૪૨૭૬૧૪૯૬૮

સર્જનાત્મકતા એટલે તો બુદ્ધિનો સકારાત્મક વિકાસ. આ માટે મા-બાપ અને શિક્ષકોએ પહેલા સર્જનાત્મક બનવું પડશે, માનસિક રીતે પણ સમૃદ્ધ બનવું પડશે, શું સારું અને શું નહીં સારું તેની સમજ પણ કેળવવી પડશે. શિક્ષક પોતે જ સર્જનશીલ કે સર્જનાત્મક નહીં હોય તો પોતાના વિદ્યાર્થીઓને સર્જનાત્મક કઈ રીતે બનાવી શકશે? તે માટે શિક્ષકે સતત વાંચવું પડશે, સંશોધનમાં રુચિ વધારવી પડશે, મારા વિષયમાં હું વધુ સારું શું કરી શકું? સર્જનાત્મક ટાસ્ક શું કરી શકું, શું આપી શકું? આ વિશે સતત ચિંતન કરતો હોવો જોઈએ તે માટે શિક્ષકે Planning in Advance અને Planning in Detail કરવું પડે.. એવું ક્યાંક સાંભળ્યું હતું કે, 'એક પ્રાધ્યાપક પાસે પોતાના વિષયની એક નોટ હતી. આ નોટથી તેણે હંમેશાં ભણાવ્યા કર્યું. આ પ્રાધ્યાપક નિવૃત્ત પણ આ નોટ થકી જ થયા..!' આ શિક્ષક શું નવીન કરી શકે?

એવું કહેવાય છે કે, 'મને તે વ્યક્તિ સાથે વાત કરવા દો, હું કહી આપીશ કે તેના શિક્ષક એવા હશે!' વ્યક્તિ ઉપર ફક્ત શિક્ષકની જ અસર નથી હોતી, સમાજનાં ઘણાં પરિબળોની અસર હોય છે છતાં મહત્ત્વ શિક્ષકનું છે. એવું પણ કહેવાય છે કે, 'કોઈ પણ સમાજનું સ્તર તેના શિક્ષકના સ્તરથી ઊંચું હોઈ શકે નહીં.' આ દૃષ્ટિએ પણ શિક્ષકે હંમેશાં અપડેટ રહેવું પડે તથા સર્જનાત્મક રહેવું જ પડે તેવું કહી શકાય.

પ્રતિભાશાળી બાળક જ સર્જનશીલ હોય એ જરૂરી નથી. દુનિયાના અનેક વૈજ્ઞાનિકો બાળપણમાં પ્રતિભાશાળી ન હોય છતાં અનેક શોધો કરી હોય તેવા થોમસ આલ્વા એડિસન જેવાં અનેક ઉદાહરણો છે.

**સર્જનાત્મકતા વિશે દુનિયાના સંશોધકોના ઉદ્ગારો જોઈએ :**

1. જેમ્સ ડ્રેવર- સર્જનાત્મકતા મુખ્યતઃ નવીન રચના અથવા ઉત્પાદનમાં હોય છે.
2. ક્રો એન્ડ ક્રો- સર્જનાત્મકતા મૌલિક પરિણામોને વ્યક્ત કરવાની માનસિક પ્રક્રિયા છે.
3. સ્ટેન- જ્યારે કોઈ કાર્યનું પરિણામ નવીન છે, જો કોઈ સમૂહમાં સમૂહ દ્વારા ઉપયોગી અને માન્ય હોય એ કાર્ય સર્જનાત્મકતા કહેવાય છે.
4. કાર્લ અને બુસ- સર્જનાત્મકતા એક મૌલિક ઉત્પાદનના રૂપમાં માનવમનને ગ્રહણ કરીને અભિવ્યક્ત કરવાની અને ગુણાંકન કરવાની યોગ્યતા આવે તે ક્રિયા છે.

નવીન ચીજ કઈ રીતે બને? નવીન વિચારથી જ બને ને. આ નવું વિચારવા વાળા એટલે જુદું વિચારવા વાળા ગણાય. જે ચાલી રહ્યું છે તેમાં રચનાત્મક રીતે પ્રશ્નો ઊભા થાય અને તેના ઉકેલની દિશામાં પ્રયત્ન થાય એ જ સર્જનાત્મકતા છે. આઈઝેક ન્યૂટન આનું ઉત્તમ ઉદાહરણ છે. અલગ અલગ લોકોમાં અલગ અલગ વિચારો આવે અને તથ્યોના આધારે સમસ્યાનો વાસ્તવિક ઉકેલ મેળવે તે જ સર્જનાત્મકતા છે.

નવાં તથ્યો જે મળે તે માનવ જીવન માટે ઉપયોગી હોવા જોઈએ આ ચિંતન- મનનથી જ શક્ય છે. વિસ્તૃત જવાબ મેળવવા વ્યાપક ચિંતન જરૂરી છે. બે પ્રકારના ચિંતન છેઃ અપસારી ચિંતન અને અભિસારી ચિંતન. મૌલિક અને વિસ્તૃત ચિંતનને અપસારી ચિંતન અને યાંત્રિક રીતે થતા ચિંતનને અભિસારી ચિંતન કહેવાય છે .

સર્જનાત્મકતા માપવા માટે મુખ્ય પ્રયાસ ગીલ ફોર્ડે કર્યો હતો. તેમણે સર્જનાત્મકતા માટે વિવિધ વિશેષતા બતાવી છે. જેવી કેઃ કલ્પનાશીલતા, મૌલિકતા, સંવેદનશીલતા, વિનમ્રતા, નિરંતરતા, વિસ્તાર પૂર્ણતા, બાહ્ય વૃદ્ધિ અને અંતઃ વૃદ્ધિ, જિજ્ઞાસા, કાર્યમાં નિષ્ઠા,

સમસ્યા સમાધાનની યોગ્યતા, દરેક દિશામાં વિચાર, દૃઢ નિશ્ચયી, જોખમ ઉઠાવવા તૈયાર વગેરે.

વૈજ્ઞાનિક જેમ્સ વોટ સર્જનાત્મકતાનું સુંદર ઉદાહરણ છે. ચાની કીટલીનું ઢાંકણ વારંવાર ઉપર જાય અને પડી જાય. સામાન્ય માણસ માટે આ સામાન્ય બાબત છે પણ સર્જનાત્મક વ્યક્તિ માટે સર્જનાત્મક ચિંતનની ક્ષણ છે. જેમ્સ વોટ એ વિચાર્યું કે વરાળમાં શક્તિ છે, આ ઢાંકણ ઉપર પથ્થર મૂકીને તેની શક્તિ માપી અને વરાળ એન્જિનની શોધ કરી. જે લોકો સર્જનાત્મક હોય તેમાં સામાન્ય રીતે કેવા પ્રકારના ગુણો હોય છે, હોવા જોઈએ કે ગુણોનું નિરૂપણ થવું જોઈએ તે જોઈએઃ

1. **જિજ્ઞાસુઃ** (Creative person become curious)જ્ઞાન માટે વ્યાકુળ. આવાં બાળકો ઘટનાના મૂળ અને કારણ સુધી પહોંચી શકે. સ્વામી વિવેકાનંદ તેનું ઉત્તમ ઉદાહરણ છે.
2. **સર્જનાત્મક વ્યક્તિ પડકારોને પસંદ કરે છે** (Creative person like challenges) પરિસ્થિતિને પોતાને અનુકૂળ બનાવે છે. સમસ્યાનું સમાધાન પોતાના ક્ષમતા અને યોગ્યતાના આધારે કરે છે. તેથી તેઓ આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે.
3. **પ્રયોગોથી ભયભીત ન થાય** (Do not afraid to experiments) કોઈ પણ સાર્થક નિર્ણય પર પહોંચવા પ્રયોગો કરવા જ પડે. પ્રયોગો પ્રયોગશાળામાં અને સમાજમાં પણ. ક્યારેક નકારાત્મક પરિણામ પણ આવે પ્રયોગોની નિરંતરતા તેને ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચાડે છે.
4. **ઉચ્ચ માનસિક સ્તરના હોય છે**. (Creative person become high mental level)સામાન્ય વ્યવસ્થા સ્વીકાર કરવામાં વિશ્વાસ ન રાખે.
5. **આલોચનાત્મક ચિંતન અને સર્જન** (Critical thinking and creation) આલોચનાત્મક ચિંતન અને સર્જનમાં વિશ્વાસ તેથી પરિસ્થિતિને પોતાને અનુકૂળ બનાવીને યોગ્ય પ્રસ્તુતીકરણ કરે છે.
6. **વિશ્લેષણ અને સંશ્લેષણની યોગ્યતા** (Ability of analysis and Synthesis) તથ્ય કે ઘટનાને વિશ્લેષણ કરવાની યોગ્યતાને કારણે ઘટનાના મૂળ તત્ત્વ અને મૂળ કારણ સુધી પહોંચી જાય છે. છૂટા-છવાયા વિચારોનું સંશ્લેષણ કરીને નવીન વિચારોનું સર્જન કરે છે.
7. **મસ્તિષ્ક ઉદ્વેલનની સ્થિતિ** (Situation of brain storming) ચિંતન, મનન, ચર્ચા અને અભ્યાસથી પ્રત્યેક સમસ્યાનું સમાધાન શોધી શકાય છે.
8. **અનુસંધાનની પ્રવૃત્તિ** (Tendancy of research) સંશોધનની વૃત્તિ. દરેક વસ્તુનો સ્વીકાર ન કરે. સંશોધન અને પ્રયોગો પરથી સકારાત્મક ભાવ રાખે છે.
9. **પ્રામાણિક તથ્યોનું સંકલન** (Collection of standard factors) ભાવના અને વિચારોમાં ખેંચાઈને કાર્ય યોજના ન બનાવે પરંતુ પ્રમાણિત તત્ત્વના આધારે યોજના બનાવે.

સર્જનાત્મકતા સંદર્ભે વિવિધ મતો, તથ્યો અને સંશોધનો જોયા પણ સર્જનાત્મકતા એ છેવટે પ્રાયોગિક વિષય છે, અનુભવનો વિષય છે તેથી વિષયવસ્તુ સંદર્ભે જાણકારી લઈને તેને વ્યવહારમાં કઈ રીતે લાવી શકાય તે શિક્ષકે સતત વિચારવું જ પડે, ચિંતન કરવું પડે. શિક્ષણ કાર્ય સાથે અનેક એવી પ્રવૃત્તિઓ છે જેમાં વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિ ખીલે. શિક્ષકે સક્રિય રહીને માર્ગદર્શક અને પ્રોત્સાહક તરીકે ભૂમિકા ભજવવાની છે.

આપણા વિજ્ઞાન મેળાઓમાંથી અનેક એવાં સાધનો બન્યાં છે જે ખેતીવાડીથી ઉદ્યોગો સુધી ઉપયોગમાં આવ્યાં છે. અમેરિકાએ જ્યારે ભારતને સુપર કમ્પ્યૂટર આપવાની ના કહી ત્યારે મહારાષ્ટ્રના એક વિદ્યાર્થીએ સુપર કમ્પ્યૂટરની કક્ષાનું જ 'પરમ કમ્પ્યૂટર' બનાવી આપ્યું. આ છે સર્જનાત્મકતા. 'મેક ઇન ઇન્ડિયા' અને 'વોકલ ફોર લોકલ' આ પણ સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાની પ્રક્રિયા જ કહી શકાય.

# સર્જનાત્મકતાની પાંખો



- શમીમ મર્ચન્ટ 'શમા'
મુંબઈ.
મો. ૮૨૦૮૨૩૮૩૬૬

સર્જનાત્મક બાળકો જિજ્ઞાસુ, ભિન્ન દૃષ્ટિકોણ સાથે વિચારતા હોય છે, જેઓ એક જ 'સાચો' જવાબ આપવા કરતાં અનેક શક્યતાઓ શોધવાનું પસંદ કરે છે. આવાં બાળકોનો વિચાર કરવાનો ઢંઢેરો ઘણીવાર પરંપરાગત ન હોય, તેઓ મૂળભૂત ધારણાઓ પર પ્રશ્નો ઉઠાવે, અથવા કાર્યોને નવી રીતે ઉકેલે. તેમનું મગજ એક શોધશીલ ભૂમિની જેમ હોય છે, હંમેશાં વ્યવસ્થિત ન હોય, પણ વિચારોથી છલકાતું હોય.

**પરંપરાગત પદ્ધતિઓ કેમ કામ ન કરી શકે :**

પરંપરાગત વર્ગખંડો, જેમાં યાદશક્તિ આધારિત અભ્યાસ, નક્કી કરેલા જવાબો અને કડક સમયસૂચિઓ પર ભાર મુકાય છે, તેઓ ઘણીવાર સર્જનાત્મકતાને દબાવી નાખે. આવા માહોલમાં સર્જનાત્મક બાળક કંટાળી જાય અથવા તેને યોગ્ય રીતે સમજવામાં ન આવે. જો તમે એક શિક્ષક છો, તો તમે જરૂર જોયું હશે કે સર્જનાત્મક બાળકોને સતત વ્યસ્ત રાખવું પડે, નહીં તો તેઓ બેચેન થઈ જાય. તેમને લવચીકતા, સ્વતંત્રતા અને પોતાને વિવિધ રીતે વ્યક્ત કરવાની તકોની જરૂર હોય છે.

આ જ કારણે શિક્ષણની પદ્ધતિઓને ''માત્ર માર્ગદર્શન'' પરથી ''પ્રેરણા આપવા'' તરફ ફેરવવું જરૂરી બને છે.

**1. ખુલ્લાં કાર્યો અને વિવિધ વિચારસરણી પ્રવૃત્તિઓ :**

એવી પ્રવૃત્તિઓ પ્રોત્સાહિત કરો જેમાં એકથી વધુ જવાબ શક્ય હોય. જેમ કેઃ ''શું થાય, જો'' જેવાં દૃશ્યો, ચિત્ર આધારિત વાર્તાના પ્રેરણાબિંદુઓ કે ડિઝાઇન ચેલેન્જ જેવી પ્રવૃત્તિઓ બાળકોને મુક્ત રીતે વિચારવાની તક આપે છે.

એક શિક્ષકે એકવાર તેના વિદ્યાર્થીઓને પૂછ્યું, 'જો ગુરુત્વાકર્ષણ એક દિવસ માટે કામ કરવાનું બંધ કરી દે તો શું થશે?' એક બાળકે તરતી કેરીઓ અને ઊડતી ગાયોની કલ્પના કરી. બીજાએ કવિતા લખી. ત્રીજાએ એક નાનું પેરાશૂટ બનાવવાનો પ્રયાસ કર્યો. બધા સર્જનાત્મક હતા અને બધા પોતપોતાની રીતે સાચા હતા.

**2. પસંદગી આધારિત શિક્ષણ :**

બાળકોને શીખવા કે પોતાની સમજ દેખાડવા માટે વિવિધ રીતોમાંથી પસંદગી કરવાની તક આપો. કેટલાંક બાળકો દૃશ્યરૂપે ચિત્ર દોરીને શીખે, તો કેટલાક અભિનય, ગીત રચના કે મૉડલ બનાવવાથી પોતાની સમજ વ્યક્ત કરે.

શિક્ષક તરીકે મારા 35 વર્ષના અનુભવ બાદ હું કહી શકું છું કે જ્યારે બાળકોને પસંદગી મળે, ત્યારે તેઓ અપેક્ષા કરતાં પણ વધારે ખીલી ઊઠે.

**સર્જનાત્મક સૂચન :**

પાંદડાઓ અને છોડ વિશેના વિજ્ઞાનના પાઠમાં લેખિત પરીક્ષાની જગ્યાએ વિદ્યાર્થીઓને નીચેના વિકલ્પો આપો, જેમ કેઃ

- છોડ કેવી રીતે વધે તેની ફ્લિપબુક બનાવો
- પોતે એક બીજ છો એમ કલ્પના કરને એક વીડિયો ડાયરી બનાવો
- એક છોડ અને વરસાદના ટીપાં વચ્ચે સંવાદ લખો

આવો અભિગમ બાળકોમાં ઉત્સાહ, વ્યક્તિત્વ અને અભ્યાસની જવાબદારી બંને વધારશે.

**3. કલાઓનું એકીકરણ (STEM ઉપર સ્ટીમ) :**

- [STEM: વિજ્ઞાન - ટૅક્નોલૉજી - એન્જિનિયરિંગ - કલા - ગણિત
- STEM: વિજ્ઞાન - ટૅક્નોલૉજી - એન્જિનિયરિંગ - ગણિત

કલા ફક્ત સહપાઠ્ય પ્રવૃત્તિ નથી, તે વિચારની

અભિવ્યક્તિનું માધ્યમ છે. સંગીત, નૃત્ય, નાટક કે દૃશ્યકળાને પાઠમાં સામેલ કરવાથી શિક્ષણ વધુ સંપન્ન અને યાદગાર બને છે. એક શિક્ષકે પાણીના ચક્ર (Water Cycle)ની સમજ સાથે એક લોકધૂન રજૂ કરી. બાળકો મેઘ, વરસાદ અને નદી તરીકે નૃત્ય કરતાં હતાં. માત્ર કલ્પના જ નહીં, સંપૂર્ણ વિજ્ઞાન પદ્ધતિ પણ તેમની સાથે બંધાઈ ગઈ. પછીથી બાળકોએ પોતપોતાની પંક્તિઓ પણ રચી. અહીં શિક્ષણ અને સમજ સાથે સર્જનાત્મકતાનો પણ સમૃદ્ધ વિકાસ થયો.

**4. જોખમ લેવા માટે પ્રોત્સાહન આપો અને ભૂલને સ્વીકારો :**

સર્જનાત્મક બાળકોને ઘણીવાર ભય હોય છે કે તેમના વિચારો "સામાન્ય" ધોરણોમાં બંધબેસતા નથી. શિક્ષકો માટે આવું વાતાવરણ ઊભું કરવું જરૂરી છે જ્યાં ભૂલોને દંડવામાં નહીં, પરંતુ સમજવામાં આવે.

"જો તમે ભૂલ કરવા માટે તૈયાર નહીં હો, તો તમે ક્યારેય કંઈક નવું નથી ઉપજાવી શકતા." - સર કેન રોબિન્સન

વર્ગખંડ એટલે કે ક્લાસરૂમ વિચારોની પ્રયોગશાળાઓ હોવી જોઈએ જ્યાં અનોખા અને ગજબના વિચારોને પણ આદર મળે અને તેને વધારે શુદ્ધ બનાવી શકાય. ઉદાહરણરૂપે, હું એક અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે મારા વિદ્યાર્થીઓને વર્ણનાત્મક અને વાર્તાત્મક લખાણોમાં પૂરી છૂટછાટ આપું છું. તેમને વિવિધ શૈલીઓનું અન્વેષણ કરવા માટે પ્રોત્સાહિત કરીને, આપણે તેમને ફક્ત તેમના વ્યક્તિત્વને સ્વીકારવામાં મદદ નથી કરતા, પરંતુ એક શક્તિશાળી સંદેશ પણ મોકલીએ છીએઃ કે અનન્ય હોવું વિચિત્ર નથી, તે સર્જનાત્મક છે.

**5. લવચીક વર્ગખંડ પરિબળ :**

સર્જનાત્મકતા એવું વાતાવરણ માગે છે જે ઉત્સાહ અને પ્રેરણા આપે. કડક અને એકસરખી બેઠકોમાંથી બહાર આવો. શીખવાના ખૂણાઓ, નરમ લાઇટિંગ, કળાવાળી દીવાલો અને પ્રોજેક્ટ ડિસ્પ્લે જેવી વ્યવસ્થાઓ બનાવી શકો છો. ખરેખર તો બહારનું વાતાવરણ સૌથી અસરકારક સાબિત થયું છે, હરિયાળી ફક્ત મનને તાજું નથી કરતી, પણ એવી કલ્પનાઓને ઉદ્ભવે છે જે વર્ગખંડમાં શક્ય નથી.

"વિચાર વિસ્તાર ઝોન" બનાવો, જ્યાં વિદ્યાર્થીઓ જ્યારે પણ વિચાર કરવા અથવા સ્કેચ કરવા માંગતા હોય ત્યારે જઈ શકે. ખુલ્લી શેલ્ફમાં રિસાઇકલ વસ્તુઓ, રંગો, રમકડાં, કઠપૂતળી, મીઠી માટી અથવા શબ્દવિહીન પુસ્તકો રાખો. આવી વ્યવસ્થા સંદેશ આપે છે કે કલ્પના મર્યાદા કરતાં મોટી છે અને શાળામાં તેનું સ્વાગત છે.

**6. પ્રોજેક્ટ આધારિત શિક્ષણ અને વાસ્તવિક જીવનની સમસ્યાઓ :**

ઔપચારિક અને સૂકી શૈલીમાં પાઠ ભણાવવાની જગ્યાએ વાસ્તવિક જીવનના મુદ્દાઓ દ્વારા શીખવાની પ્રક્રિયા શરૂ કરો. એક શિક્ષકે પોતાની કક્ષાને પડકાર આપ્યોઃ 'એવી બેગ ડિઝાઇન કરો જેમાં પુસ્તકો લઈ જઈ શકાય અને સાથે પૃથ્વીનું રક્ષણ પણ કરે.' બાળકોએ પર્યાવરણને અનુકૂળ સામગ્રી પર વિચાર-મંથન કર્યુ, લોકોએ શું ઇચ્છે છે તેનો સર્વે કર્યો અને જૂના કપડાંમાંથી નમૂનાઓ તૈયાર કર્યા. આ પ્રોજેક્ટે વિજ્ઞાન, ગણિત, સમાજશાસ્ત્ર અને પર્યાવરણ શિક્ષણ, બધાને એકસાથે સ્પર્શ્યું. એક એવું શિક્ષણ જે જીવંત અને યાદગાર સાબિત થયું.

**7. જર્નલ લખાણ અને આત્મચિંતનનો સમય :**

સર્જનાત્મક બાળકો ઊંડા વિચારોમાં ડૂબેલા હોય છે. તેઓને પોતાના વિચારોને ગોઠવવા માટે જો સમય અને જગ્યા મળેઃ જેમ કે, જર્નલ લખવી, સ્કેચ ડાયરી રાખવી કે વોઇસ રેકૉર્ડિંગ જેવી રીતોમાં, તેઓ પોતાની કલ્પનાઓને વધુ મજબૂત રીતે વ્યક્ત કરી શકે છે.

**પ્રવૃત્તિ સૂચન :**

"પ્રિય કલ્પના..." એક સાપ્તાહિક ડાયરી પ્રવૃત્તિ જ્યાં બાળકો તેમની કલ્પનાને પત્ર લખી શકેઃ કદાચ કંઈક પૂછે, કંઈક સંભળાવે, કંઈક દૃશ્ય રીતે ચિત્રમાં દર્શાવી શકે. આ રીતે, દરેક બાળક પોતાના આંતરિક વિશ્વ સાથે

અભિનય સંવાદ સ્થાપિત કરે છે - જે તેને વિચારશીલ અને સ્વ-પ્રેરિત બનાવે છે.

**8. સ્પર્ધા વિના સહકાર :**

સર્જનાત્મક વિકાસ ત્યારે વધુ ફાલીફૂલી શકે જ્યારે બાળકો સહકારથી કામ કરે, સ્પર્ધાથી નહીં. જૂથમાં કાર્ય કરવું, મિત્રો તરફથી પ્રતિસાદ મેળવવો અને વિચારોની આપ-લે કરવી એ બધી પ્રવૃત્તિઓ બાળકોની અંદરની પ્રેરણાને જગાડે છે.

"સર્જનાત્મકતા એવું વાતાવરણ માગે છે જ્યાં પારસ્પરિક સન્માન હોય અને શોધની ભાવના વહેતી હોય." - મિહાઈ ચિકસેન્ટમિહાઈ

સાથે મળીને શીખવું એટલે માત્ર સહકાર નહીં, પણ એકબીજાની સર્જનાત્મક શક્તિઓને ઓળખવાની અને વધારવાની તકો ઊભી કરવી.

**9. મહેમાન કલાકારો, શોધકરો અને વાર્તાકારોને આમંત્રણ આપો :**

બાળકોને વાસ્તવિક જીવનના સર્જકો સાથે સંપર્કમાં લાવવું તેમની અંદરના કલ્પનાસક્ત વિશ્વને પ્રેરણા આપે છે. કારણ કે કલ્પના ફક્ત ચિત્રકલામાં નહીં, પણ વિજ્ઞાનના પ્રયોગશાળાઓ, માટીના વર્કશોપમાં, સંગીતની તાલીમમાં કે સાહિત્યની રચનામાં પણ સહાયક બની શકે છે.

જે સ્કૂલમાં હું અગાઉ શિક્ષિકા હતી, ત્યાં દર વર્ષે સાહિત્ય મહોત્સવ યોજાતો. લેખકો વિદ્યાર્થીઓ સાથે સીધા સંવાદ સાધતાઃ તેઓ શું વાંચીને પ્રેરિત થયા, લેખક બનવાની સફર કેવી રહી, કઈ મુશ્કેલીઓ આવી, શું તેમને ખાસ બનાવે છે, અને પોતાનો ભય કઈ રીતે પાર કર્યો, તેમને આ બધું શેર કરવામાં ખૂબ આનંદ આવ્યો. વિદ્યાર્થીઓએ ધ્યાનથી સાંભળ્યું અને પ્રશ્નોનો વરસાદ કર્યો!

**10. શિક્ષકની ભૂમિકાઃ નિયંત્રણકર્તા નહીં, સહયાત્રી હોવી જોઈએ :**

સર્જનાત્મક બાળકો માટે સૌથી શક્તિશાળી સાધન છે શિક્ષકનો દૃષ્ટિકોણ. આવાં બાળકોને એવો શિક્ષક જોઈએ જેઃ

- તેમની પ્રક્રિયા સાથે ધીરજ ધરાવે
- તેમની સાથે જિજ્ઞાસા રાખે
- શીખવાની પદ્ધતિઓમાં પ્રયોગ કરવા તૈયાર હોય

**શિક્ષકમાં હોવાજોગ આવશ્યક ગુણધર્મો :**

- ખુલ્લા-અર્થના પ્રશ્નો પૂછવાની ક્ષમતા
- વિદ્યાર્થીઓ સાથે શીખવાની ઇચ્છા
- વિદ્યાર્થીઓના વિચાર અને અવાજ પ્રત્યે આદર
- અનિશ્ચિતતા સામે ઉદારતા અને સ્વીકારશીલતા

શિક્ષક જો માર્ગદર્શક બની જાય, તો સર્જનાત્મકતાનું બીજ સ્પંદિત થવાનું શરૂ થઈ જાય. આવા શિક્ષકના હાથમાં શિક્ષણ એક યાત્રા બની જાય છે, જ્યાં માર્ગ પણ વિદ્યાર્થીઓ સાથે શોધવામાં આવે.

**વર્ગખંડની બહાર સર્જનાત્મક બાળકોને ટેકો આપવો :**

માતાપિતાને આ અંગે માહિતગાર કરો કે તેઓ ઘરે કેવી રીતે બાળકોની સર્જનાત્મકતા વિકસિત કરી શકેઃ સ્ક્રીન ટાઈમ મર્યાદિત કરો, આર્ટ સામગ્રી ઉપલબ્ધ કરો, બાળકોના વિચારોને ધ્યાનથી સાંભળો.

સર્જનાત્મકતા દર્શન આયોજન કરો - ફક્ત ગુણાંક માટે નહીં, પણ વિચારો માટે. બાળકોને તેમના શોધખોળ, કવિતાઓ, કોમિક પુસ્તકો, વિજ્ઞાનકથાઓ પ્રસ્તુત કરવાની તક આપો. મેં ઘણાં માતાપિતાઓને ઘરે એક ખાસ ફલેનલ બોર્ડ લગાવતાં જોયાં છે જ્યાં તેઓ ગૌરવથી તેમના બાળકોનું આર્ટવર્ક પ્રદર્શિત કરે છે.

પ્રગતિનું દસ્તાવેજીકરણ કરો - સર્જનાત્મકતાનો પોર્ટફોલિયો રાખો જે આખા વર્ષ દરમિયાન બાળકના વિકસતા વિચારોને પ્રદર્શિત કરે છે. વર્ષ અંતે પાછું જોવું એક આહ્લાદક અનુભવ બની શકે છે - બિલકુલ તેમ જ જેમ દરેક વર્ગની જૂના ફોટોગ્રાફસમાં બાળક થોડો વધારે મોટો દેખાતો હોય છે.

# બાળકની સર્જનાત્મકતા વિકસિત કરવામાં શિક્ષકની ભૂમિકા



- ડૉ. ફાલ્ગુની આર. રાઠોડ
સિસોદ્રા (ગ.વ) કન્યા શાળા
તા. જિ. નવસારી
મો. ૯૪૨૮૩૮૦૧૭૪

પીઅરમેને સર્જનાત્મકતા વિશે ખૂબ જ સુંદર વ્યાખ્યા આપી છે એમણે કહ્યું છે કે, "સર્જનાત્મકતા એ માનવ મનની શક્તિ છે જે સંબંધોને બદલીને નવી સામગ્રી બનાવે છે અને તેના દ્વારા નવા સહસંબંધો ઉત્પન્ન કરે છે". આપણે સૌ જાણીએ છીએ કે બાળક એ પ્રભુની પ્રસાદી સમાન છે.

**સર્જનશીલ બાળકના આત્મવિશ્વાસમાં વધારો કરવો :**

ઘણીવાર બાળકોની અંદર સર્જનાત્મકતાનો ભંડાર હોય છે પણ તેને બહાર લાવવા માટે એ લઘુતાગ્રંથિ અનુભવતાં હોય છે. એમની સર્જનાત્મકતાને પોતે ખૂલીને બહાર લાવવામાં શરમ સંકોચ અનુભવે છે. આવા સર્જનશીલ બાળકની અંદર રહેલી ખૂબીને જાણીને એની અંદર આત્મવિશ્વાસ પૂરા પાડવાનું કાર્ય એક શિક્ષકનું છે. શિક્ષકે આવાં બાળકોને વર્ગખંડમાં મુક્ત વાતાવરણ પૂરું પાડવું. શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી આવા સર્જનશીલ બાળકોની સર્જનશક્તિને બહાર લાવી એમનામાં વિશ્વાસ જગાડી, 'તું આ કરી શકે છે.' એ વાતને એની અંદર જાગૃત કરવાની છે. આવાં બાળકો સાથે રહી જો એક શિક્ષક કાર્ય કરે તો બાળકની સર્જનશક્તિને નવા જોમ અને જુસ્સો પ્રાપ્ત થાય.

**સર્જનશીલ બાળકોને સ્વતંત્રતા પૂરી પાડવી :**

વર્ગખંડમાં જ્યારે સર્જનશીલ બાળક શિક્ષક પાસે કોઈ પણ પ્રકારના ડર કે ભય વગર પોતાની વાતને રજૂ કરી શકે એ જોવાનું કાર્ય એક શિક્ષકનું છે. ચિત્રકામમાં નિપુણ બાળકને ચિત્રો દોરવા માટે પૂરતી સ્વતંત્રતા આપવામાં આવે. વર્ગનાં સર્જનશીલ બાળક પોતાની અંદર જે આવડત છે તેને સ્વતંત્ર રીતે શિક્ષક સામે રજૂ કરી શકે એ માટે એક શિક્ષકે એને પૂરતું માર્ગદર્શન અને એ કાર્ય કરવા માટેનો ઉત્સાહ પૂરો પાડવો. આવાં બાળકોની સાથે મુક્ત મને ચર્ચા કરી એમનાં સપનાંને ઉડાન આપવાનું કાર્ય એક શિક્ષકે કરવું ખૂબ જરૂરી છે. વર્ગખંડમાં મુક્ત ચર્ચાનું વાતાવરણ નિર્માણ કરી સર્જન કરનારાં બાળકોને સ્વતંત્રતા પૂરી પાડવી.

**વિવિધ શારીરિક કૌશલ્યોનો વિકાસ કરવો :**

શાળામાં વિવિધ શારીરિક પ્રવૃત્તિઓ જેવી કે કસરત, યોગ, કરાટે, આંતરિક બાહ્ય રમતો વગેરેની તૈયારી કરવામાં આવે. જેથી બાળકોમાં શારીરિક પ્રવૃત્તિઓ દ્વારા શાળામાં સર્જનાત્મક વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો વિકાસ થાય. રમતમાં ભાગ લેવા માટે વિવિધ ઍથ્લેટિક રમતો શાળા કક્ષાએ કરવામાં આવે. ઘણીવાર બાળકો ભણવા કરતાં પણ વધારે રમતોમાં સારો દેખાવ કરતાં હોય છે. આવાં બાળકોની ઓળખ કરી એમની રમતની રુચિને વધારે સારી રીતે જાણી એ બાળકને એ દિશામાં પ્રોત્સાહિત કરવું.

**શાળામાં વિવિધ તકનીકનો ઉપયોગ કરવો :**

વિદ્યાર્થીઓની સર્જનાત્મક ક્ષમતાઓને વેગ આપવા માટે વિવિધ તકનીકી સંવર્ધન કાર્યક્રમોનું આયોજન કરવું એક શિક્ષકની ફરજ છે. વિવિધ સર્જનશીલ વિદ્યાર્થીઓની ક્ષમતાઓને ઓળખવા માટે અભ્યાસક્રમમાં જરૂરી ફેરફારો કરી અને યોગ્ય રીતે આયોજન કરી એમની સર્જનશીલતાને બહાર લાવવી જોઈએ. પ્રતિભાશાળી બાળકો કે જેઓ સર્જનશીલ છે તેમના માટે ખાસ પ્રોજેક્ટ કાર્ય હાથ ધરવામાં આવે. આ ઉપરાંત જૂથ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી શકાય. વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવાની યોગ્ય સુવિધા આપવી એ પણ જરૂરી છે.

શાળાએ તેના સંવર્ધન કાર્યક્રમમાં સર્જનાત્મક અભિવ્યક્તિઓને માટે પિકનિક અને ઐતિહાસિક

મહત્ત્વના સ્થળે પર્યટન, સેમિનાર, રમતો, વિજ્ઞાન મંચ, નાટ્ય પ્રવૃત્તિઓ અને સાહિત્યિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. આ બધી પ્રવૃત્તિઓ થકી બાળકની અંદર પડેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવામાં એક શિક્ષક મદદરૂપ થઈ શકશે.

**શાળામાં વૈજ્ઞાનિક અભિગમની ખિલવણી કરવી :**

શિક્ષકે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિક અભિગમની ખિલવણી કરવી જોઈએ કે જેથી વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા વિવિધ વિષયોના વાંચનમાં તેનો ઉપયોગ કરવો જોઈએ. સર્જનાત્મક વિદ્યાર્થીઓ માટે સંશોધન પ્રવૃત્તિઓ અને વૈજ્ઞાનિક પ્રયોગોને સરળ બનાવવા જોઈએ જેથી તેઓ તેમના પ્રાપ્ત જ્ઞાનની ક્ષિતિજને વિસ્તૃત રીતે આગળ વધારી શકે. આમ સર્જનશીલ બાળકને શિક્ષકે શાળા કેમ્પસની અંદર અને બહાર વિજ્ઞાનના ક્ષેત્રમાં એની રુચિને ઉત્તેજિત કરવા માટે વિદ્યાર્થીઓ પર યોગ્ય ધ્યાન રાખવું જોઈએ.

**બાળકોની કલ્પનાશક્તિમાં વધારો કરો :**

બાળકો જેટલી વધારે કલ્પના કરશે એટલી વધારે એની સર્જનાત્મકતાનો વિકાસ વધી જશે. બાળકો પોતે વિચાર કરતાં થાય એવું વાતાવરણ નિર્માણ કરો. એ વિચારોનો જાતે ઉપયોગ કરી એનો ઉકેલ મેળવતાં થાય એ માટે એમને કલ્પનાની દુનિયામાં વિહાર કરાવો. શિક્ષકે બાળકોની સામે વિવિધ પરિસ્થિતિઓનું નિર્માણ કરી એનાં સમાધાન તરફ કલ્પનાશીલ બની વિચાર કરતાં કરવાં. જેથી બાળકોમાં રહેલી સર્જન શક્તિને બહાર લાવી શકાય.

**સર્જનશીલ બાળકોને પડકાર આપો :**

એક સર્જનશીલ બાળકને એમની ક્ષમતાઓને જાણવા માટે યોગ્ય પડકાર આપવા જરૂરી છે.એક શિક્ષક તરીકે બાળકોની સર્જનાત્મકતાને વિકસિત કરવા માટે નવી વસ્તુઓ શીખવા માટે તેમજ નવી નવી તકનીકનો ઉપયોગ કરી પ્રશ્નોને હલ કરવા જેવી પ્રવૃત્તિઓ આપી એમની વિચારશક્તિને વધારે તીવ્ર બનાવી શકાય. બાળકોમાં તર્ક શક્તિનો વિકાસ થાય એવા પ્રયાસો વર્ગખંડમાં શિક્ષક દ્વારા કરી શકાય.

**વાલીઓને યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપવાં :**

એક શિક્ષક તરીકે શાળામાં અભ્યાસ કરતાં સર્જનશીલ વિદ્યાર્થીઓના વાલીઓના સતત સંપર્કમાં રહી એમને યોગ્ય માર્ગદર્શન અને સલાહ પૂરાં પાડવાનું આયોજન કરવું. શાળામાં વાલી સંમેલન યોજી એમના બાળકોની પસંદ વિશે મુક્ત મને ચર્ચા કરી એમની અંદર કંઈ બાબતો વિશિષ્ટ અને ખાસ છે એ અંગે ચર્ચા કરીને આવા સર્જનશીલ બાળક ઉપર વિશેષ ધ્યાન આપવાની વાતને રજૂ કરવામાં આવે તો આવાં બાળકોને પોતાના માતાપિતા તરફથી પણ એટલો જ હકારાત્મક વિશ્વાસ પ્રાપ્ત થાય.

**બાળકોની સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરો :**

વર્ગખંડમાં અલગ અલગ પ્રકારનાં સર્જનશીલ બાળકો હોય છે. કોઈ સંગીતમાં તો કોઈ ચિત્ર કામમાં તો કોઈ કવિતા વાર્તા લેખનમાં રસ રુચિ ધરાવતા હોય છે. એમની અંદરની આ કળાને વિવિધ સ્પર્ધાઓના માધ્યમ થકી બહાર લાવવાનું કાર્ય એક શિક્ષકે કરવાની જરૂર છે. શિક્ષકે આવાં બાળકોની કળાને જીવંત બનાવી એમને મંચ પૂરો પાડવો. એમનું પ્રાર્થના સંમેલનમાં બહુમાન કરી એમની સિદ્ધિઓને બિરદાવીને એમને આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડવી. વિવિધ મહાનુભાવોના જીવન પ્રસંગો એમના સર્જનકાર્યને બાળકો સમક્ષ દૃષ્ટાંત પૂરાં પાડી એમની અંદરની સર્જનશીલતાને પ્રોત્સાહિત કરી જીવનમાં સતત નવું નવું શીખવાની તક પૂરી પાડવી.

**નિષ્ફળતામાંથી સફળતા તરફ જવાનો રસ્તો બતાવવો :**

એક સર્જનશીલ બાળકને શિક્ષક દ્વારા નિષ્ફળતાથી હતાશ કે નિરાશ થયા વગર હિંમતથી એનો સામનો કરવાની શીખ મળવી જોઈએ. શિક્ષકે બાળકોને એમની સર્જનાત્મક પ્રવૃત્તિઓ હંમેશાં ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરતું રહેવું જોઈએ. ભલે પછી નિષ્ફળતા અનેકવાર મળે પણ એકવાર સફળતા ચોક્કસ મળશે એ વાતનો વિશ્વાસ એમની અંદર જાગૃત કરી શિક્ષકે સતત એક સાચા માર્ગદર્શક તરીકે સર્જનશીલ બાળકોની પડખે ઊભા રહેવું જોઈએ.

# બાળક અને સર્જનાત્મકતા

- Dr. Nayankumar C. Parmar
Asst. Professor in Special Education
Ahmedabad. Mob. : 7698942083

- Rajendrakumar Parmar
Special Educator
Ahmedabad. Mob. : 8140745663

સર્જનાત્મકતા એ એવી માનસિક પ્રક્રિયા છે જેમાં બાળક પોતાની અંદરની કલ્પનાને પ્રગટ કરીને કંઈક નવું વિચારે છે, બનાવે છે કે રજૂ કરે છે. એ લેખન, ચિત્રકળા, સંગીત, નૃત્ય, વાર્તા કહેવી, પ્રશ્નો પૂછવા જેવી પ્રવૃત્તિઓમાં દેખાય છે.

**શા માટે સર્જનાત્મકતાને ઈશ્વરીય ભેટ કહેવામાં આવે છે?**

1. **જન્મજાત ક્ષમતા** : દરેક બાળકમાં જન્મથીજ કંઈક નવું શીખવાની અને શોધવાની કુતૂહલશક્તિ હોય છે. એ કુદરતી તોફાન છે જે ઈશ્વર દ્વારા મળેલી છે.
2. **વિશિષ્ટ અભિવ્યક્તિ** : દરેક બાળક પોતાની અંદર નવી રીતે વાત વ્યક્ત કરવાની અનોખી રીત ધરાવે છે - એ શબ્દોમાં, ચિત્રમાં, રમતમાં કે હાવભાવમાં પણ હોઈ શકે.
3. **જગતના વિકાસ માટે આધારભૂત** : બધા મોટા શોધકર્તાઓ, વૈજ્ઞાનિકો કે કલાકારો એમની બાલ્યાવસ્થાના સર્જનાત્મક વિચારોથી પ્રેરિત થઈ આગળ વધ્યા છે.
4. **સમસ્યા હલ કરવાની કુશળતા** : સર્જનાત્મકતા બાળકને નવી રીતથી વિચારવાનું શીખવે છે, જેના આધારે એ જીવનની સમસ્યાઓનો નવો ઉકેલ શોધે છે.

**સર્જનાત્મક શક્તિના દાખલાઓ :**

- બાળક રમતાં રમતાં નવી રમત બનાવી લે છે.
- ચૂપચાપ બેઠો બાળક પેન્સિલથી કાગળ પર કંઈક નવું ચીતરે છે.
- વાર્તા સાંભળીને તેનો પોતાનો અંત બનાવે છે.
- સરળ વસ્તુઓમાંથી નવી વસ્તુ બનાવી કાઢે છે.

**સર્જનાત્મક બાળકનાં માતાપિતાએ ધ્યાનમાં રાખવાની બાબતો :**

સર્જનાત્મક બાળકનો વિકાસ એ એક સંવેદનશીલ, સૂક્ષ્મ અને મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે. આવા બાળકને યોગ્ય દિશામાં વિકસાવવો તે માતાપિતા માટે પડકારજનક પણ હોઈ શકે છે અને સાથે ખૂબ જ આનંદદાયક પણ. સર્જનાત્મકતા એ માત્ર ચિત્રકામ કે સંગીત સુધી સીમિત નથી, પરંતુ તેનો વ્યાપ વિચારશક્તિ, પ્રશ્ન પૂછવાની ક્ષમતા, નવી પદ્ધતિ શોધવાની તકો, કલ્પનાશક્તિ અને સમસ્યાઓના અનોખા ઉકેલો શોધવા જેવી અનેક બાબતો સુધી વિસ્તરેલો હોય છે. આવાં બાળકોનાં માતા-પિતાએ કેટલીક ખાસ બાબતોનું ધ્યાન રાખવું જરૂરી બને છે જેથી બાળકની સર્જનાત્મક શક્તિનો સકારાત્મક વિકાસ થઈ શકે.

1. **બાળકની કલ્પનાશક્તિને પ્રોત્સાહન આપવું** : બાળકોની કલ્પના અઢળક અને મુક્ત હોય છે. તેમને કોઈ પણ વસ્તુમાંથી નવી વાત કે વિચાર ઉપજાવવાનો સ્વાભાવ હોય છે. માતા-પિતાએ બાળકના વિચારોને 'બકવાસ' કે 'અસંભવ' કહીને ના પાડવા કરતાં, તેને સાંભળવું અને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ.

ઉદાહરણ : જો બાળક કહે કે 'હું પાંખવાળું ઘર બનાવીશ', તો તેને ટોકવાનું નહિ પરંતુ પૂછવું કે, 'શું મજા આવે એવું ઘર કે જેમાં પાંખ હોય? તે કેવી રીતે ઊડે?'

2. **વિચાર વ્યક્ત કરવાની છૂટ આપવી** : સર્જનાત્મક બાળકો કોઈ પણ મુદ્દે તેમના દૃષ્ટિકોણથી જુદું વિચારી શકે છે. તેમને પોતાનું વાતાવરણ પણ અલગ જ રીતે લાગે છે. માતા-પિતાએ આવા વિચારોને કટાક્ષથી ન નકારી દેવું જોઈએ. કોઈ પણ વિચાર પર તરત જ 'તું ખોટો છે' ન કહો. 'શું આમ પણ વિચાર શકાય?' એમ પૂછવાથી તેમના

વિચારને સ્થાન મળે છે.

3. **ખોટાની પણ પ્રશંસા કરી શકાય :** બાળક બધું સાચું કરશે એવું જરૂરી નથી. ઘણી વખત તે ખોટું પણ કરી શકે - પણ એ ખોટામાંથી એક નવી દિશા મળે છે. માતા-પિતાએ ખોટા પ્રયાસોને પણ ઍપ્રિસિએટ કરવાનો અભિગમ રાખવો જોઈએ.

ઉદાહરણ : બાળકે ટમેટાની જગ્યાએ સફરજનનો ઉપયોગ ચાટમાં કર્યો હોય, તો એની ભલાઈ શોધવાનો પ્રયત્ન કરો.

4. **પ્રશ્નોના જવાબ દઈને નહિ, વિચારવામાં મદદ કરવી :**

સર્જનાત્મક બાળકો પ્રશ્નો ઘણાં પૂછે છે. તે પ્રશ્નો ઘણીવાર તર્કથી પર હોય છે. માતા-પિતાએ તરત જવાબ આપવાને બદલે બાળકોને 'શું લાગે છે?' અથવા 'તને શું વિચાર આવે છે?' એવું પૂછીને વિચારવાની તક આપવી.

5. **શૈક્ષણિક સિદ્ધિથી આગળ પણ વિચારવું :**

માતા-પિતાનું ધ્યાન ઘણીવાર માર્કશીટ, રિઝલ્ટ અને પરીક્ષા પર હોય છે. પરંતુ સર્જનાત્મક બાળક કદાચ આદારી રીતે ખૂબ જ પ્રભાવી હોય પરંતુ શૈક્ષણિક રીતે સામાન્ય હોઈ શકે છે. માત્ર માર્કર્સ દ્વારા તેમની ક્ષમતા જોવી ન જોઈએ.

6. **નિષ્ફળતાને સ્વીકારવાની સહેજતા શીખવવી :**

નવાઈઓ શોધતાં બાળકોએ ઘણીવાર નિષ્ફળતા પણ સહન કરવી પડે છે. આવા સમયે માતા-પિતાએ તેમને સમજાવવું જોઈએ કે નિષ્ફળતા એ સફળતાની ચાવી છે. "તું શીખ્યો શું?" - આવા પ્રશ્નો બાળકને વિચારીને આગળ વધવા માટે પ્રેરણા આપે છે.

7. **સમય અને અવકાશ આપવો :**

બાળકને વિચારવા, રમવા અને કુદરતી રીતે ઊછરવા માટે સમય આપવો ખૂબ જરૂરી છે. દરેક ક્ષણને તકો અને આયોજનથી ભરેલી રાખશો તો બાળકની સ્વતંત્ર વિચારશક્તિ ઘટી શકે છે.

- તક આપોઃ
- એકલું રમવું
- કુદરતી વસ્તુઓ સાથે સમય વિતાવવો
- કૃત્રિમ રમકડાંની જગ્યાએ ખાલી ડબ્બા, પેપર, પાટલા જેવી વસ્તુઓ આપવી

8. **મલ્ટિ-ડિસિપ્લિનરી અનુભવ અપાવવો :**

બાળકને વિવિધ કળા, વિષય અને અનુભવો મળવા જોઈએ. તેઓ સંગીત, નૃત્ય, ચિત્રકલા, વિજ્ઞાનપ્રયોગ, રવિવાર બજાર, કુદરતી મુલાકાત વગેરેમાંથી વિવિધ શિક્ષણ મેળવે છે.

9. **સરખામણીથી બચવું :**

'પડોશનો રાજ કવિ છે, તું કેમ નથી?' એવી વાતો બાળકને હેરાન કરે છે. દરેક બાળક અલગ હોય છે. તેની યાત્રા પોતાની હોય છે. માતા-પિતાએ તેમની પોતાની આગવી ઓળખ વિકસાવવામાં મદદ કરવી જોઈએ.

10. **ટૅક્નોલૉજી અને સોશિયલ મીડિયાથી સાવધ રહો :**

સર્જનાત્મકતા માટે ખુલ્લું આકાશ અને આંતરિક શાંતિ જરૂરી છે. સતત મોબાઇલ, ટીવી અને ગેઈમ્સમાં ફસાયેલા બાળકની કલ્પનાશક્તિ શૂન્ય થતી જાય છે. માતા-પિતાએ ટૅક્નોલૉજીનો મર્યાદિત ઉપયોગ કરાવવો જોઈએ.

11. **સહાનુભૂતિ અને સંવેદનશીલતા વિકસાવવી :**

સર્જનાત્મક બાળક અન્ય લોકોના લાગણીઓને ઝડપથી સમજવાની ક્ષમતા ધરાવતું હોય છે. માતા-પિતાએ સહાનુભૂતિનાં મૂલ્યો ઘેરથી શરૂ કરી શિખવાડવા જોઈએ.

12. **રચનાત્મક પ્રવૃત્તિઓમાં સહભાગી થવું :**

બાળક સાથે સાથે ચિત્ર દોરવું, વાર્તા બનાવવી, સાથે સાથે ગીત ગાવું, થિયેટર જવું - આવા અનુભવ બાળક માટે પ્રેરણાના સ્રોત બની શકે છે.

13. **સામાન્યશિક્ષણ કરતાં જીવનશિક્ષણ વધુ મહત્વનું :**

શિસ્ત, સહકાર, ધૈર્ય, સંવાદ, સંયમ - આ બધું જીવનશૈલીની એ રચનાઓ છે જે સર્જનાત્મક બાળકના માટે આધાર સ્તંભ બની શકે. માત્ર પુસ્તકવાંચન નહિ પણ જીવન સાથે જીવવા માટે બાળકને પ્રેરિત કરવું જોઈએ.

14. **ઊંડા સ્નેહભર્યા સંબંધો :**

સર્જનાત્મક બાળકોને ભાવનાત્મક ટેકો ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે. માતા-પિતાનો વિશ્વાસ, પ્રેમભર્યું વલણ, સુરક્ષાનું વાતાવરણ બાળકોને 'સ્વ'ની ઓળખ મેળવવામાં મદદરૂપ થાય છે.

**15. આત્મવિશ્વાસ વધારવા :**

દરેક નાની સફળતા પર બાળકને પ્રોત્સાહિત કરવું. તેઓ પોતાની અંદર શ્રદ્ધા અને વિશ્વાસ જગાવે.

ઉદાહરણ: "તું એકદમ અલગ વિચાર કરતો છો, મઝા આવી!"

**16. બાળકની ભાવનાઓને માન્યતા આપવી :**

- બાળકના વિચારો અને લાગણીઓને તુચ્છ ન ગણી નાખો.
- તેનો દૃષ્ટિકોણ સમજવાનો પ્રયત્ન કરો.
- બાળક શું વિચાર કરે છે તે સાંભળો અને ગંભીરતાથી લો.

**17. પ્રશ્નો પૂછવા અને વિચાર કરવા પ્રેરણા આપવી :**

- બાળકના 'શું? કેમ? કેવી રીતે?' જેવા પ્રશ્નોનો સકારાત્મક રીતે જવાબ આપો.
- તેના વિચારોનું દમન ન કરો, પરંતુ નવા દૃષ્ટિકોણ આપો.

**18. વિચાર અને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવી :**

- બાળકને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા આપો.
- તેને રંગો, રેખાઓ, ગીતો કે વાર્તાઓ દ્વારા પોતાની લાગણીઓ વ્યક્ત કરવા તક આપો.

**19. અન્વેષણ અને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવું :**

- ઘરનું વાતાવરણ સાહિત્ય, સંગીત, ચિત્રકલા અને કૃતિઓથી સમૃદ્ધ બનાવો.
- બાળકો માટે આત્મવિશ્વાસભર્યું વાતાવરણ રચો જ્યાં તે ભૂલો કરવાનું ગભરાય નહીં.

**20. અહિંસક અને સકારાત્મક પ્રતિસાદ આપવો :**

- જો બાળક કંઈક અજમાવે અને તે સફળ ન થાય તો તેને શાબાશી આપો કે તેણે પ્રયત્ન કર્યો.
- તીવ્ર ટીકા ન કરો, કારણ કે એ તેના આત્મવિશ્વાસને ઘટાડે છે.

**21. મદદ કરતાં કરતાં ખૂબ નિયંત્રણ ન રાખવું :**

- બાળકોને સંપૂર્ણ માર્ગદર્શન આપવું યોગ્ય છે, પણ દરેક પગલે નિયંત્રણ રાખશો તો સર્જનાત્મકતા ઓછી થાય છે.
- તેમને પોતે વિચારવા, શોધવા અને અમલ કરવા માટે મોકો આપો.

**22. નવા અનુભવનો અવસર આપવો :**

- બાળકોને સંગીત, રંગભૂમિ, વિજ્ઞાન પ્રદર્શનો, પુસ્તક મેળા, ઉદ્યાન, વગેરે જગ્યાએ લઈ જાઓ.
- જુદી જુદી પ્રવૃત્તિઓ (drawing, drama, music, craft, science projects)માં ભાગ લેવા પ્રોત્સાહિત કરો.

**23. તમારું પોતાનું વર્તન પણ સર્જનાત્મક રાખવું :**

- માતાપિતા પોતે પણ વાંચન કરે, ચિત્ર ઊભું કરે, કંઈક નવું શીખતાં હોય તો બાળક પ્રેરણા લેશે.
- ઘરમાં સાહિત્ય, હાસ્ય, શાંતિ અને નવી બાબત શીખવા માહોલ રાખો.

**24. તુલના અને દબાણથી દૂર રાખવું :**

- 'બીજું બાળક એ સારું કરે છે' આવી તુલનાઓ ત્યજી દો.
- દરેક બાળક અનન્ય છે અને તેની પોતાની ધૂન અને ક્ષમતા છે.

**25. વિમર્શ અને આત્મમંથન માટે સમય આપવો :**

- બાળક સાથે 'આ રીતે કેમ થયું?', 'તમે શા માટે આવું વિચાર્યું?' જેવા પ્રશ્નો ઉપર ચર્ચા કરો.
- આથી બાળકની વિવેચનશીલ વિચારશક્તિ વિકસે છે.

સર્જનાત્મક બાળકો સમાજ માટે ભવિષ્યના વિચારક, વૈજ્ઞાનિક, કલાકાર કે નેતા બની શકે છે. પણ તેની માટે માતા-પિતાનાં સમજદારીપૂર્વકનાં માર્ગદર્શન અને સહયોગ અનિવાર્ય છે. એમના વિચારોને દબાવવાને બદલે તેમને પાંખ આપો - આ પાંખો તેમને વિશ્વના સૌથી ઊંડા વિચારો તરફ ઊડવાની ક્ષમતા આપશે.

# "સર્જનાત્મક બાળમન: 21મી સદીના આત્મનિર્ભર ભારત માટેની ચાવી"



- ડૉ. તેજસ એ. ઠક્કર
આસિ. પ્રૉફેસર- એસ. વી. કૉલેજ
ઑફ એજ્યુકેશન, કડી.
મો. ૯૪૦૮૦૨૨૪૭૭

આજની 21મી સદી એ એવી સદી છે જ્યાં સમગ્ર વિશ્વ એક 'વિશ્વગામ' બની ચૂક્યું છે. ગમે તે ભારત હોય કે અમેરિકા, ચીન કે યુરોપ, ઇન્ટરનેટ, મોબાઈલ અને ડિજિટલ મીડિયા દ્વારા લોકો અત્યારે તરત કનેક્ટ થઈ શકે છે અને એકબીજાથી ઘનિષ્ઠ રીતે જોડાયેલા છે. આ સ્થિતિમાં માત્ર કઠોર જ્ઞાન કે માધ્યમનું જ્ઞાન પૂરતું નથી, પરંતુ "વિચારશક્તિ" (Creative Thinking) ને વધુ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. કારણ કે આધુનિક યુગમાં, કોઈ પણ વ્યવસાય કે ક્ષેત્રમાં સફળ થવા માટે નવીનતાનો (Innovation) અને સર્જનાત્મકતાની હાજરી હોવી જરૂરી છે.

ભારત માટે આ એક અનમોલ તક છે, કેમકે આપણા દેશનો મોટા ભાગનો ભાગ યુવા છે - લગભગ 65% લોકો 35 વર્ષથી નીચેની વયના છે અને 50% લોકો તો 25 વર્ષની ઉંમરથી પણ ઓછા છે. આ 'યુવા ભારત' એક વિશાળ શક્તિસ્રોત છે, જો સાચું માર્ગદર્શન અને યોગ્ય પ્રોત્સાહન મળ્યું તો વિશ્વને ગર્વ કરતા દેશનું સ્વપ્ન પૂરું કરી શકે છે.

સર્જનાત્મકતા એટલે કે માત્ર કલા કે લેખનકલા સુધી મર્યાદિત નથી, પરંતુ તે "સમસ્યાઓને જુદા દૃષ્ટિકોણથી જોવાની અને તેના માટે નવી રીતો શોધવાની માનસિક ક્ષમતા" છે. આ ક્ષમતા 21મી સદીમાં દરેક ક્ષેત્રમાં જરૂરી છે - વ્યવસાય, ટૅક્નોલૉજી, આરોગ્ય, શિક્ષણ, કલા, સંસ્કૃતિ અને સામાજિક ન્યાય વગેરેમાં.

**સર્જનાત્મકતાની વ્યાખ્યા અને વ્યાપકતા :**

વિજ્ઞાનદૃષ્ટિએ, સર્જનાત્મકતા એટલે "મૂળભૂત રીતે જુદા પ્રકારના વિચારોનું જ્ઞાન સાથે જોડાણ કરવાનું કૌશલ્ય." એટલે કે, કોઈ પણ બાબતને 'Out of the Box' જોઈ શકવાની અને તેના માટે જુદી રીતે વિચારીને ઉકેલ લાવવામાં સર્જનાત્મકતા છે.

તે એક બુદ્ધિપ્રક્રિયા છે જે ગંભીર વિષયોમાં પણ નવી દિશા આપતી હોય છે.

સર્જનાત્મકતા "IQ" કરતા "CQ" (Creativity Quotient) પર વધુ આધાર રાખે છે.

ઉદાહરણઃ આઈન્સ્ટાઈનના સિદ્ધાંતોમાં પણ તેમણે કલ્પના (imagination)ને જ્ઞાન કરતાં મહત્ત્વ આપ્યું હતું. "Imagination is more important than knowledge."

**શિક્ષણક્ષેત્રમાં સર્જનાત્મકતા :**

શિક્ષણપદ્ધતિ હવે Chalk & Talk ની નહીં રહી. બાળકોમાં અભ્યાસ માટે ઉત્સુકતા જાળવી રાખવી હોય તો શિક્ષણ હવે અનુભવ આધારિત, પ્રશ્ન આધારિત અને પ્રોજેક્ટ આધારિત હોવું જોઈએ.

Inquiry-Based Learning: વિદ્યાર્થી પોતે પ્રશ્ન ઊભો કરે અને તેનું ઉત્તર શોધે.

Design Thinking: વિદ્યાર્થીઓ સમસ્યા ઓળખે, તેની પર ચર્ચા કરે, અને ઉકેલ શોધે.

Multiple Intelligences Theory: દરેક બાળકમાં અલગ પ્રકારની બુદ્ધિ હોય છે - મ્યુઝિકલ, લોજિકલ, ઇન્ટરપર્સનલ વગેરે - અને શિક્ષણ એ મુજબ આપવું જોઈએ.

વિશ્વસ્તર પર આ પદ્ધતિઓ સફળ સાબિત થઈ છે, જે બાળકોને પ્રવૃત્તિથી પ્રેરિત અભ્યાસ તરફ ખેંચે છે.

**શૈશવકાળમાં સર્જનાત્મકતા કેમ જરૂરી છે?**

શૈશવ અવસ્થા એ 'બેઝલાઈન બ્રેઈન ડેવલપમૅન્ટ'નો સમય છે. આ સમયગાળામાં મગજમાં 80% ન્યુરલ કનેક્શન્સ ઊભાં થાય છે.

જો આ ઉંમરે બાળકને Only rote-learning

આપવામાં આવે, તો તેની વિચારશક્તિ નબળી પડે છે. પરંતુ જો તે રેખાંકન કરે છે, રમતોમાં નવી રીત શોધે છે - તો તે મગજના બંને ભાગોને (creative + logical) એકસાથે વિકસાવે છે. અભિવ્યક્તિ (expression) જેટલી વહેલી ઉંમરે થાય, બાળક એટલો આત્મવિશ્વાસી બને છે.

**બાળકોમાં સર્જનાત્મકતા વિકસાવનારાં મુખ્ય તત્ત્વો :**

**સુરક્ષિત વાતાવરણઃ** બાળક કોઈ પણ વિચાર મૂકે ત્યારે તેના પર હસવું કે એને અયોગ્ય કહેવું નહીં. એને 'વિચારો મુક્તપણે મૂકવાની જગ્યા' આપવી જોઈએ.

**પ્રશ્નો પૂછી શકવાની છૂટઃ** બાળકો ક્યારેક "હવે શું થશે?", "આ કેમ થાય છે?" જેવા પ્રશ્નો કરે છે. એનો જવાબ કે "શાંતિથી બેઠા રહો" નહીં, પણ તેમને સમજાવવું - આ જ (Critical) થીંકિંગનું બીજ છે.

**કળાઓમાં ભાગ લેવો :** નૃત્ય, સંગીત, ચિત્રકલા, નાટક - દરેક કલા બાળકના અલગ અંગને જીવન આપે છે.

**ટૅક્નોલૉજીનો સર્જનાત્મક ઉપયોગ :** માત્ર TikTok કે Gaming માટે નહીં, પણ Drawing apps, Coding tools, Canva, AI tools દ્વારા રચનાત્મકતાને આકાર આપવો.

**માતા-પિતા અને શિક્ષકનું સહયોગી વલણઃ** જ્યારે બાળકની નાની સફળતાને ઉલ્લાસપૂર્વક ઊજવાય છે ત્યારે એ તેના માટે પાંખ સમાન સાબિત થાય છે.

**ટૅક્નોલૉજી અને સર્જનાત્મકતાઃ સંવાદનો નવો યુગ :**

21મી સદીના બાળકો 'ડિજિટલ નેટિવ્સ' છે. ટૅક્નોલૉજી એ હવે માત્ર મનોરંજન માટે નહીં, પણ અભિવ્યક્તિ અને સર્જન માટેનું એક શક્તિશાળી સાધન બની ગઈ છે.

**પેરેન્ટ્સ અને શિક્ષકોની ભૂમિકાઃ સહભાગી નહીં, માર્ગદર્શક :**

એક બાળક શું બનશે, તે સૌથી વધુ તેનાં પેરેન્ટ્સ અને શિક્ષકના વલણ પર નિર્ભર રહેશે.

આ બંનેના માટે 'Guides on the Side' થવાનું જરૂરી છે, 'Sages on the Stage' નહિ.

**પેરેન્ટ્સ :**

બાળકોને ખોટા નહીં પાડો - સાંભળો.

તેમની દરેક નાની સિદ્ધિ પર ગર્વ અનુભવવો.

મોટે ભાગે બાળક પેરેન્ટ્સની પ્રશંસાથી જ આત્મવિશ્વાસ મેળવે છે.

**શિક્ષક :**

"ખરાબ પાસાં" શોધવા કરતાં "અદૃશ્ય ક્ષમતાઓ" શોધવી.

પ્રેરણા અને માર્ગદર્શન સાથે પસંદગીના વિકલ્પો આપવા.

**ભાવનાત્મક સલામતી આપવી :**

'બાળક માત્ર ગુણમાં નહીં, પણ પ્રયત્નોમાં પણ આગળ વધી શકે છે - જ્યારે તેને મજબૂત સહારો મળે.'

**સર્જનાત્મક બાળક અને આત્મનિર્ભર ભારતઃ મજબૂત તંતુ**

જ્યાં સર્જનાત્મકતા હોય છે ત્યાંઃ

નવી વિચારો પેદા થાય છે,

નવી પદ્ધતિઓ વિકસે છે,

અને સમસ્યાઓને નવો દૃષ્ટિકોણ મળે છે.

**સર્જનાત્મકતાનો પ્રભાવ ચાર મુખ્ય ક્ષેત્રોમાં પડે છે :**

શિક્ષણઃ બાળક પડકારોને વધારાની તક માને છે.

વ્યવસાયઃ નવી સેવા કે ઉત્પાદન માટે વિચારશીલતા વિકસે છે.

સમાજઃ વ્યક્તિ વધુ જવાબદાર અને સમાજ-ઉપયોગી બને છે.

અર્થતંત્રઃ સ્ટાર્ટઅપ્સ અને નવીન વિચારોથી અર્થતંત્ર ધબકે છે.

આવાં બાળકો રટણ નહીં કરે - વિચારશે, અવલોકન કરશે અને ઉકેલો શોધશે. આ જ છે આત્મનિર્ભરતા.

# 'બાળવિશ્વ' વિશે

- ❖ 'બાળવિશ્વ'નું વાર્ષિક લવાજમ વાર્ષિક રૂા. **500/-** છે, જે બાજુમાં દર્શાવેલા QR કોડ અથવા નેટ બૅન્કિંગથી ભરી શકાશે.
- ❖ લવાજમ ભરવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વેબસાઇટ **www.cugujarat.ac.in** જુઓ.
- ❖ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ખાસ કાળજી રાખીને કુરિયર/પોસ્ટ દ્વારા અંકો મોકલવામાં આવે છે. છતાં અંક ન મળે તો અમારા ઈ-મેલ balvishva@cugujarat.ac.in પર જણાવવા વિનંતી.
- ❖ **લેખ મોકલવા માટે પત્રવ્યવહાર :** તંત્રીશ્રી, બાળવિશ્વ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-20, ગાંધીનગર- 382 021.

  ઈ-મેલ : **balvishva@cugujarat.ac.in** વોટ્સએપ નંબર : **9429297737**
- ❖ લેખકોએ પોતાની પ્રત્યેક કૃતિ કે લેખની નીચે પોતાનું નામ, હોદ્દો, પૂરું સરનામું, મોબાઇલ નંબર, ફોટો અને ઇ-મેલ અચૂક લખવાં. જો કૃતિ પૂર્વે પ્રકાશિત થયેલી હોય તો તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. લેખ પ્રકાશન બદલ લેખકપ્રત મોકલવામાં આવે છે.
- ❖ 'બાળવિશ્વ' એ થીમ આધારિત સામાયિક હોવાથી થીમને અનુરૂપ જ લેખનસામગ્રીને અંકમાં સ્થાન આપવામાં આવશે.
- ❖ સોફ્ટ કોપીમાં લેખ મોકલનારે ગુજરાતીમાં શ્રુતિ ફોન્ટ 12 ની સાઇઝમાં મોકલવો.
- ❖ 'બાળવિશ્વ' માં પ્રગટ થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે. સંપાદક કે તંત્રી એની સાથે સંમત છે એવું માનવું નહિ.
- ❖ જે તે લેખકે પોતાના સ્વ-રચિત કે મૌલિક લેખો જ મોકલવા. આ અંગે કોઈની નકલ કે ઉતારો કરેલ હશે તો આ અંગે ઊભા થતા વિવાદ અંગે જે તે લેખક જવાબદાર રહેશે.
- ❖ 'બાળવિશ્વ' માટે આવેલા લેખો સંપાદક મંડળ દ્વારા રિવ્યૂ કરવામાં આવશે. રિવ્યૂમાં પસંદ થયેલા લેખો જ છાપવામાં આવશે.

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## તપોવન અને શિશુપરામર્શન કાઉન્સેલર્સ માટે એક દિવસીય પ્રશિક્ષણ કાર્યશાળા



પ્રિનેટલ કેર અને ટોડલર એજ્યુકેશન વિભાગ દ્વારા સંચાલિત તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર અને શિશુ પરામર્શન કેન્દ્ર સાથે જોડાયેલી ૧૬ સંસ્થાઓના કાઉન્સેલર્સ માટે એક દિવસીય પ્રશિક્ષણ કાર્યશાળાનું આયોજન થયું. તાલીમાર્થીઓને તપોવન ગર્ભસંસ્કાર અને શિશુપરામર્શન કેન્દ્રોની કામગીરી અને પદ્ધતિ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

## એક દિવસીય 'STEM વર્કશોપ'નું આયોજન




## વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ




## વિદ્યાવાટીકામાં તા. ૩ ઓગસ્ટના રોજ વાલીસંવાદ કાર્યક્રમ યોજાયો




## ફીટ ઈન્ડિયા મુવમેન્ટ હેઠળ ખાદ્યતેલના પ્રમાણસર વપરાશ અંગે જાગૃતિ કાર્યક્રમ



## પેરેન્ટિંગ ટોક ઓનલાઇન વ્યાખ્યાન




ડિપાર્ટમેન્ટ ઓફ કમ્યુનિટિ એન્ડ સ્પેશ્યલ એજ્યુકેશન દ્વારા પેરેન્ટિંગ ટોક અંતર્ગત ડૉ. કનુભાઈ કરકરનું વ્યાખ્યાન યોજાયું. તેઓએ સહજશૈલીમાં વાસ્તવિક અનુભવો સાથે પેરેન્ટ્સની સમસ્યાઓના ઉકેલ આપ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં માતા-પિતા જોડાયા હતા.

RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013
SSPOS Gandhinagar No. G-GNR-300. Licence valid upto 31-12-2025.
Published on 15th of every month and Posted on 20th of every month at SRO GNR.
Licence to Post without Prepayment No. PMG/HQ/108/2020-2022 Valid upto 31-12-2025.



Book-Post

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, રાજભવનની નજીક, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧
ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ ● ઈ-મેલ : balvishva@cugujarat.ac.in ● વેબસાઈટ : www.cugujarat.ac.in
@crugandhinagar